
વર્ષ : ૬૬ ■ અંક : ૭ ■ તા.૦૧-૦૪-૨૦૨૬

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



## Uniform Civil Code (UCC)

## ગુજરાતના ગૌરવશાળી ઇતિહાસમાં સુવર્ણ અધ્યાયનું આલેખન

सत्यमेव जयते
ગુજરાત સરકાર



# ગુજરાતમાં લોકસેવાનો સૂર્યોદય

# હવે કોઇ લાઇન નહીં પણ ઓનલાઇન



માનનીય વડાપ્રધાન
**શ્રી નરેન્દ્રભાઈ મોદી**ના
'ડિજિટલ ઈન્ડિયા' વિઝનને સાકાર કરતું
ગુજરાતનું વધુ એક મક્કમ પગલું

## Sugam Digital Gujarat

## મુખ્ય સુવિધાઓ

- હવે આવકનો દાખલો, જ્ઞાતિનું પ્રમાણપત્ર અને રાશન કાર્ડ મળશે ઘરે બેઠાં
- 'કોમન એપ્લિકેશન ફોર્મ' દ્વારા વિગતો વારંવાર ભરવામાંથી મુક્તિ
- આધાર વેરિફિકેશનને કારણે ઓળખના પુરાવા રજૂ કરવામાંથી આઝાદી
- પ્રમાણપત્રો મેળવો સીધા તમારા WhatsApp પર
- સરકારી ફી ભરવા માટે સુરક્ષિત અને સરળ UPIની સુવિધા

**આ માત્ર ટેક્નોલોજી નહીં પરંતુ 'ઈઝ ઓફ લિવિંગ' સાકાર કરતું એક મોટું વહીવટી પરિવર્તન છે, જે માનવ કલાકોની બચત કરી ઑનલાઇન સેવાઓથી જીવનને વધુ સરળ બનાવશે.**




"સુગમ ડિજિટલ ગુજરાત દ્વારા હવે દરેક સરકારી સેવા ઘરના આંગણે પહોંચશે,
જે સમયની બચત સાથે સૌના વિકાસ અને પ્રગતિનો નવો પથ કંડારશે."
**- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**Gujarat**

The Reliable fortnightly of Gujaratis

**Year : 66 ◆ Issue : 7 ◆ Date : 1 - 4 - 2026**

**તંત્રી** : કે. એલ. બચાણી

**સહતંત્રી** : ડૉ. સંજય કચોટ

**કાર્યવાહક તંત્રી** : જયેશ દવે

**સંપાદક** : મનીષા વાઘેલા

**સહસંપાદક** : બેલા મહેતા, અરુણા ડાવરા, નીરવ રાવલ

**કલાનિર્દેશક** : જસ્મીન દવે

**લેઆઉટ ડિઝાઇન** : મૌલિક એમ. રાજપૂત

**વિતરણ વિભાગ** : મિલન બેરા, દિવ્યરાજસિંહ ઝાલા

**ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી**

**વિતરણ** : ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨

**ફરિયાદ એડ્રેસ** : gujaratpaxik1@gmail.com

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦. ◆ ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ ₹ ૫૦-૦૦ ◆ 48 + 4 Cover = Total 52**


રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

**'ગુજરાત' પાક્ષિકનું ઓનલાઇન લવાજમ ભરવા માટે આ QR કોડ સ્કેન કરો.**

**આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે**
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી કમિશનરશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.


**માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સરકારી ફોટો લિથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત**


# શબ્દશઃ



- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદારસાહેબના એક અને અખંડ ભારતના સપનાને સાકાર કરવા "એક ભારત, શ્રેષ્ઠ ભારત"નો વિચાર આપ્યો છે. એ એક ભારત, શ્રેષ્ઠ ભારત જ યુસીસીનું હાર્દ છે.
- વડાપ્રધાનશ્રીએ આર્થિક પ્રગતિની સાથે સમાજના તમામ વર્ગોના કલ્યાણ તથા સામાજિક સમરસતા સાથેના વિકાસની નેમ રાખી છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં ઉચ્ચશિક્ષણની સંસ્થાઓમાં સતત વધારો થયો છે.
- ભારતે છેલ્લા એક દાયકાથી ગ્લોબલ નૉલેજ અને એજ્યુકેશન સેક્ટર માટે ક્રાંતિકારી પગલાં ભર્યાં છે.
- વિકાસની મુખ્ય ધારામાં છેવાડાના માનવીને જોડવો એ જ સરકારની પ્રાથમિકતા છે.
- ગુજરાત ટ્રેડ એન્ડ ટ્રેડિશનથી આગળ વધીને ગ્લોબલ ઇકોનૉમિક અને નૉલેજ સેન્ટર તરીકે ઊભરી રહ્યું છે.
- આદિવાસી વિસ્તારોમાં પાણીના પાણીદાર આયોજનથી વિકાસની નવી દિશા આપવાની સરકારની નેમ છે.
- અંતરિયાળ વિસ્તારોમાં મલ્ટિસ્પેશિયાલિટી હૉસ્પિટલોની સંખ્યા વધશે અને સ્થાનિક લોકોને ઘરઆંગણે શ્રેષ્ઠ સારવાર ઉપલબ્ધ થશે.
- ગિફ્ટ સિટીમાં ફાઇનાન્સિયલ સર્વિસિસ, ટેક્નોલૉજી અને એજ્યુકેશનનું અનોખું સંકલન થયું છે.
- NIFT, NID, IIT-ગાંધીનગર, ડીએ-આઇ.આઇ.સી.ટી., નાઇપર જેવી પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત થવાથી ગાંધીનગર હવે એજ્યુકેશનનું નેશનલ હબ બન્યું છે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યના અંશો)

**આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.**

## આકર્ષણ


૮ કવર સ્ટોરી



૧૪ વિકાસયાત્રા



૨૮ વિકાસ દર્પણ






૬ પ્રતિભાવ




૭ સંવાદ



૨૬ ચિત્રવીથિકા

૩૦ વાત વિધાનસભાની

૩૬ સંક્ષિપ્ત સમાચાર

૩૮ સમાચાર વિશેષ

૪૦ નિર્ણય

૪૫ સ્વદેશી

૪૬ પ્રાકૃતિક કૃષિ

૪૭ અવનવું

૪૮ ઝૂમ-ઇન

૪૯ જાણકારી

૫૦ પ્રેરણા

## સર્વાંગી વિકાસ સાથે સામાજિક સમરસતાનો સૂર્યોદય



પોતાની આગવી સંસ્કૃતિ અને આધુનિક વહીવટી તંત્રના સુમેળથી જ્યારે કોઈ રાજ્ય પ્રગતિ કરે છે, ત્યારે તે પથદર્શક બની જાય છે. અત્યારે ગુજરાતમાં કંઈક આવો જ માહોલ જોવા મળી રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના મંત્રને ચરિતાર્થ કરી રહી છે.

તાજેતરમાં વિધાનસભામાં રજૂ થયેલું 'ગુજરાત યુનિફોર્મ સિવિલ કોડ (UCC) બિલ-2026' એ માત્ર કાનૂની દસ્તાવેજ નહીં, પરંતુ સામાજિક એકતાનું પ્રતીક છે. ઋગ્વેદના એકતાના મંત્રોથી લઈને બંધારણની કલમ ૪૪ સુધીની યાત્રાને આ બિલ ન્યાય આપે છે. જાતિ, ધર્મ કે લિંગના ભેદભાવ વગર દરેક નાગરિકને સમાન અધિકાર મળે અને ખાસ કરીને મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત થાય તે દિશામાં ગુજરાતની આ એક ક્રાંતિકારી પહેલ છે.

રાજ્ય સરકારે ક્ષેત્રીય વિકાસને પણ નીતિ નિર્ધારણથી નવી દિશા આપી છે. ગુજરાતના વિકાસની ટ્રેન અત્યારે 'ડબલ એન્જિન'ના પાવરથી પૂરપાટ દોડી રહી છે. દક્ષિણ ગુજરાતના રૂ.૧૧૮૫ કરોડના માર્ગ પ્રોજેક્ટ્સ હોય કે પૂર્વ પટ્ટીના આદિવાસી જિલ્લાઓને સાંકળતાં રૂ. ૧૧૦૦ કરોડનાં વિકાસકામો હોય, રાજ્યના દરેક ખૂણે સમૃદ્ધિ પહોંચી રહી છે. અમદાવાદ અને સુરત મેટ્રો માટેના નવા ઑર્ડર અને એસ.ટી. નિગમમાં નવી ૧૮૨ બસોનો ઉમેરો એ પરિવહનની ઉત્કૃષ્ટ સેવા માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

ડિજિટલ ક્રાંતિના યુગમાં 'સુગમ ડિજિટલ ગુજરાત' પહેલ દ્વારા સરકારી સેવાઓને આંગળીના ટેરવે લાવીને ગુજરાતે વહીવટી તંત્રને 'ફેસલેસ અને પેપરલેસ' બનાવ્યું છે. આ ઉપરાંત, દિવ્યાંગોને સહાય, શ્રમિકો માટે 'ધન્વંતરિ રથ' અને ખેડૂતો માટે સિંચાઈની વ્યવસ્થા એ સંવેદનશીલ સરકારની ઓળખ છે. ખેતીમાં પણ 'પ્રાકૃતિક કૃષિ ગ્રામ' જેવી યોજનાઓ પર્યાવરણ અને સ્વાસ્થ્ય બંનેની રક્ષા કરશે.

ઉડ્ડયન ક્ષેત્રે મળેલો 'MRO સ્ટેટ ઑફ ધ યર એવૉર્ડ' એ સાબિત કરે છે કે ગુજરાત માત્ર પરંપરાગત ઉદ્યોગોમાં જ નહીં, પણ ભવિષ્યની ટૅક્નૉલોજીમાં પણ દેશનું નેતૃત્વ કરી રહ્યું છે. સુશાસન, સમાનતા અને નિરંતર વિકાસની ત્રિવેણીથી ગુજરાત "વિકસિત ગુજરાતથી વિકસિત ભારત"ના સ્વપ્નને ચોક્કસપણે સાકાર કરશે.

આ સાથે વર્તમાન અંકમાં વિધાનસભાની વાતથી માંડીને સાફલ્યગાથા સુધીનું વાંચન વૈવિધ્ય વાચકોને ગમશે એવો મને વિશ્વાસ છે.

જય જય ગરવી ગુજરાત...

**- કે. એલ. બચાણી,** આઇ.એ.એસ.
**માહિતી કમિશનર**

## ઉઠાવો કલમ
# પ્રતિભાવ

**આગામી અંક માટે વાચકોએ 'ગુજરાત પાક્ષિક' અંગે પોતાના વિચારો ૧૫૦થી ૨૦૦ શબ્દોમાં gujaratmagazine@gmail.com આ ઇમેલ આઇડી અથવા બ્લોક નં. ૧૯/૧, માહિતી કમિશનરની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે મોકલવાના રહેશે.**

'જે વાંચે છે એ વિચારે છે, જે વિચારે છે એ વિકસે છે. વિશ્વ પુસ્તક અને કોપીરાઇટ દિવસ દર વર્ષે ૨૩ એપ્રિલના રોજ ઉજવવામાં આવે છે. યુનેસ્કો દ્વારા જાહેર કરાયેલ આ દિવસનો મુખ્ય ઉદ્દેશ વાંચન, પ્રકાશન અને કોપીરાઇટ વિશે જાગૃતિ લાવવાનો છે. પુસ્તકો વાંચવા બાબતે જાગૃતિ ફેલાવવા આ દિવસ ઉજવાય છે. પુસ્તક એ આપણા ટેરવાનું ચાર્જર છે. પ્રત્યેક પુસ્તક એક સેલ્ફ-હેલ્પ પુસ્તક હોય છે. તે તમને કોઈને કોઈ રીતે મદદ કરી જ જાય છે ફિક્શન આપણને જીવનની એકવિધતામાંથી છૂટકારો આપે, સાયન્સ ફિક્શન આપણને ભવિષ્યની કલ્પના કરવાનું, ફિલસૂફીનાં પુસ્તકો માન્યતાઓ સામે પ્રશ્ન કરતા શીખવે, સાહિત્ય માનવીય સંવેદનાઓમાં ઊંડાણમાં લઈ જાય, ઇતિહાસનાં પુસ્તકો દુનિયાને આકાર આપનારી ઘટનાની સમજ વિકસાવે, ફેન્ટસીનાં પુસ્તકો આપણે જ્યાં જઈ શકવાના નથી તેવી દુનિયાનો પરિચય કરાવે, મહાન લોકોના જીવન-ચરિત્રોમાંથી બોધપાઠ મળે .

– **નિકુલ વઘાસીયા** (સુરત)

પુસ્તકો એ શબ્દોના દર્પણમાં જીવનનું પ્રતિબિંબ છે. પુસ્તકો એવા વિમાન, ટ્રેન અને રસ્તાઓ છે, જે તમને ઘરે બેઠા જ આખી દુનિયાની સફર કરાવે છે. વિશ્વ પુસ્તક દિવસ માત્ર કાગળ અને શાહીનો ઉત્સવ નથી, પરંતુ જ્ઞાન, કલ્પના અને સંસ્કૃતિનો મહોત્સવ છે. આ દિવસ આપણને ટેક્નોલૉજીના યુગમાં પણ પુસ્તકોનું સ્થાન અજોડ છે તેનું સ્મરણ કરાવે છે. પુસ્તક એ માણસનો સર્વશ્રેષ્ઠ મિત્ર છે. જ્યારે દુનિયા સાથ છોડી દે છે, ત્યારે પુસ્તકના પાનાઓ આપણને નવી આશા આપે છે. એક સારું પુસ્તક વાંચવું એટલે કોઈ મહાન વ્યક્તિ સાથે સંવાદ કરવા સમાન ઘટના છે. ગાંધીજીના 'સત્યના પ્રયોગો' હોય કે ઝવેરચંદ મેઘાણીની 'સૌરાષ્ટ્રની રસધાર', દરેક પુસ્તક આપણને જીવન જીવવાની નવી દ્રષ્ટિ આપે છે. આજના સોશિયલ મીડિયાના દોરમાં આપણી એકાગ્રતા ઘટતી જાય છે. એવામાં 'રીડિંગ કલ્ચર' (વાંચન ભૂખ) જાળવી રાખવી ખૂબ જરૂરી છે. પુસ્તકો માત્ર માહિતી નથી આપતા, તે આપણા વ્યક્તિત્વનું ઘડતર કરે છે, આપણી ભાષા સુધારે છે અને સૌથી અગત્યનું - તે આપણને સંવેદનશીલ બનાવે છે.

આ વિશ્વ પુસ્તક દિવસે આપણે એક સંકલ્પ કરીએ: ભલે દિવસની માત્ર પાંચ મિનિટ મોબાઈલથી દૂર રહી પુસ્તક વાંચીશું. યાદ રાખો, જે ઘર પુસ્તકોથી ભરેલું હોય છે, તે ઘર જ્ઞાનના પ્રકાશથી હંમેશા ઝળહળતું રહે છે. વાંચશે ગુજરાત, તો જ આગળ વધશે ગુજરાત!.

– **દિવ્યા પરમાર** (વડોદરા )

વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી પુસ્તકો વાંચવા લખવા, વિકસાવવા અને વસાવવા માટેની જાગૃતિ લાવવા માટે કરવામાં આવે છે. રવિન્દ્રનાથ ટાગોરે કહેલું, "આંખો સામે રહેતી વસ્તુઓના જ્ઞાન માટે પણ પુસ્તકો વાંચવા પડે છે." મન મંદિરના દ્વાર ઉઘાડવા વાંચન રૂપી ઘંટ સર્વશ્રેષ્ઠ છે. પુસ્તકો જેવો વફાદાર મિત્ર જીવનમાં બીજો કોઈ નથી. તેને બોલાવો ત્યારે હાજર અને તમે એનાથી દૂર જઈને તમારું એકાંત માણવા માગતા હો તો એ ચૂપચાપ બુકશેલ્ફ પર જઈને બેસી જાય. તમારે જે વિષયનું વાંચન કરવું હોય તેની છૂટ. ધર્મનું પુસ્તક હાથમાં લઈએ તો મર્ડર મિસ્ટરીની બુકને માઠું નથી લાગતું  અને કવિતાની ચોપડીને હાથમાં લેશો તો નવલકથાને ખોટું નહીં લાગે. તમે લાઈબ્રેરીમાંથી લાવીને પુસ્તકો વાંચતાં હો કે એક પુસ્તક પૂરું કરતાં તમને પૂરો એક મહિનો લાગતો હોય, કોઈ ફરક નથી પડતો. તમે વાંચનમાં કેટલા ઓતપ્રોત થઈ જાઓ છો એ મહત્ત્વનું છે. પુસ્તક વાંચતાં વાંચતાં ક્યારેક તમે તમારી કલ્પનાની સૃષ્ટિમાં ખોવાઈ જાઓ છો. પુસ્તક આપણને ડહાપણના ડુંગર પર લઈ જાય છે અને  માનસિક સ્થિરતા બક્ષે છે.

બાળકો અને યુવાનો વધુને વધુ વાંચે તો રાષ્ટ્રનો વિકાસ ખુદ ઈશ્વર પણ ન અટકાવી શકે. આ દિવસે કંઈક આવું પણ કરીએ તો પુસ્તકો વસાવીએ, ઘરની લાઈબ્રેરી સદ્ધર કરીએ. મહિનામાં નક્કી કરેલા પુસ્તકો વાંચવા જ એવો સંકલ્પ કરીએ, ઘરના સભ્યોને પુસ્તકો વાંચતા કરીએ, બાળકોને અવાર નવાર લાઈબ્રેરી દર્શન કરાવીએ, મિત્રો તેમજ સગા સંબંધીઓમાં પુસ્તકોના વિચારોનું આદાન-પ્રદાન કરીએ, શુભપ્રસંગે પુસ્તકોની ભેટ આપીએ, નજીકની લાઈબ્રેરીના સભ્ય થઈએ, ગુજરાતમાં સરસ પુસ્તક પરબો કાર્યરત છે તો તેનો નિયમિત લાભ લઈએ. અન્યોને પણ પુસ્તક પરબમાં જોડીએ.

**- મોનિકા સખીયા** (રાજકોટ)



# મન કી બાત

## માર્ચ ૨૦૨૬

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રેડિયોના માધ્યમ થકી દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે. આ સંપૂર્ણ લેખ વાંચવા માટે QR કોડ સ્કેન કરો...**

### જ્ઞાન ભારતમ્

દેશવાસીઓની જનભાગીદારીની ભાવનાને દર્શાવતો પ્રયાસ છે-'જ્ઞાન ભારતમ્ સર્વે', જેનો સંબંધ આપણી મહાન સંસ્કૃતિ અને સમૃદ્ધ વારસા સાથે છે. તેનો ઉદ્દેશ દેશભરમાં પ્રાપ્ય મૅન્યુસ્ક્રિપ્ટ અર્થાત્ પાંડુલિપિઓ વિશે જાણકારી એકત્રિત કરવાનો છે. આ સર્વે સાથે જોડાવાનું એક માધ્યમ જ્ઞાન ભારતમ્ ઍપ છે. તમારી પાસે જો કોઈ મેન્યુસ્ક્રિપ્ટ હોય, પાંડુલિપિ હોય અથવા તેના વિશે જાણકારી હોય તો તેનો ફૉટો 'જ્ઞાન ભારતમ્ ઍપ' પર જરૂર મૂકજો. દરેક એન્ટ્રી સાથે જોડાયેલી જાણકારીને અંકિત કરતાં પહેલાં તેની પુષ્ટિ પણ કરવામાં આવી રહી છે.

### T20 વિશ્વ કપ

ભારતે T20 વિશ્વ કપમાં ઐતિહાસિક જીત પ્રાપ્ત કરી તો દેશમાં બધી જગ્યાએ પ્રસન્નતાની લહેર દોડી ગઈ. પોતાની ટીમની આ શાનદાર સફળતા પર આપણને બધાને ખૂબ જ ગર્વ છે. ગત મહિનાના અંતે કર્ણાટકના હુબલીમાં એક ખૂબ જ રોચક સ્પર્ધા જોવા મળી. આ સ્પર્ધાને જીતીને જમ્મુ-કાશ્મીરની ક્રિકેટ ટીમે રણજી ટ્રૉફીને પોતાના નામે કરી લીધી. સૌથી આનંદની વાત એ છે કે લગભગ સાત દાયકાની લાંબી પ્રતીક્ષા પછી આ ટીમે પોતાનું પહેલું રણજી શીર્ષક જીત્યું.

### 'પરીક્ષા પર ચર્ચા'

પરીક્ષા પર ચર્ચામાં કેટલાક વિદ્યાર્થીઓએ મને જણાવ્યું હતું કે તેઓ વિજ્ઞાન ભણવા તો માગે છે, પરંતુ તેમને તેનાથી ડર પણ લાગે છે. આ દિશામાં 'પ્રયોગ'ની ટીમનો પ્રયાસ ખૂબ જ પ્રશંસનીય છે, આ પહેલ વિદ્યાર્થીઓને સાયન્સ સાથે જોડાવા અને પ્રૅક્ટિકલી કંઈક કરી દેખાડવાનો અવસર આપે છે. જ્યારે આપણે કોઈ ચીજને પોતે કરીને જોઈએ છીએ તો જિજ્ઞાસા અને રુચિ ઉત્પન્ન થાય છે. કોને ખબર કે મારા આ યુવાન સાથીઓમાંથી જ કોઈ આવનારા સમયમાં ઉત્તમ વૈજ્ઞાનિક બને.

### જળ સંરક્ષણ

છેલ્લાં ૧૧ વર્ષમાં 'જળસંચય અભિયાને લોકોને ઘણા જાગૃત કર્યા છે. આ અભિયાન હેઠળ દેશભરમાં લગભગ ૫૦ લાખ કૃત્રિમ પાણી સંગ્રહ માળખાં બનાવવામાં આવ્યાં છે. જળસંકટનો સામનો કરવા માટે ગામેગામ તળાવોની સફાઈ, વરસાદના પાણીનો સંગ્રહ, દેશભરમાં લગભગ ૭૦ હજાર અમૃત સરોવર બનાવવામાં આવ્યાં છે. ત્રિપુરાના વાંગમુન ગામના દરેક ઘર પર વરસાદી પાણી સંગ્રહ સિસ્ટિમ છે. આ ગામ ક્યારેક પાણીની તંગીનો સામનો કરતું, તે આજે જળ સંરક્ષણનું પ્રેરક ઉદાહરણ બન્યું છે.

### કોમ્યુનિટી સીડ બૅંક

નાગાલેન્ડના ચિઝામી ગામની મહિલાઓ મળીને ૧૫૦થી વધુ વિવિધતાનાં પારંપરિક બીજોને સુરક્ષિત રાખી રહી છે. આ બીજોમાં ચોખા, બાજરો, મકાઈ, કઠોળ, શાક અને અનેક પ્રકારની જડીબુટ્ટીઓનો સમાવેશ થાય છે. આજે જ્યારે દુનિયા આબોહવા પરિવર્તન જેવા પડકારોનો સામનો કરી રહી છે, ત્યારે આવા પ્રયાસો આપણને એ જણાવે છે કે સમાધાન ક્યારેય દૂર નથી હોતું. ઘણી વાર આપણું પોતાનું પારંપરિક જ્ઞાન અને સામુદાયિક પ્રયાસો જ આપણને સૌથી મજબૂત રસ્તો દેખાડે છે.

### મન કી બાતમાં ગુજરાત

'પીએમ સૂર્ય ઘર મુફ્ત બીજલી યોજના'ના કારણે ગુજરાતના સુરેન્દ્રનગરની પાયલે સૌરઊર્જા મુંજપરાના જીવનમાં બહુ મોટું પરિવર્તન આવ્યું છે. તેમણે સૂર્ય પહેલના માધ્યમથી સૌરઊર્જા ટેક્નોલૉજીની ટ્રેનિંગ લીધી અને સૉલાર પીવી ટેક્નિશિયનનો કૉર્સ પૂરો કર્યો. હવે એક કુશળ સૉલાર ટેક્નિશિયન છે. પાયલ એક સૉલર-ઉદ્યમીના રૂપમાં પોતાની ઓળખ બનાવી રહી છે. તેઓ આસપાસના જિલ્લામાં સૉલાર રૂફટોપ ઇન્સ્ટૉલેશનનું કામ કરે છે અને તેનાથી તેમને હજારો રૂપિયાની આવક થઈ રહી છે.



# Uniform Civil Code (UCC)

## ગુજરાતના ગૌરવશાળી ઇતિહાસમાં સુવર્ણ અધ્યાયનું આલેખન

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદારસાહેબના એક અને અખંડ ભારતના સપનાને સાકાર કરવા “એક ભારત શ્રેષ્ઠ ભારત”નો વિચાર આપ્યો છે. જો દેશમાં સમાન કાયદા, વિકાસની સમાન તકો ન હોય તો આ એક ભારત શ્રેષ્ઠ ભારત બને જ નહિ. એક દેશમાં બે વિધાન, બે નિશાન, બે પ્રધાનની જે નીતિ-રીતિ હતી તેની સામે વડાપ્રધાનશ્રી મક્કમતાપૂર્વક નિર્ણય લઈને સંવિધાનની કલમ-૩૭૦ દૂર કરીને કશ્મીરને પણ દેશની મુખ્ય ધારામાં લાવ્યા. એટલું જ નહિ, ઉત્તર-પૂર્વના પ્રદેશોને કનેક્ટિવિટી, ઈન્ફ્રાસ્ટ્રકચર, હેલ્થ, એજ્યુકેશન જેવી પાયાની સગવડો આપીને રાજ્યોને વિકસિત ભારત માટે વિકસિત રાજ્ય બનવાની પ્રેરણા આપી. હવે વિકસિત ભારત ૨૦૪૭ સુધીના આ અમૃતકાળમાં દેશને સમાનતાનું અમૃત યુસીસીથી આપવા વડાપ્રધાનશ્રીએ નિર્ધાર કર્યો છે. ગુજરાત વડાપ્રધાનશ્રીના દરેક વિચાર અને આહવાનને ઝીલવામાં અગ્રેસર રહેતું રાજ્ય છે. એ જ પરંપરાને આગળ ધપાવતાં, વિધાનસભા ગૃહમાં ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયક રજૂ થયું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વિધાનસભામાં પસાર થયેલું આ વિધેયક માત્ર એક કાયદાકીય પ્રક્રિયા નથી, પરંતુ સમાનતા, ન્યાય અને એકતાના રાષ્ટ્રીય સંકલ્પને વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં વધુ મજબૂત બનાવવાનો રાજ્ય સરકારનો મક્કમ નિર્ધાર છે. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, Uniform Civil Code (UCC)એ એવું વિધેયક છે, જે ભારતના તમામ નાગરિકો માટે લગ્ન, છૂટાછેડા, વારસો અને દત્તક જેવા વ્યક્તિગત મુદ્દાઓમાં એકસરખા નિયમો લાગુ કરવાની વાત કરે છે. તેનો મુખ્ય હેતુ સમાનતા છે.

વિશ્વના અનેક વિકસિત અને પ્રગતિશીલ દેશોએ દાયકાઓ અને સદીઓ પહેલાં જ 'એક દેશ, એક કાયદો' ના મંત્રને સ્વીકારી લીધો છે. આધુનિક સિવિલ કોડનો પાયો નાખનાર ફ્રાન્સમાં વર્ષ ૧૮૦૪ થી 'ફ્રેન્ચ સિવિલ કોડ' (નેપોલિયન કોડ) અમલી છે, જે ધર્મના ભેદભાવ વગર તમામ નાગરિકોને સમાન અધિકાર આપે છે. જર્મનીમાં વર્ષ ૧૯૦૦ થી 'બર્ગર્લિચેસ ગેસેટ્સબુચ' (BGB) તરીકે ઓળખાતો સિવિલ કોડ લાગુ છે, જે વિશ્વના સૌથી મજબૂત કાનૂની માળખામાં ગણાય છે. મુસ્લિમ બહુમતી ધરાવતા તુર્કીયે પણ 'તુર્કી સિવિલ કોડ' અપનાવ્યો છે. નેપાળે તમામ નાગરિકો માટે સમાન સિવિલ કાયદો બનાવ્યો છે. અઝરબૈજાને પણ 'ફેમિલી કોડ' બનાવીને લગ્ન, છૂટાછેડા અને વારસાના કાયદા સમાન કર્યા છે. અમેરિકામાં પણ ધર્મને ધ્યાનમાં લીધા વિના તમામ નાગરિકો માટે સમાન 'સિવિલ રાઈટ્સ' અને ફેડરલ કાયદાઓ લાગુ પડે છે. આ દેશોએ સાબિત કર્યું છે કે રાષ્ટ્રની એકતા અને મહિલાઓના

સન્માન માટે UCC જ શ્રેષ્ઠ માર્ગ છે.

ગોવા આપણા દેશનું એકમાત્ર એવું રાજ્ય છે, જ્યાં આઝાદી પહેલાથી જ 'યુનિફોર્મ સિવિલ કોડ' અમલમાં છે. દાયકાઓથી ત્યાંના લોકો આ સમાન કાયદા હેઠળ અત્યંત શાંતિ, ભાઈચારા અને સમાનતા સાથે જીવી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગોવા બાદ, આઝાદ ભારતનાં ઈતિહાસમાં સૌપ્રથમ ઉત્તરાખંડ સરકારે પણ આ ઐતિહાસિક પગલું ભરીને પોતાના રાજ્યમાં 'યુનિફોર્મ સિવિલ કોડ' લાગુ કરીને એક નવી કેડી કંડારી છે. અને હવે, ઉત્તરાખંડ બાદ ગુજરાતે આ દિશામાં મક્કમ ડગલાં માંડીને દેશના અન્ય રાજ્યો માટે કાયદાકીય સમાનતાનું એક ઉત્તમ અને મજબૂત ઉદાહરણ પૂરું પાડ્યું છે.

નાયબ મુખ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ વિધાનસભા ગૃહમાં ગુજરાત હાઈકોર્ટમાં થોડા સમય પહેલા નોંધાયેલા કેસની વિગતો આપી હતી. જેમાં ભાવનગરની એક દીકરીના નિકાહ થાય છે, તે સાસરે જાય છે અને એક દીકરાની માતા બને છે. એ માસૂમ દીકરી પોતાનો સંસાર બચાવવા દિવસ-રાત મહેનત કરે છે. પણ થોડા સમયમાં જ પતિ અને સાસરિયાઓનું અસલી રૂપ બહાર આવે છે. દહેજ માટે એ દીકરીને બેરહેમીથી માર મારવામાં આવે છે. અત્યાચારની હદ તો ત્યારે વટાવી દેવાય છે, જ્યારે એ જ પતિ, પોતાની આ પહેલી પત્ની અને માસૂમ બાળક હયાત હોવા છતાં... બીજી સ્ત્રી સાથે બીજા નિકાહ કરી લે છે. પહેલી પત્નીને અને એના બાળકને રસ્તા પર રઝળતા છોડી દેવામાં આવે છે. તે દીકરી પોતાના પતિ સામે દહેજ ઉત્પીડન, શારીરિક હિંસા અને બહુપત્નીત્વ હેઠળ FIR નોંધાવે છે.

પતિ ગુજરાત હાઈકોર્ટમાં જાય છે અને જજ સાહેબની સામે એવી દલીલ કરે છે કે: સાહેબ, મારો પર્સનલ લો મને ચાર પત્નીઓ રાખવાની છૂટ આપે છે. મેં બીજા લગ્ન કર્યા તેમાં મેં કોઈ ગુનો નથી કર્યો અને IPC ૪૯૪(બહુપત્નીત્વનો ગુનો) મારા પર લાગુ ન પડે.

સમાજમાં આવી ઘટનાઓ અટકાવવા માટે રાજ્ય સરકારે ભરેલું ક્રાંતિકારી કદમ એટલે Uniform Civil Code વિધેયક.

## યુનિફોર્મ સિવિલ કોડની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

યુનિફોર્મ સિવિલ કોડનો વિચાર કોઈ આજકાલનો નથી, તે છેક Colonial કાળથી ચાલ્યો આવે છે. બ્રિટિશ શાસન દરમિયાન, અંગ્રેજોએ આખા દેશ માટે ફોજદારી કાયદાઓ (Criminal Laws) તો સમાન બનાવ્યા, પરંતુ લગ્ન, વારસો અને છૂટાછેડા જેવા અંગત કાયદાઓને વિવિધ ધાર્મિક સમુદાયો માટે અલગ-અલગ જ રહેવા દીધા.વર્ષ ૧૮૪૦ ના 'લેક્સ લોકી રિપોર્ટ' (Lex Loci Report of 1840)માં દીવાની (Civil) કાયદાઓમાં સમાનતા લાવવાની ભલામણ કરવામાં આવી હતી, પરંતુ અંગ્રેજોએ "ભાગલા પાડો અને રાજ કરો" એ નીતિ અપનાવીને પર્સનલ લોને તેમાંથી બાકાત રાખ્યા હતા.

ભારત આઝાદ થયુ તો બંધારણ સભામાં આ મુદ્દો ફરીથી ખૂબ જ ઉગ્રતાથી ઉઠ્યો. જ્યારે દેશનું બંધારણ ઘડાઈ રહ્યું હતું, ત્યારે મહિનાઓ સુધી ગહન મંથન ચાલ્યુ હતું.

**Bhupendra Patel**
@Bhupendrapbjp

ગુજરાત વિધાનસભામાં સમાન નાગરિક સંહિતા (UCC) વિધેયક બહુમતીથી પસાર થવા બદલ રાજ્યના સૌ જનપ્રતિનિધિઓ અને સૌ નાગરિકોને અભિનંદન પાઠવું છું. ગુજરાત અને દેશ માટે આ એક ઐતિહાસિક ક્ષણ છે.

આ સાથે જ ગુજરાત UCC લાગુ કરનારું દેશનું બીજું રાજ્ય બન્યું છે.

સમાન નાગરિક સંહિતાના અમલના લીધે રાજ્યમાં લગ્ન, છૂટાછેડા, વારસાગત મિલકત અને દત્તક લેવા જેવા મુદ્દાઓ પર તમામ ધર્મો અને સમુદાયો માટે સમાન કાયદાકીય માળખું અમલમાં આવશે.

તમામ ધર્મ અને જ્ઞાતિની મહિલાઓને સમાન અધિકારો મળે તે સુનિશ્ચિત થશે, જેથી તેમના સન્માન અને સુરક્ષાની સ્થિતિ વધુ સુદૃઢ બનશે.

સાથે જ, ગુજરાતની ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધતાને પણ ધ્યાનમાં રાખવામાં આવી હોવાથી કોઈ સમુદાયને અન્યાય ન થાય તેનું પણ વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે.

સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં રચાયેલી ઉચ્ચસ્તરીય સમિતિએ UCC અંગે પોતાનો આખરી અહેવાલ રાજ્ય સરકારને સોંપ્યો હતો.

જેમાં તમામ જરૂરી મુદ્દાઓનો ઝીણવટભર્યો અભ્યાસ કરવામાં આવ્યો છે, અને રાજ્યના જિલ્લાઓની મુલાકાત લઇને લોક અભિપ્રાયો મેળવીને તથા ઘનિષ્ઠ જનસંપર્ક આ વિધેયકનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે.

મને વિશ્વાસ છે કે, UCC લાગુ થવાના લીધે રાજ્યનો સામાજિક ઢાંચો વધુ મજબૂત થશે. તમામ સમાજ અને સમુદાયના લોકો માટે વિકાસનો વધુ ઉત્સાહવર્ધક માહોલ તૈયાર થશે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકસિત ભારતના વિઝનને વિકસિત ગુજરાતના નિર્માણ દ્વારા સાકાર કરવા માટે આપણે વધુ ઝડપથી આગળ વધી શકીશું.

જય જય ગરવી ગુજરાત.

બંધારણના શિલ્પી ડૉ. બાબાસાહેબ આંબેડકર, કનૈયાલાલ મુનશી અને અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર જેવા મહાન વિચારકોનો એક સ્પષ્ટ મત હતો કે, જ્યાં સુધી આ દેશમાં ધર્મના નામે અલગ-અલગ અંગત કાયદાઓ (Personal Laws) અસ્તિત્વમાં રહેશે, ત્યાં સુધી સાચા અર્થમાં સમાનતા અને રાષ્ટ્રીય એકતા ક્યારેય પ્રસ્થાપિત નહીં થઈ શકે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે સંવિધાનમાં 'રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો' (Directive Principles of State Policy)ના ભાગ-૪ માં, આર્ટિકલ-૪૪ ઉમેરીને ભવિષ્યની સરકારોને દિશાસૂચન કર્યુ છે કે, "ભારતના સમગ્ર પ્રદેશમાં નાગરિકો માટે સમાન નાગરિક સંહિતા સુનિશ્ચિત કરવાનો, રાજ્ય પ્રયાસ કરશે."

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં, જ્યારે "સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ" નો મંત્ર આ દેશનો રાષ્ટ્રધર્મ બન્યો છે, ગુજરાત સરકારે આ ઐતિહાસિક બીડું ઝડપ્યું છે.

**યુસીસીની મહત્ત્વપૂર્ણ જોગવાઈઓ :** લગ્નનું ફરજિયાત રજિસ્ટ્રેશન, લિવ-ઇન સંબંધનું રજિસ્ટ્રેશન, છૂટાછેડા માટેના સમાન નિયમો, દીકરી કે દીકરો-બધાને સમાન વારસાગત હક અને આ જોગવાઈઓના પાલન માટે દંડની જોગવાઈ સાથે એનો કડક અમલ વગેરે આ બિલની મહત્ત્વની જોગવાઈઓ છે. દરેક ધર્મ અને પરંપરા મુજબ થયેલા લગ્નની નોંધણી કરવાનું ફરજિયાત રહેશે અને નોંધણી ન કરવાથી દંડની જોગવાઈ રહેશે. આમ કરવાથી સામાજિક માળખાની સમરસતા જાળવી રાખવામાં દરેક સમાજની અને વાલીઓની જે ચિંતા છે તે દૂર થશે.

**બંધારણીય આધાર :** આર્ટિકલ ૪૪ મુજબ, રાજ્યે તમામ નાગરિકો માટે એકસરખો નાગરિક કાયદો (UCC) લાવવાનો પ્રયત્ન કરવાની જે જોગવાઈઓ છે તેના અનુસંધાને યુસીસી છે.

**કાયદા બનાવવાની સત્તા :** સમવર્તી યાદી પ્રવેશ ૫ મુજબ, લગ્ન, છૂટાછેડા, વારસો વગેરે મુદ્દાઓ પર કાયદા બનાવવાની સત્તા કેન્દ્ર તેમજ રાજ્ય બંને પાસે છે તેને સુસંગત આ યુસીસી બિલ વિધાનસભામાં પસાર કરવામાં આવ્યુ.

**ન્યાયિક માર્ગદર્શન :** સુપ્રીમ કોર્ટના ચુકાદાઓમાં સમાન સિવિલ કોડની જરૂરિયાત દર્શાવવામાં આવી છે તે માટે યુસીસી વિધેયક લાવવામાં આવ્યુ.

**જાહેર પરામર્શ અને ભાગીદારી :** વેબ-પોર્ટલ અને રાજ્યવ્યાપી જનપરામર્શ કરવામાં આવ્યો તેના આધારે નાગરિકો, વિવિધ સંગઠનો અને નિષ્ણાતોના અભિપ્રાયો મળ્યા તેનો સમાવેશ કરીને આ યુસીસી બિલ તૈયાર કરવામાં આવ્યું છે.



બહુપત્નીત્વ, દહેજ અને છેતરપિંડીથી થતા લગ્નો અટકશે.

**અભ્યાસ અને તુલનાત્મક વિશ્લેષણ:** વિશ્વના અન્ય લોકતાંત્રિક દેશોમાં આ પ્રકારના કાયદાઓ અમલમાં છે તેનો અભ્યાસ કરીને રાજ્ય સરકાર દ્વારા આ બિલ માટે વ્યાપક દૃષ્ટિકોણ અપનાવવામાં આવ્યો છે.

**વ્યક્તિગત કાયદાઓનું એકીકરણ :** લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ, વારસો અને લિવ-ઇન સંબંધ જેવા વિષયો માટેના વિવિધ વ્યક્તિગત કાયદાઓને બદલે એકસમાન નિયમો લાગુ કરવાની યુસીસીમાં જોગવાઈ છે.

**ધાર્મિક વિધિઓમાં કોઈ હસ્તક્ષેપ કરવામાં નહીં આવે :** આ કાનૂનથી કોઈ ધાર્મિક વિધિઓ અને પરંપરાઓમાં હસ્તક્ષેપ કરવામાં નહીં આવે, પરંતુ સમાન સિવિલ કોડ માત્ર કાનૂની પાસાઓને નિયમિત કરે છે.

**ફરજિયાત લગ્ન નોંધણી અને સજા :** અત્યાર સુધી સમાજમાં એક બહુ મોટું દૂષણ ચાલતું હતું. ઘણા લોકો અગાઉના લગ્ન છુપાવીને કે છૂટાછેડા થયા છે તેવું જૂઠું બોલીને ભોળી બહેન-દીકરીઓને ફસાવતા હતા અને બીજું લગ્ન કરી લેતા હતા. આવી છેતરપિંડીનો ભોગ બનેલી દીકરીની જિંદગી બરબાદ થઈ જતી હતી. પરંતુ હવે આ UCC બિલની કલમ ૮ મુજબ, રાજ્યમાં છૂટાછેડા (Divorce) અથવા લગ્ન વિચ્છેદની નોંધણી (Registration) ફરજિયાત કરવામાં આવી છે.

લગ્નના ૬૦ દિવસમાં નોંધણી ફરજિયાત છે. નોંધણી ન કરાવવાથી રૂ.૧૦,૦૦૦ સુધીનો દંડ થઈ શકે છે. બળજબરી/ધાક-ધમકી/છેતરપિંડીથી લગ્ન કરવાના કિસ્સામાં ૭ વર્ષ સુધીની સજા તથા એકથી વધુ લગ્ન કરવાના કિસ્સામાં પણ ૭ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. ફરજિયાત નોંધણીથી લગ્નને કાનૂની માન્યતા મળે છે, સ્ત્રીઓ તથા બાળકોના

અધિકારોનું રક્ષણ થાય છે. ફરજિયાત નોંધણીથી વ્યક્તિની સાચી વૈવાહિક સ્થિતિ નોંધાય છે, જેના કારણે ખોટી માહિતી આપી છેતરપિંડીથી થતા લગ્નના કિસ્સાઓ નિવારી શકાય.

**છૂટાછેડા - સમાનતા અને નિયંત્રણ:** નાયબ મુખ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ વિધાનસભા ગૃહમાં ૧૯૮૦ ના દાયકામાં બનેલી એક ઘટના કહી હતી. જેમાં એક મહિલાના લગ્ન એક પુરુષ સાથે થયા હતા. લગ્ન પછી થોડા જ સમયમાં પતિ-પત્ની વચ્ચે કોઈ જ લાગણી કે સંબંધ ન રહ્યો અને મહિલાને ભારે માનસિક ત્રાસ અને ક્રૂરતાનો સામનો કરવો પડ્યો. તેમનું લગ્નજીવન સંપૂર્ણપણે તૂટી ચૂક્યું હતું. રોજિંદા ત્રાસમાંથી બહાર આવવા માટે જ્યારે તે મહિલાએ છૂટાછેડા માટે અદાલતનો આશરો લીધો, ત્યારે પર્સનલ લોની રૂઢિચુસ્ત કિતાબોએ તેનો રસ્તો રોકી લીધો!

વર્ષ ૧૯૮૫ માં આ કેસ દેશની સર્વોચ્ચ અદાલતમાં પહોંચ્યો. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું હતું કે, લગ્ન અને છૂટાછેડા માટે તાત્કાલિક એક 'સમાન કાયદો' (Uniform Code) લાવો, જેથી કોઈ સ્ત્રીએ માત્ર પોતાના ધર્મના કારણે આવો ભયાનક અન્યાય ન સહન કરવો પડે. આવા અન્યાય કોઈને સહન ન કરવો પડે એ હેતુસર UCC બિલની કલમ ૮ મુજબ, રાજ્યમાં છૂટાછેડા (Divorce) અથવા લગ્ન વિચ્છેદનની નોંધણી (Registration) ફરજિયાત કરવામાં આવી છે. કોર્ટ બહારના છૂટાછેડા અમાન્ય રહેશે. આ બિલની કલમ ૩૧ એ સ્પષ્ટ જોગવાઈ કરે છે કે હવેથી ગુજરાતમાં છૂટાછેડા લેવા માટેનાં કારણો અને જોગવાઈઓ તમામ ધર્મો માટે એક સરખાં રહેશે. કોર્ટ બહારના છૂટાછેડા કરવાના કિસ્સામાં ૩ વર્ષ સુધીની સજા થઈ શકે છે, તેમજ સ્ત્રીને કોઈ પણ શરતો વિના




પુનઃલગ્નનો અધિકાર આપવામાં આવ્યો છે. ફરજિયાત નોંધણી અને કોર્ટ દ્વારા માન્ય છૂટાછેડા પ્રક્રિયા છેતરપિંડી, ગેરકાયદેસર છૂટાછેડા અને ખોટી વૈવાહિક સ્થિતિ દર્શાવવાના કિસ્સાઓને અટકાવે છે, તેમજ ભવિષ્યનાં લગ્નોમાં પારદર્શિતા સુનિશ્ચિત કરે છે.

**ભરણપોષણમાં સમાનતા :** નાયબ મુખ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ વિધાનસભા ગૃહમાં મધ્યપ્રદેશના ઇન્દોરની એક લાચાર માતાની વાત પણ જણાવી હતી. જેમાં ૪૩ વર્ષનું લાંબુ વિવાહિત જીવન વિતાવ્યા પછી પાંચ-પાંચ બાળકોની માતા બન્યા પછી, જ્યારે માતાની ઉંમર ૬૨ વર્ષની થઈ, ત્યારે તેના ધનિક પતિએ એક નવી યુવાન સ્ત્રી સાથે ઘર વસાવવા માટે આ ૬૨ વર્ષની વૃદ્ધ પત્નીને ઘરમાંથી કાઢી મૂકી.

આખી જિંદગી પતિ અને ઘરની સેવા કર્યા પછી, જીવનના અંતિમ પડાવમાં જ્યારે એ લાચાર અને વૃદ્ધ મહિલા પાસે ખાવાના પણ સાંસા હતા, ત્યારે તેણે અદાલતમાં મહિનાના માત્ર ૫૦૦ રૂપિયાનું ભરણપોષણ માંગ્યું.

પણ જવાબમાં એ પતિએ અદાલતમાં એવો દાવો કર્યો કે હું એક રૂપિયો પણ ભરણપોષણ આપવા બંધાયેલો નથી. એ વૃદ્ધ પત્ની ન્યાય માટે આ દેશની સર્વોચ્ચ અદાલત સુધી લડી. સુપ્રીમ કોર્ટે માનવતા અને બંધારણની તરફેણમાં ઐતિહાસિક ચુકાદો આપ્યો અને કહ્યું કે, ધર્મના નામે કોઈ પણ મહિલાને નિરાધાર ન છોડી શકાય. આ સ્થિતીના નિવારણ માટે UCCની કલમ ૩૯ અને ૪૦ હેઠળ ભરણપોષણનો આજીવન અને સમાન અધિકાર આપવામાં આવ્યો છે. બધા ધર્મો માટે ભરણપોષણની સમાન જોગવાઈના કારણે મહિલાઓને વિશેષ સુરક્ષા મળે છે.

**વારસાગત અધિકારમાં સમાનતા :** આ બિલનું પાર્ટ-૨, ચૅપ્ટર-૧ અત્યંત સ્પષ્ટ અને કડક જોગવાઈ કરે છે. કોઈ પણ ધર્મ કે સંપ્રદાયનો ભેદભાવ રાખ્યા વિના, હવેથી ગુજરાતની પ્રત્યેક દીકરીને તેના પિતાની (પિતૃક) મિલકતમાં પુત્ર જેટલો જ એટલે કે ૧૦૦% સમાન હક્ક મળશે. પુત્ર અને પુત્રીને સમાન કૌટુંબિક હક્કો આપવાથી લિંગ સમાનતા, સ્ત્રીઓની આર્થિક સુરક્ષા અને સમાજમાં ન્યાયી અને સમાન વ્યવસ્થા સ્થાપિત થશે.

**લિવ-ઈન રિલેશનશિપનું નિયમન અને સજા :** મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, UCCમાં લિવ-ઈન રિલેશનશિપને પ્રોત્સાહિત કરવાની વાત નથી પરંતુ તેને નિયમબધ્ધ કરવા માટે છે. નાયબ મુખ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ વિધાનસભા ગૃહમાં દેશને હચમચાવી નાખનારો 'શ્રદ્ધા વાલકર'ના કિસ્સાનો ઉલ્લેખ કર્યો હતો. જેમાં એક દીકરી, પ્રેમમાં અંધ થઈને પોતાના મા-બાપ અને ઘર

છોડીને એક યુવક સાથે લિવ-ઇનમાં રહેવા જાય છે. તેને લાગે છે કે તેને દુનિયાનો સૌથી સારો જીવનસાથી મળી ગયો છે. પણ એ સંબંધનું પરિણામ શું આવ્યું? જ્યારે એ દીકરીએ લગ્ન માટે દબાણ કર્યું, ત્યારે તેના જ લિવ-ઇન પાર્ટનરે તેની ગળું દબાવીને હત્યા કરી અને તેની લાશના ૩૫ ટુકડા કર્યા. એ હત્યારો એ દીકરીની લાશના ટુકડાઓ ફ્રીજમાં રાખીને, રોજ રાત્રે એક-એક ટુકડો જંગલમાં ફેંકવા જતો હતો.

આવા કિસ્સાઓમાં સૌથી મોટી સમસ્યા એ હોય છે કે દીકરીના પરિવારને ખબર નથી હોતી કે તે કોની સાથે રહે છે, અને કાયદા પાસે પણ આ સંબંધનો કોઈ જ રેકોર્ડ હોતો નથી. અને એટલા માટે જ, આ ઐતિહાસિક બિલની કલમ ૩૮૪ લિવ-ઇન રિલેશનશિપનું રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવે છે.

આ રજિસ્ટ્રેશન દીકરીઓ માટે એક કાનૂની સુરક્ષા કવચ બનશે.

કલમ ૩૮૪ હેઠળ લિવ-ઇન સંબંધ માટે નોંધણી ફરજિયાત છે; નોંધણી ન કરાવવાથી ૩ મહિના સુધીની કેદ અથવા રૂ. ૧૦,૦૦૦ દંડ થઈ શકે છે. જો સંબંધમાં રહેલાં વ્યક્તિઓની ઉંમર ૧૮ થી ૨૧ વર્ષ વચ્ચે હોય, તો નોંધણીની જાણ તેમનાં માતા-પિતાને કરવામાં આવશે. બળજબરી/ધાક-ધમકી/છેતરપિંડીથી લિવ ઇન માટે સંમતિ લેવાના કિસ્સામાં કડક સજાની જોગવાઈ છે. તેમજ સગીર સાથે લિવ ઇન સંબંધમાં પોકસો ઍક્ટ (POCSO Act) મુજબ સજાની જોગવાઈ છે, ઉપરાંત પહેલાંથી પરિણીત હોવા છતાં લિવ ઇન સંબંધમાં રહેનાર માટે પણ કડક સજાની જોગવાઈ છે. સ્ત્રીને ભરણપોષણ અને બાળકને કાનૂની માન્યતા આપવામાં આવી છે. નોંધણીથી લિવ-ઇન સંબંધોનું નિયમન કરવામાં મદદ મળશે. લિવ ઇન પાર્ટનર દ્વારા ત્યાગ કરવામાં આવે ત્યારે મહિલાને ભરણપોષણ મળી શકે. લિવ-ઇન સંબંધમાંથી જન્મેલાં બાળકોના ભરણપોષણ, ઓળખ અને વારસાના હકોનું વધુ સારી રીતે રક્ષણ થઈ શકે.

### જનતાનો અભિપ્રાય

આ વિષયની સંવેદનશીલતા સમજીને નિવૃત્ત જસ્ટિસ રંજનાબહેન દેસાઇના અધ્યક્ષસ્થાને નિમવામાં આવેલી ઉચ્ચકક્ષાની સમિતિએ અભૂતપૂર્વ લોકસંપર્ક કર્યો છે. પોસ્ટ, ઈ-મેઈલ અને વેબ પોર્ટલ દ્વારા સૂચનો મંગાવ્યા. ગ્રાઉન્ડ લેવલ પર જઈને સંસ્થાઓ અને હિતધારકોને રૂબરૂ સાંભળ્યા. સમિતિને લગભગ ૨૦ લાખ સૂચનો મળ્યા છે.

દેશના ઇતિહાસમાં કદાચ જ કોઈ કાયદા માટે આટલી મોટી જનભાગીદારી જોવા મળી હશે. ૪૯% એટલે કે ૯.૭૨ લાખ સૂચનો ઈ-મેલ મારફતે આવ્યા છે. ૫.૫% એટલે કે ૧.૦૯ લાખ સૂચનો વેબ પોર્ટલના માધ્યમથી મળ્યા છે.અંદાજે ૨૦ લાખ સૂચનોમાંથી UCC તરફી બહુમતી છે.

કાયદામાં લગ્નની સમાન જોગવાઈઓ સામેલ કરવા માટે ૮૧% લોકોએ સમર્થન આપ્યું છે.છૂટાછેડા માટે સમાન કાયદો હોવા પર ૭૯% લોકોએ મહોર મારી છે.૮૩% લોકો માને છે કે પારિવારિક કાયદામાં મહિલાઓ સાથે થતો ભેદભાવ તાત્કાલિક દૂર થવો જોઈએ.લગ્ન રદ થવા કે છૂટાછેડાની નોંધણી ફરજિયાત બનાવવા માટે ૮૬% લોકોએ સમર્થન આપ્યું છે. તમામ સમુદાયોમાં છૂટાછેડા માટે સમાન આધાર હોવા જોઈએ તેના પક્ષમાં ૮૩% લોકો છે.મહિલા-વિરોધી અને ભેદભાવપૂર્ણ છૂટાછેડાના કાયદાઓ નાબૂદ કરવા માટે ૮૩% લોકોએ હા કહી છે. છૂટાછેડા પછી ભરણપોષણનો એક સમાન કાયદો બને, તેના સમર્થનમાં પણ ૮૩% લોકો છે.

અને સૌથી મોટી વાત, તમામ સમુદાયોમાં સ્ત્રી અને પુરુષ માટે એકસમાન મિલકત/સંપત્તિ અધિકાર હોવા જોઈએ, તેના માટે પણ દેશના ૮૩% લોકોએ પોતાનો મજબૂત ટેકો આપ્યો છે!

### વિવિધ નિષ્કર્ષોના આધારે તૈયાર થયું યુસીસી બિલ

રાજ્યમાં આ સમાન નાગરિક સંહિતા અંગે નિવૃત્ત જસ્ટિસ રંજનાબહેન દેસાઈના અધ્યક્ષસ્થાને નીમવામાં આવેલી ઉચ્ચ કક્ષાની સમિતિએ સમગ્ર રાજ્યમાં અનેક નાગરિકો અને સંગઠનો દ્વારા થયેલી રજૂઆતોનું ઝીણવટભર્યું અધ્યયન કર્યું છે. જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈ કમિટીના વિસ્તૃત રિપોર્ટ અને ભલામણોને અક્ષરશઃ ધ્યાનમાં રાખીને, આ પ્રસ્તાવિત યુનિફોર્મ સિવિલ કોડ બિલમાંથી ભારતના બંધારણના આર્ટિકલ ૩૬૬(૨૫) હેઠળ આવતી તમામ 'અનુસૂચિત જનજાતિ' (Scheduled Tribes - આદિવાસી સમુદાય) ને સંપૂર્ણપણે મુક્તિ (Exemption) આપવામાં આવી છે. આ UCC કાયદો આદિવાસી સમાજના



કોઈ પણ રીત-રિવાજ, તેમના લગ્ન, છૂટાછેડા કે વારસાની પ્રથાઓમાં લેશમાત્ર પણ દખલગીરી નહીં કરે.

સમિતિ દ્વારા વિવિધ કાયદાઓ, સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ચુકાદાઓ અને ઉત્તરાખંડ રાજ્યના યુનિફોર્મ સિવિલ કોડ તથા વિશ્વના અન્ય દેશોના આ પ્રકારના મૉડલ કાયદાઓનો પણ અભ્યાસ કરવામાં આવ્યો છે. લોકતંત્રની પરામર્શક પ્રક્રિયાને મહત્ત્વ આપીને લોકોએ કરેલાં સૂચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ બધાના નિષ્કર્ષરૂપે તૈયાર થયેલું ગુજરાત યુસીસી બિલ, ૨૦૨૬ આ સભાગૃહમાં પસાર થયું.

સનાતન સંસ્કૃતિએ આપણને એકતાના પાઠ શિખવાડ્યા છે. ઋગ્વેદમાં પણ એકસાથે ચાલવાની, બોલવાની અને વિચારોમાં એકતાની વાત કહેવાઈ છે. એક અને અખંડ રાષ્ટ્ર માટે સંયુક્ત કાનૂની માળખું જરૂરી છે અને એ જ આપણું વૈદિક જ્ઞાન છે. આપણી પ્રાચીન ઋચાઓમાં પણ આ વાત કહેવાઈ છે કે સત્ય એક જ છે, ભલે તે અલગ રીતે કહેવાયું હોય અને જો સત્ય એક છે તો ભલે ધર્મ અનેક હોય ન્યાય એક જ હોવો જોઈએ. દેશની સ્વતંત્રતા પછી ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરજીએ ઘડેલું આપણું બંધારણ એ જ વાતને સમર્થન આપે છે કે, કલમ ૧૪ અન્વયે દેશના દરેક નાગરિક માટે કાયદા સમક્ષ સમાનતા સુનિશ્ચિત કરવામાં આવી છે અને એ જ બંધારણની કલમ ૪૪ રાજ્યને સમાન નાગરિક સંહિતા તરફ આગળ વધવાની દિશા આપે છે.

યુસીસીની અન્ય બાબતોમાં પણ સમાનતાનો અને સમુચિત ન્યાયનો સિદ્ધાંત અપનાવવામાં આવ્યો છે. એ અર્થમાં આ સમાન નાગરિક સંહિતા બિલ-૨૦૨૬ એ ગુજરાતના નાગરિકોની સમાન ન્યાય માટેની અપેક્ષાઓ, આકાંક્ષાઓ અને ઈચ્છાઓનું પ્રતિબિંબ પાડતું બિલ છે. ગુજરાતની ભૌગોલિક અને સાંસ્કૃતિક




વિવિધતાને ધ્યાનમાં રાખીને તમામ પાસાંઓ પર સઘન ચર્ચા વિચારણા કર્યા પછી તૈયાર કરવામાં આવ્યું છે એટલે એ ગુજરાતના તમામ નાગરિકો માટે એકસરખું કલ્યાણકારી છે. એમાં ભેદભાવને કોઈ અવકાશ જ નથી.

ખાસ કરીને મહિલાઓના સમાન અધિકારો અને સુરક્ષાને આ ડ્રાફ્ટમાં પ્રાથમિકતા આપવામાં આવી છે. જે દર્શાવે છે કે, રાજ્ય સરકાર મહિલાઓના હકો, અધિકારોની સુરક્ષા માટે કેટલી ચિંતિત છે. વિકાસની આપણી દોડમાં મહિલાઓ પણ એકસરખી ભાગીદાર બને, એમને જાતિભેદના કારણે કોઈ અન્યાય ન થાય એ માટે રાજ્ય સરકાર સતત સતર્ક અને સજાગ છે. કલમ ૩૮૪ હેઠળ લિવ-ઈન રજિસ્ટ્રેશન કોઈની આઝાદી છીનવવા માટે નથી, પણ દીકરીઓની કાનૂની સુરક્ષા માટે છે. ઓળખ છુપાવીને લગ્ન કરવા કે છેતરપિંડી કરનારાઓ માટે હવે ગુજરાતમાં કોઈ સ્થાન નથી. આ બિલની એક મહત્ત્વની જોગવાઈ છે છૂટાછેડા માટેના સમાન નિયમો. હવે તમામ ધર્મ-સમુદાયો માટે માટે આ નિયમો સમાન રહેશે એટલે નિભાવ, કસ્ટડી અને છૂટાછેડાની પ્રક્રિયાને એક જ લીગલ ફ્રેમવર્ક હેઠળ આવરી લેવાઈ છે.

આ વિધેયક અંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, એક જ બંધારણ હેઠળ, અલગ અલગ ધર્મ કે સમુદાયો માટે, એક જ પ્રકારના કિસ્સામાં અલગ અલગ નિયમો હોઈ જ ન શકે. જેમ બંધારણ દરેક નાગરિક માટે, ધર્મ કે સમુદાયના ભેદભાવ વિના એકસરખી રીતે લાગુ પડે છે એમ આ નિયમો પણ બધાં માટે એકસરખી રીતે લાગુ પાડવાથી જ સમાજ એક સમાન ભૂમિકા સાથે સમરસ અને એકરસ બની શકશે.

આ બિલ કોઈ ધર્મ, કોઈ આસ્થા કે કોઈની પૂજા-પદ્ધતિની વિરુદ્ધમાં નથી. આ બિલ કોઈના રીતિ-રિવાજો છીનવી લેવા માટે નથી. પરંતુ આ બિલ આ રાજ્યની લાખો એવી દીકરીઓ અને માતાઓના આંસુ લૂછવા માટે છે, જેઓ વર્ષોથી કાયદાની અસમાનતાના કારણે અન્યાય સહન કરતી આવી છે.

આપણી સંસ્કૃતિમાં સ્ત્રીને શક્તિસ્વરૂપા તરીકે પૂજનીય ગણવામાં આવી છે. આ યુ.સી.સી.માં સર્વની સમાનતાનો જે મૂળ વિચાર છે તેમાં માતાઓ, બહેનો અને નારીશક્તિના સન્માન અને ગૌરવ સાથે તેને પણ સમાન અધિકાર અને હક્ક આપવાની વાત છે. મા આદ્યશક્તિની આરાધનાના ચૈત્રી નવરાત્રીના છઠ્ઠા નોરતે યુ.સી.સી વિધેયક વિધાનગૃહમાં રજૂ થયું છે. એ વાત જ નારી સન્માન અને શક્તિસ્વરૂપા તરીકે તેના પૂજનીય સ્થાનની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાનું જ્વલંત ઉદાહરણ છે.

# ભરૂચમાં વિકાસકાર્યોની વણથંભી વણજાર

ગુજરાતના ઔદ્યોગિક-કૅમિકલ હબ અને નર્મદાના નીરથી પાવન એવા ભરૂચ જિલ્લાનો રાજ્ય સરકારે સુરત ઈકોનોમિક રિજિયન હબમાં સમાવેશ કર્યો છે, જે અંતર્ગત જિલ્લાની રોડ અને અન્ય આંતરમાળખાકીય સુવિધાઓ માટે તાજેતરમાં જ રૂ.૧૧૮૫ કરોડ મંજૂર કરવામાં આવ્યા હતા. સુરત અને તેની આસપાસના જિલ્લાઓમાં સુરત ઈકોનોમિક રિજિયન'ના મહત્ત્વાકાંક્ષી 'ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન'માં સુરત ઉપરાંત ભરૂચ, નવસારી, ડાંગ, તાપી અને વલસાડ એમ કુલ ૬ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભરૂચના સ્વામિનારાયણ મંદિર, ઝાડેશ્વર મંદિરે ભગવાન સ્વામિનારાયણને વંદન કરી આશીર્વાદ મેળવી વિવિધ લોકકલ્યાણકારી વિકાસકાર્યો લોકાને અર્પણ કર્યાં તેમજ નવાં કાર્યોનો શુભારંભ કરાવ્યો. મુખ્યમંત્રીશ્રીએ ભરૂચ જિલ્લાના સર્વાંગી વિકાસને નવી ગતિ આપતાં રૂ. ૧૨૪૮.૫૭ કરોડનાં ૭૩ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત તેમજ રૂ.૧૦૨ કરોડનાં ૬૬ વિકાસકાર્યોનું લોકાર્પણ કરી ભરૂચના નાગરિકોને અંદાજિત રૂ. ૧૩૫૦.૬૮ કરોડના ૧૩૯ વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી. ભરૂચ જિલ્લાના આંતરિક રસ્તાઓ, હાઈવેની કામગીરી ખૂબ ચોકસાઈથી અને ઝડપભેર થતાં, માળખાગત સુવિધાના કારણે જિલ્લાની ઔદ્યોગિક વસાહતોના વિકાસ અને વિસ્તરણને વેગ મળ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે શિક્ષણ, આરોગ્ય, રોડ નેટવર્ક, ખેતી, ઉદ્યોગ જેવા વિકાસના કોઈ પણ કામ માટે નાણાંનો ક્યારેય અભાવ ન રહે તેવું સુદૃઢ આયોજન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં કર્યું છે.






ભરૂચ જિલ્લામાં લોકાર્પિત અને ખાતમુહૂર્ત થયેલા પ્રોજેક્ટ્સ નાગરિકોના જીવનધોરણને સુવિધા સંપન્ન બનાવવામાં સહાયક નીવડશે. માળખાગત સુવિધાઓથી લઈને શિક્ષણ અને આરોગ્ય સુધીનાં તમામ ક્ષેત્રોમાં થયેલાં આ કામો ભરૂચના વિકાસમાં ચાવીરૂપ બનશે. ભરૂચ જિલ્લામાં લોકાર્પિત અને ખાતમુહૂર્ત થયેલા આ પ્રોજેક્ટ્સ નાગરિકોના 'ઇઝ ઑફ લિવિંગ'માં નોંધપાત્ર વધારો કરશે માળખાગત સુવિધાઓથી લઈને સ્પોર્ટ્સ, પરિવહન, શિક્ષણ અને આરોગ્ય સુધીનાં તમામ ક્ષેત્રોના શ્રેણીબદ્ધ પ્રકલ્પો ભરૂચ જિલ્લાના વિકાસમાં ચાવીરૂપ બનશે.

આ કાર્યક્રમમાં આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા અને પાણી પુરવઠા રાજ્યમંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

## વિકાસકાર્યો

- ભરૂચ, અંકલેશ્વર, દહેજ અને સાયખા જેવા ઔદ્યોગિક વિસ્તારોને વૈશ્વિક સ્તરે જોડવા માટે અંકલેશ્વરમાં ઍરપોર્ટ ડેવલપમેન્ટનું કાર્ય પ્રગતિ હેઠળ
- અંકલેશ્વર-રાજપીપળાના ૪૪ કિમી લાંબા રોડના રૂ.૭૬૦ કરોડના ખર્ચે હાઈ-સ્પીડ કૉરિડોરમાં અપગ્રેડેશનની કામગીરીનો આરંભ, સ્ટૅચ્યૂ ઑફ યુનિટી (SoU) પહોંચવું સરળ બનશે.
- લૉજિસ્ટિક્સ સુવિધા માટે ભરૂચ-દહેજ રોડને એક્સેસ કંટ્રોલ એક્સપ્રેસવે બનાવવાની કામગીરી પૂરજોશમાં
- ભરૂચમાં નવા જિલ્લા સ્પૉર્ટ્સ કોમ્પ્લેક્સ થકી ૨ લાખથી વધુ રમતવીરોનાં સપનાં સાકાર થશે.
- કેમિકલ હબ તરીકે વિખ્યાત ભરૂચના જંબુસરમાં ૧૦૦૦ એકરમાં દેશનો પ્રથમ બલ્ક ડ્રગ્સ પાર્ક બની રહ્યો છે
- ભરૂચ, નેત્રંગ, રાજપારડી અને જંબુસરમાં રૂ.૫૦ કરોડના ખર્ચે બનનારું કૉમર્શિયલ શોપિંગ સેન્ટર કમ રેસ્ટ હાઉસ સ્થાનિક વેપાર અને મુલાકાતીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે.
- મા નર્મદાની પરિક્રમા કરતા શ્રદ્ધાળુઓની સુવિધા માટે ભરૂચ અને ઝઘડિયામાં ૮ અલગ-અલગ સ્થળોએ વિશ્રામ હૉલના નિર્માણથી શ્રદ્ધાળુઓ માટે પરિક્રમા વધુ આરામદાયક બનશે.

# પંચમહાલ અને દાહોદને એક જ દિવસમાં રૂ. ૧૧૦૦ કરોડની ભેટ



ગુજરાતમાં આદિવાસી વસ્તી રાજ્યના મુખ્યત્વે પૂર્વ પટ્ટાના જિલ્લાઓમાં વસવાટ કરે છે. ભીલ, ગામીત, વસાવા, કુકણા અને ધોડિયા જેવી આદિજાતિઓ પરંપરાગત ખેતી અને પશુપાલનના કામ દ્વારા ગુજરાન ચલાવે છે. આ સમુદાય સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો અને વિશિષ્ટ ભાષા/બોલી ધરાવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના પૂર્વ પટ્ટીના બે આદિવાસી જિલ્લાઓ પંચમહાલ અને દાહોદમાં એક જ દિવસમાં ૧૧૦૦ કરોડ રૂપિયાનાં વિવિધ વિકાસકામોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યાં હતાં. મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં આદિજાતિ પરિવારોને પંચમહાલ જિલ્લામાં ૭૩૨ કરોડ રૂપિયાનાં ૧૧૨ કામો તથા દાહોદ જિલ્લામાં ૩૬૭ કરોડ રૂપિયાનાં ૧૨૦૦થી વધુ કામોની ભેટ આપી હતી.


આ યોજનાના પરિણામે અંદાજે ૮૬ હજાર હેક્ટર વિસ્તારને સિંચાઈની સુવિધા મળતી થશે. પાનમ જળાશયમાંથી આ હેતુસર ૨૩૬ ફૂટ ઊંચાઈથી પાણી લિફ્ટ કરીને ૨૦૫ કિલોમીટર લાંબી વિતરણ પાઈપલાઇન મારફતે વહેવડાવવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્યના અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી બેલ્ટમાં અત્યાર સુધીમાં રૂ. ૩૧૬૦ કરોડના ખર્ચે ૧૧ ઉદ્વહન સિંચાઈ યોજનાથી ૨ લાખ ૨૩ હજાર એકર જમીનને સિંચાઈ સુવિધા પૂરી પાડવામાં આવી છે. રાજ્ય સરકારના આ વર્ષના ૪ લાખ કરોડ રૂપિયાના ઐતિહાસિક બજેટમાં પણ આદિવાસી વિસ્તારોમાં સિંચાઈની સગવડ આપવા લિફ્ટ ઈરિગેશન માટે રૂ. ૪૮૫ કરોડની જોગવાઈ સુનિશ્ચિત કરી છે. છોટાઉદેપુર, દાહોદ અને પંચમહાલ જિલ્લામાં નર્મદા આધારિત લિફ્ટ ઈરિગેશનથી ૧૮ તાલુકાઓના ૫૧,૪૮૦ હેક્ટર જમીન વિસ્તારમાં ખેડૂતોને સિંચાઈ માટે પાણી પૂરું પાડવાનું પ્રાવધાન કર્યું છે. .

| વિગત | પંચમહાલ જિલ્લો | દાહોદ જિલ્લો |
|---|---|---|
| કુલ ખર્ચ (અંદાજે) | રૂ. ૭૩૨ કરોડ | રૂ. ૩૬૭ કરોડ |
| કામોની સંખ્યા | ૧૧૨ કામો | ૧૨૦૦થી વધુ કામો |
| મુખ્ય યોજના | પાનમ આધારિત ઉદવહન સિંચાઈ યોજના | આરોગ્ય, શિક્ષણ, રોડ અને પાણીની સુવિધા |
| લાભિત વિસ્તાર | શહેરા, ગોધરા, કાલોલ અને ઘોઘંબા | સમગ્ર દાહોદ જિલ્લો |
| વિશેષ નોંધ | ૭૯ ગામોના ૧૩૦ તળાવો ભરાશે | 'ઇન્સ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ' બનાવવાનો લક્ષ્યાંક |

આ લોકાર્પણ અને ખાતમુહૂર્ત અવસરે વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, સહકાર રાજ્યમંત્રી શ્રી રમેશભાઈ કટારા અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી શ્રી પૂનમચંદ બરંડા, સહિત વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ તેમજ વિશાળ સંખ્યામાં આદિજાતિ પરિવારો સહભાગી થયા હતા.

# વિધાનસભામાં કરાયેલાં સૂચનો-રજૂઆતો પર કાર્યવાહી કરવા આદેશ



રાજ્યના સર્વાંગી વિકાસ અને નાગરિકોના હિતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે હકારાત્મક અભિગમ અપનાવ્યો છે. રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના વિવિધ વિભાગોના સચિવશ્રીઓને સ્પષ્ટ આદેશ આપ્યા હતા કે, ધારાસભ્યશ્રીઓ દ્વારા ગૃહમાં નાગરિકોના હિતમાં જે કોઈ સૂચનો કરવામાં આવ્યાં હોય તેની વિગતવાર નોંધ લેવી. નીતિ વિષયક સુધારાથી નાગરિકોની સુખાકારીમાં વધારો થતો હોય, તો તેવી નીતિઓમાં જરૂરી સુધારા કરવા માટે તત્કાલ પ્રક્રિયા હાથ ધરવી. આ ઉપરાંત ધારાસભ્યશ્રીઓએ જનતાની સુખાકારી માટે કરેલાં હકારાત્મક સૂચનોને પૉઝિટિવ એપ્રોચ સાથે વહીવટી માળખામાં વણી લેવા પણ મુખ્યમંત્રીશ્રીએ બેઠકમાં આદેશ આપ્યો હતો. મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણયથી રાજ્ય સરકારની કામગીરીમાં વધુ પારદર્શિતા આવશે અને પ્રજાના પ્રશ્નોનો ઝડપી ઉકેલ આવશે.

# પોરબંદર : વિકાસની દૃષ્ટિએ મૉડેલ જિલ્લો




'વિરાસત ભી, વિકાસ ભી' ના મંત્રને સાર્થક કરતા વિકાસ પ્રકલ્પોની ભેટ પોરબંદરને મળી. વિકાસનાં વિવિધ કામોનાં ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ શહેરી સુવિધાનાં સર્વાંગી કાર્યોની શૃંખલામાં આગળ વધતા પોરબંદર નગરપાલિકાને મહાનગરપાલિકા તરીકેનો દરજ્જો આપી તેના આધુનિકીકરણ માટે આશરે રૂ. ૨૯૧ કરોડ જેવી માતબર રકમ ફાળવવામાં આવી છે. સમગ્ર જિલ્લા માટે કુલ રૂ. ૪૧૩.૮૧ કરોડથી વધુનાં વિકાસલક્ષી કામોનું આયોજન હાથ ધરાયું છે.

આ વિકાસયાત્રામાં માત્ર ભૌતિક માળખું જ નહીં, પરંતુ 'સર્વોદય વન' અને 'મોકર સાગર વેટલેન્ડ' જેવા પ્રોજેક્ટ્સ દ્વારા ઈકો-ટૂરિઝમને પણ વેગ આપવાનો સરકારનો નિર્ધાર છે. આ ઉપરાંત, ગ્રામીણ વિસ્તારોમાં RDSS યોજના હેઠળ રૂ. ૨૦ કરોડના ખર્ચે વીજ સુવિધાઓ સુદૃઢ કરવામાં આવી છે અને યુવાનોના કૌશલ્યવર્ધન માટે ITIમાં નવાં ભવનોનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે.

સાંસ્કૃતિક દૃષ્ટિએ પોરબંદરના મહત્ત્વને ઉજાગર કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, માધવપુરનો મેળો એ માત્ર ઉત્સવ નથી પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ અને રુક્મિણીજીના વિવાહ પ્રસંગ દ્વારા પશ્ચિમ ભારત અને ઉત્તર-પૂર્વનાં રાજ્યોને જોડતો 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નો અતૂટ સેતુ છે. મહાત્મા ગાંધીની જન્મભૂમિ અને સુદામાનગરી, એવા પોરબંદરમાં ભવ્ય સાંસ્કૃતિક વિરાસત છે તેના મહત્ત્વને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે પોરબંદર જિલ્લાનો સર્વાંગી વિકાસ થાય તે માટે શ્રેણીબદ્ધ આયોજન કર્યું છે. રાજ્ય સરકારે પોરબંદર જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષમાં ૨૧૦૦ કરોડનાં કામો કર્યાં છે.

આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, પોરબંદર શહેરમાં આધુનિક સુવિધાઓ માટે માતબર રકમ ફાળવવામાં આવી છે, જેમાં સ્ટ્રીટલાઇટ માટે રૂ. ૫૫ કરોડ, છાયા આઇકોનિક રોડ માટે રૂ. ૧૬ કરોડ અને ઐતિહાસિક લાઈબ્રેરીના હેરિટેજ રિસ્ટોરેશન માટે રૂ. ૫ કરોડનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, જિલ્લાના વિદ્યાર્થીઓ અને યુવાનો માટે આગામી બજેટમાં રૂ. ૧૦૦ કરોડના ખર્ચે 'રિજનલ સાયન્સ સેન્ટર'ની મંજૂરી આપવા બદલ તેમણે મુખ્યમંત્રીશ્રીનો વિશેષ આભાર માન્યો હતો. વન વિભાગ દ્વારા રૂ. ૨૦ કરોડના ખર્ચે તૈયાર થનાર 'સર્વોદય વન' વિશે વાત કરતાં તેમણે જણાવ્યું કે, આ પ્રોજેક્ટ પોરબંદરને પર્યાવરણ અને પ્રવાસન ક્ષેત્રે નવી ઓળખ અપાવશે.

### પોરબંદર જિલ્લાના વિકાસના કામો

- કુલ વિકાસ ભેટ: રૂ. ૪૧૩.૮૧ કરોડથી વધુના ૪૬ વિકાસકામો.
- ઈ-ખાતમુહૂર્ત: રૂ. ૩૨૦.૫૯ કરોડના ખર્ચે નિર્માણ પામનારા ૧૭ કામો.
- ઈ-લોકાર્પણ: રૂ. ૯૩.૨૨ કરોડના ખર્ચે પૂર્ણ થયેલા ૨૯ કામો.

**મુખ્ય પ્રોજેક્ટ્સ અને સુવિધાઓ**

- રૂ. ૨૦ કરોડના ખર્ચે તૈયાર થનાર 'સર્વોદય વન' પ્રૉજેક્ટ.
- 'મોકર સાગર વેટલેન્ડ' દ્વારા ઈકો-ટુરિઝમને વેગ.
- સ્ટ્રીટ લાઈટ માટે રૂ. ૫૫ કરોડ અને છાયા આઈકોનિક રોડ માટે રૂ. ૧૬ કરોડ.
- ઐતિહાસિક લાઈબ્રેરીના હેરિટેજ રિસ્ટોરેશન માટે રૂ. ૫ કરોડ.
- રૂ. ૧૦૦ કરોડના ખર્ચે 'રીજનલ સાયન્સ સેન્ટર'ની મંજૂરી.
- ITI માં નવા ભવનોનું નિર્માણ.

# જામનગરનો કાયાકલ્પ

નાનાં શહેરોને પણ મેટ્રો સિટીની તર્જ ઉપર વિકસાવવાના લક્ષ સાથે ગુજરાત સરકાર કામ કરી રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જામનગર જિલ્લાને રૂ. ૪૧૨.૧૬ કરોડના ખર્ચે ૨૮ કામોનાં ખાતમુહૂર્ત તથા ૨૯ કામોનાં લોકાર્પણ સહિત ૫૭ વિકાસકાર્યોની ભેટ આપી હતી.

વિકાસપ્રકલ્પોને જનસમર્પિત કરતાં જામનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના ઐતિહાસિક બજેટમાં જામનગર માટે ઇન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર અને સ્પૉર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવી આધુનિક જોગવાઈઓ કરાઈ છે. જામનગરમાં પાંચ વર્ષમાં રોડ અને અન્ય સુવિધાઓ માટે રૂ. ૧૭૭૫ કરોડનાં કામો થયાં છે. સાધના કૉલોનીના રહેવાસીઓ માટેના આવાસનું ખાતમુહૂર્ત થતાં, વર્ષો જૂના પ્રશ્નનો સુખદ અંત આવ્યો છે. જામનગરની વૈશ્વિક ખ્યાતિ અંગે ગૌરવ






વ્યક્ત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના પ્રયાસોથી જામનગર આજે વિશ્વના નકશા પર આયુર્વેદના ક્ષેત્રે WHOના 'ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન' તરીકે પ્રસ્થાપિત થયું છે. વંદે ભારત ટ્રેન અને જામનગર-અમૃતસર એક્સપ્રેસ-વે જેવી સુવિધાઓથી શહેરની કનેક્ટિવિટી મજબૂત થઈ છે, જેનો સીધો લાભ સ્થાનિક ઉદ્યોગોને મળશે.

વધુમાં મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, વર્ષ ૨૦૪૭ સુધીના આ અમૃતકાળમાં જામનગર 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ના નિર્માણમાં મહત્ત્વની લીડ લેશે અને સમગ્ર પંથક આ વિકાસકાર્યોથી અમૃતમય બનશે. આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં શહેરી વિકાસની પરિભાષા બદલાઈ છે. આવનારો દાયકો ગુજરાતના કાંઠાનાં શહેરોને ઉદ્યોગો અને પ્રવાસનથી ધબકતાં કરીને ગુજરાતના અગ્રીમ હરોળનાં શહેરોમાં ફેરવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ સાબિત થનાર છે. શિક્ષણ રાજ્યમંત્રી શ્રી રિવાબા જાડેજાએ મેટ્રોસિટી સમકક્ષ પ્રોજેક્ટ્સ જામનગરને આપવા બદલ મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ની ઉજવણી અન્વયે કૉફીટેબલ બુકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

જ્યારે હાપા એપીએમસી ખાતે વિશાળ ખેડૂત સંમેલનમાં જનમેદનનીને સંબોધતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારત માટે રજૂ કરેલા "ગ્યાન"ના ચાર સ્તંભ એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિ પૈકી અન્નદાતા તરીકે ખેડૂતો મુખ્ય છે. નાના ખેડૂતોનું જીવનધોરણ ઊંચું આવે, એ માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. સરકારે પ્રાકૃતિક ખેતી અભિયાન વેગવંતું બનાવ્યું છે. વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ખેડૂતોને યોગ્ય ટેકાના ભાવ મળી રહે તે માટે સરકાર પ્રતિબદ્ધ છે. ખેડૂતોને તેમના પાકનું યોગ્ય મૂલ્ય મળે, તેમની મહેનતનું સન્માન થાય તે માટે MSP વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં આવી રહી છે.

### જામનગરના વિકાસકામો

- કુલ રૂ. ૪૧૨.૧૬ કરોડના ખર્ચે ૫૭ વિકાસકાર્યો.
- ૨૯ વિકાસકામોના ઈ-લોકાર્પણ
- ૨૮ નવા વિકાસકામોનું ઈ-ખાતમુહૂર્ત
- ખેડૂત કલ્યાણ માટે હાપા APMCના રૂ. ૮૫ લાખના ખર્ચે અત્યાધુનિક 'ખેડૂત ભોજનાલય'
- રૂ. ૬૫ લાખના ખર્ચે નિર્મિત 'ખેડૂત આરામ ગૃહ'.
- સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સાધના કૉલોનીના નવા આવાસનું નિર્માણ.
- વંદે ભારત ટ્રેન અને જામનગર-અમૃતસર એક્સપ્રેસ-વે દ્વારા મજબૂત કનેક્ટિવિટી.
- જામનગરમાં છેલ્લા ૫ વર્ષમાં રોડ અને અન્ય સુવિધાઓ માટે રૂ. ૧૭૭૫ કરોડના કામો સંપન્ન.

# નવલપુર - સમરસ, સ્વચ્છ અને સોલર ગામ



સાબરકાંઠા જિલ્લાના વિકાસમાં એક નવું સોપાન ઉમેરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તલોદ તાલુકાના આદર્શ ગામ નવલપુરથી અંદાજે રૂ. ૭૨ કરોડનાં કુલ ૧૯૯૯ જેટલાં વિવિધ વિકાસકામોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યાં હતાં. મુખ્યમંત્રીશ્રીએ નવલપુર ગ્રામપંચાયતના નવા બિલ્ડિંગ તેમજ ગામના અમૃત સરોવર સ્થિત સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. ૧૯૯૯ જેટલાં વિકાસકાર્યોમાં વાહન વ્યવહાર વિભાગના રૂ. ૧૩૯૦ લાખનાં અને સામાન્ય વહીવટ વિભાગના રૂ. ૩૬૬૭ લાખનાં કામોનો સમાવેશ થયો હતો.

મુખ્યમંત્રીશ્રીએ સાબરકાંઠા જિલ્લામાંથી પસાર થતી કર્કવૃત્ત રેખાના ભૌગોલિક મહત્ત્વને વૈશ્વિક ઓળખ આપવા માટે રૂ. ૮ કરોડના ખર્ચે નિર્મિત અદ્યતન 'સાયન્સ પાર્ક'નું લોકાર્પણ કર્યું હતું. ૧.૫ એકરમાં ફેલાયેલા આ પાર્કમાં ટ્રોપિક ઑફ કૅન્સર ટાવર, સનડાયલ અને ઇનફોગ્રાફિક ઍક્ઝિબિશન હૉલ જેવી સુવિધાઓ છે, જે



બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવામાં મદદરૂપ નીવડશે. રાજ્ય સરકાર છેવાડાનાં બાળકો સુધી શ્રેષ્ઠ શિક્ષણ પહોંચાડવા કટિબદ્ધ છે અને જિલ્લામાં રૂ. ૫૧૮ લાખના ખર્ચે ૨૬ નવીન વર્ગખંડોનું નિર્માણ તે દિશામાં મક્કમ પગલું છે. તલોદ બસ ડેપોના વર્ષો જૂના પ્રશ્નનો સુખદ ઉકેલ લાવી નવા ડેપોના લોકાર્પણથી જિલ્લાના કેટલાય લોકોના રોજિંદા જીવનમાં સંઘર્ષ ઓછો થશે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર પાસે વિકાસનાં કામો માટે નાણાંનો કોઈ અભાવ નથી અને સરકાર છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચાડવા મન મૂકીને ખર્ચ કરી રહી છે. અધિકારીઓ અને નાગરિકો સરકારી કામને પોતાનું જ સમજીને કરે તો તેની ગુણવત્તા અને આયુષ્ય આપોઆપ વધી જાય છે. આ ગામમાં સરપંચથી લઈને તમામ સભ્યો મહિલાઓ છે, જે મહિલા સશક્તીકરણનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. નવલપુરે 'સમરસ ગામ'ના વિચારને ચરિતાર્થ કરવાની સાથે પાણીના મિટર જેવી આધુનિક સુવિધાઓ અને ૧૦૦% સોલાર સિસ્ટિમ અપનાવીને દેશને નવો રાહ ચીંધ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ ઓછું વજન ધરાવતી સગર્ભા માતાઓ માટેના 'લાલન-પાલન' કાર્યક્રમ અને બાળકોમાં ટાઇપ-૧ ડાયાબિટીસ નિયંત્રણ માટેની કામગીરીની પણ સરાહના કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આરોગ્ય ક્ષેત્રની આ બંને પહેલોમાં શ્રેષ્ઠ કામગીરી બદલ પ્રતિષ્ઠિત 'સ્કૉચ ઍવૉર્ડ' એનાયત થયો છે, જે જિલ્લા માટે ગૌરવની બાબત છે.



# “પી.એમ. કિસાન ઉત્સવ દિવસ”ની ઉજવણી



ભારત એક કૃષિપ્રધાન દેશ છે અને દેશનો ખેડૂત ખરા અર્થમાં દેશના અર્થતંત્રનું હૃદય છે. આથી તેમની સુખાકારી એ કેન્દ્ર અને રાજ્ય સરકારની પ્રાથમિકતા રહી છે. રાત-દિવસ મહેનત કરી સમગ્ર પરિવાર તથા સમાજનું ભરણપોષણ કરતા ખેડૂતોને આર્થિક ટેકો આપવા માટે સમગ્ર દેશમાં 'પીએમ કિસાન સન્માન નિધિ' યોજના અમલી છે. કુદરતી આફત હોય કે અન્ય કોઈ મુસીબત, સરકાર હંમેશાં ખેડૂતોની પડખે રહી છે.

પીએમ-કિસાન યોજના એ કેન્દ્ર સરકારની યોજના છે જે વડાપ્રધાનશ્રી દ્વારા ૨૦૧૯માં જમીન ધરાવતા ખેડૂતોની નાણાકીય જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે શરૂ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ, DBT દ્વારા ખેડૂતોના આધાર-લિંક્ડ બૅંક ખાતાઓમાં દર વર્ષે ૬,૦૦૦/- રૂપિયાનો નાણાકીય લાભ ત્રણ સન્માન હપતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આસામના ગુવાહાટી ખાતેથી “પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના”નો ૨૨મો હપતો રિલીઝ કરીને દેશના ૯.૩૨ કરોડ ખેડૂતોનાં બૅંક ખાતામાં કુલ રૂ. ૧૮,૬૪૦ કરોડથી વધુની સહાય જમા કરી.

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્યકક્ષાનો “પી.એમ. કિસાન ઉત્સવ દિવસ” કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં રાજ્યના કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને કૃષિ રાજ્યમંત્રી શ્રી રમેશભાઈ કટારા ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં મુખ્યમંત્રીશ્રીએ ખેડૂત લાભાર્થીઓને કૃષિ, બાગાયતની ખેતીલક્ષી વિવિધ યોજનાઓની સહાયનું વિતરણ કર્યું હતું. ત્યારબાદ મહાનુભાવો સહિત રાજ્યના હજારો ખેડૂતોએ વડાપ્રધાનશ્રીના સંબોધનનું જીવંત પ્રસારણ એકસાથે નિહાળ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી જ તેમણે ખેડૂતોની સમસ્યાઓને સંવેદના સાથે વાચા આપી છે. ભૂતકાળમાં આપણે પાણીની જે વિકટ પરિસ્થિતિઓ જોઈ છે, તેમાંથી ખેડૂતોને બહાર લાવવાનું ભગીરથ કામ વડાપ્રધાનશ્રીએ કર્યું છે. નર્મદા કૅનાલના નેટવર્ક દ્વારા છેવાડાના વિસ્તારો સુધી પાણી પહોંચાડીને ખેતીને નવું જીવન આપ્યું છે. પાણીના સુદૃઢ આયોજન દ્વારા ખેડૂતોને પડતી મુશ્કેલીઓનો અંત આવ્યો છે. વીજળીના પ્રશ્ને વાત કરતાં તેમણે ઉમેર્યું કે, અગાઉ ખેડૂતો રાત્રે વીજળી મળવાને કારણે મુશ્કેલી અનુભવતા હતા, પરંતુ વડાપ્રધાનશ્રીના પ્રયાસોથી આજે ગુજરાતમાં ૨૪ કલાક અને ૩૬૫ દિવસ વીજળી ઉપલબ્ધ છે. લગભગ ૯૬થી ૯૮% ખેડૂતોને હવે દિવસે વીજળી પૂરી પાડવામાં આવે છે.



# દિવ્યાંગજનો પ્રત્યે રાજ્ય સરકારનો સંવેદનાસભર અભિગમ



દિવ્યાંગજનો સમાજનો એ સ્તંભ છે જે મક્કમ મનોબળથી વ્યક્તિ, પરિવાર અને સમાજને સશક્ત બનાવે છે. દિવ્યાંગજનો પોતાનાં રોજિંદાં કામકાજ સરળતાથી કરી શકે તેમજ તેમને એક સ્થળેથી બીજા સ્થળે અવરજવરમાં સુગમતા રહે તેવા દિવ્યાંગ હિતલક્ષી અભિગમથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે દિવ્યાંગજનો માટે મોટરાઈઝ્ડ ટ્રાઈસિકલ અને જોયસ્ટિક વ્હીલચૅર આપવાની યોજના શરૂ કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરથી રાજ્યના ૩૪ જિલ્લાઓના ૪૦૦૦ દિવ્યાંગજનોને પ્રથમ વખત મોટરાઈઝ્ડ ટ્રાઈસિકલ તથા ૧૬૭૬ દિવ્યાંગોને જોયસ્ટિક વ્હીલચૅર એમ કુલ ૩૬.૭ કરોડ રૂપિયાની સાધનસહાયનું વિતરણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરમાં પ્રતીકરૂપે ૪૦ જેટલા દિવ્યાંગોને આ મોટરાઈઝ્ડ ટ્રાઈસિકલ અને જોયસ્ટિક વ્હીલચૅર અર્પણ કરી એ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા, સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્યમંત્રી ડૉ. મનીષાબહેન વકીલ ઉપસ્થિત રહ્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રીએ દિવ્યાંગ લાભાર્થીઓ સાથે લાગણીસભર સંવાદ કરીને તેમના જીવનમાં આ સાધનસહાયથી આવનારા પરિવર્તન અને સુગમતા વિશે વાતચીત કરી હતી. આ યોજના કાર્યરત થતાં પહેલાં દિવ્યાંગ સાધન સહાય યોજના અન્વયે હાથથી ચલાવી શકાય તેવી સાદી ટ્રાઈસિકલ અને વ્હીલચૅર આપવામાં આવી હતી. આના પરિણામે દિવ્યાંગજનોને વધારે શારીરિક શ્રમ કરવો પડતો હતો અને દૂર સુધી જવા આવવામાં પણ ઘણી તકલીફોનો સામનો કરવો પડતો હતો. મુખ્યમંત્રીશ્રીએ દિવ્યાંગજનોની આ વેદના સમજીને તેમાંથી તેમને મુક્તિ અપાવવાના કરેલા સંવેદનશીલ નિર્ણયના પરિણામે દિવ્યાંગ લાભાર્થીઓને મોટરાઈઝ્ડ ટ્રાઈસિકલ અને જોયસ્ટિક વ્હીલચૅર આપવાનો નિર્ણય કર્યો.

દિવ્યાંગ લાભાર્થીઓને આ નવાં સાધન મળવાથી ટ્રાઈસિકલ અને વ્હીલચૅર હાથથી ચલાવવામાંથી મુક્તિ મળશે અને તેઓની રોજબરોજની દૈનિક ક્રિયામાં તથા પોતાના કાર્યસ્થળે પહોંચવામાં ખૂબ જ સરળતા થશે. આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ દિવ્યાંગજનોની સુગમતા માટે વધુ એક સંવેદનશીલ નિર્ણય લઈને દિવ્યાંગોને જોયસ્ટિક વ્હીલચૅર આપવાની યોજનામાં પણ વર્ષ ૨૦૨૬-૨૭થી સહાયનું ધોરણ વધારવાના દિશા-નિર્દેશો આપ્યા છે.



લોકોમોટર ડિસેબિલિટી સૅરેબ્રલ પાલ્સી અને મસ્ક્યુલર ડ્રિસ્ટ્રોફી મલ્ટિપલ ડિસેબિલિટી પ્રકારની દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને અવરજવર કરવામાં સુગમતા રહે અને મુસાફરી દરમિયાન પણ જોયસ્ટિક વ્હીલચૅર સાથે રાખી શકે તે હેતુસર સાદી જોયસ્ટિક વ્હીલચૅરના સ્થાને હવે ફોલ્ડિંગ જોયસ્ટિક વ્હીલચૅર માટે સહાયની રકમમાં વધારો કરીને રૂ. ૧.૧૦ લાખ કરવામાં આવી છે. મસ્ક્યુલર ડિસ્ટ્રોફી પ્રકારની દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીની સહાય લાભ મેળવવાની પાત્રતામાં વયમર્યાદા ૧૮ વર્ષથી ઘટાડીને ૧૦ વર્ષ કરવાનો નિર્ણય પણ મુખ્યમંત્રીશ્રીએ કર્યો છે. તેમણે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગને લાભાર્થી સહાય માટે સેચ્યુરેશન એપ્રોચ અપનાવીને રાજ્ય સરકારની સાધનસહાયથી એક પણ જરૂરતમંદ દિવ્યાંગ લાભાર્થીઓ વંચિત ન રહે તે માટે પણ સૂચનાઓ આપી છે. દિવ્યાંગજનો માટેનાં આ સહાયક સાધનો ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ ALIMCO દ્વારા બનાવવામાં આવ્યાં છે.

# ગુજરાત બનશે AI હબ: ગાંધીનગરમાં 'સ્ટાર્ટ-અપ સંવાદ'



ભારતમાં સ્ટાર્ટ-અપ સંસ્કૃતિ ઝડપથી વિકસી રહી છે, જે યુવાનોને સ્વરોજગાર માટે પ્રોત્સાહિત કરે છે. ગુજરાતે પણ સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહિત કરી વિકાસની ગતિને વધારવાનું લક્ષ્ય રાખ્યું છે. ગુજરાતને યુવા સ્ટાર્ટ-અપ્સના સ્કેલેબલ અને ઈફેક્ટિવ સૉલ્યુશન્સથી વધુ સક્ષમ કરીને AI અને ઊભરતી ટૅક્નોલૉજી માટે ગ્લોબલ સેન્ટર બનાવવાની દિશામાં ગાંધીનગરમાં સ્ટાર્ટ-અપ સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિવિધ રાજ્યોના ૨૪ જેટલા ઉચ્ચ સંભવિત સ્ટાર્ટ-અપ્સ સાથે પ્રત્યક્ષ સંવાદ કરીને તેમના અનુભવો અને ઈનોવેશન વિશે જાણવામાં ખૂબ જ ઉત્સુકતા દર્શાવી હતી.

નાણાકીય શિસ્ત સાથે નવી ટૅક્નોલૉજીને ઝડપથી અપનાવવામાં ગુજરાત દેશમાં મોખરે છે. ઈમર્જિંગ સેક્ટર્સ એવા એ. આઈ., સેમિકંડક્ટર અને ગ્રીન ગ્રોથ દ્વારા સસ્ટેનેબલ ડેવલપમેન્ટનાં લક્ષ્યો સિદ્ધ કરવા તરફ ગતિ કરી છે તેમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યની વિકાસ પ્રાથમિકતાઓ અને સુશાસનની જરૂરિયાતો સમજવા સાથોસાથ તેને સુસંગત નવીન ટૅક્નોલૉજીથી સ્ટાર્ટ-અપ સપોર્ટ માટે દેશભરના સ્ટાર્ટ-અપ્સને એક પ્લૅટફૉર્મ પર લાવવાનો હેતુ આ સંવાદથી પાર પડશે.

રાજ્ય સરકાર સાથે કામ કરવા માટે પ્રતિભાશાળી સ્ટાર્ટઅપ્સને પ્રાથમિકતા આપવાની સરકારની નેમ છે, જેથી નવા ઉદ્યમીઓને પ્રોત્સાહન મળે. AI ના ઉપયોગથી સરકારી કામકાજની ગતિ વધારવી, કામમાં વધુ પારદર્શિતા લાવવી અને છેવાડાના માનવી સુધી સરકારી યોજનાઓના લાભો ટૅક્નોલૉજીના સહારે ઝડપથી પહોંચાડવા તે જ સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ટૅક્નોલૉજી આધારિત વિકાસમાં 'ક્વૉલિટી' રાજ્ય સરકારની પ્રાથમિકતા છે.

મુખ્યમંત્રીશ્રી અને સૌ ઉપસ્થિતો સમક્ષ ઍગ્રિકલ્ચર સેક્ટરમાં એ.આઈ. ટૅક્નોલૉજીના વિવિધ ઉપયોગ અંગેના પાંચ સ્ટાર્ટઅપ, હેલ્થ સેક્ટરમાં ૩ તેમજ શિક્ષણના વિવિધ આયામો પર એ.આઈ. આધારિત કામગીરી કરતા ૬ અને ગવર્નમેન્ટ અને ઈન્ડસ્ટ્રીઝ સેક્ટરના ૧૦ જેટલા સ્ટાર્ટ-અપે પોતાની કામગીરી અને પ્રોડક્ટનું પ્રસ્તુતીકરણ કર્યું હતું.

આ AI સંવાદ દરમિયાન સાયન્સ એન્ડ ટૅક્નોલૉજી વિભાગ અને સર્વમ AI તથા MIKO સ્ટાર્ટ-અપ સાથે MOU કરવામાં આવ્યા હતા. ઉપરાંત AI સેન્ટર ઑફ એક્સેલન્સ, ગુજરાતની પેમેન્ટ મોડાલિટીઝનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ MOU અન્વયે સર્વમ AI દ્વારા ગુજરાતમાં એક આધુનિક Sovereign AI પાર્ક ઊભો કરાશે. આ AI પાર્કમાં હાઈ-એન્ડ કમ્પ્યૂટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રિસર્ચ અને ઈનોવેશન માટે સેન્ટર્સ, યુવાનો માટે સ્કિલ ડેવલપમેન્ટ, સરકાર માટે AI આધારિત સૉલ્યુશન્સ, નાગરિક સેવાઓમાં સુધારા માટે ટૅક્નોલૉજી જેવી બધી સુવિધાઓ વિકસાવાશે. આ MOUને પરિણામે આગામી પાંચ વર્ષમાં મોટી સંખ્યામાં રોજગારની તકો તથા AI અને નવી ટૅક્નોલૉજીની મજબૂત ઈકોસિસ્ટિમ ઊભી થશે. સ્ટાર્ટ-અપ્સ અને ઈનોવેશનને પ્રોત્સાહન મળશે તેમજ સરકારી સેવાઓ વધુ સ્માર્ટ અને ઝડપી બનશે.

ગુજરાત સરકારે AI ઈનોવેશન ચૅલેન્જ હેઠળ સ્ટાર્ટ-અપ્સને નવીન AI સૉલ્યુશન્સ વિકસાવવા અને ઝડપથી અમલમાં મૂકવા ફાઈનાન્શિયલ સપોર્ટ મૉડેલ જાહેર કર્યું છે. જેથી સ્ટાર્ટ-અપ્સને Proof of Concept (PoC) વિકાસથી લઈને પ્રોડક્શન રોલઆઉટ સુધીના તમામ તબક્કામાં મજબૂત આર્થિક સહાય મળશે.

આ પહેલ અંતર્ગત PoC તબક્કા માટે સ્ટાર્ટ-અપ્સને યૂઝ કેસ અનુસાર સીધી નાણાકીય મદદ આપવામાં આવશે. આ ઉપરાંત, સ્ટાર્ટ-અપ્સને ૪ વર્ષ સુધી સપોર્ટ મળશે, જેમાં ગુજરાત સ્ટેટ ડેટા સેન્ટર અને AI CoEના મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો લાભ પણ મેળવી શકાશે.

આ ફાઈનાન્શિયલ સપોર્ટ મૉડેલથી સ્ટાર્ટ-અપ્સને ગુજરાત સરકાર સાથે સીધું કામ કરવાની તક મળશે. રાજ્યને પણ હાઈ-ઈમ્પેક્ટ AI સૉલ્યુશન્સનું ઝડપી અમલીકરણ, સરકારી સેવાઓમાં વધુ કાર્યક્ષમતા તેમજ પારદર્શિતા, મજબૂત સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટિમ અને ગુજરાતને AI ઈનોવેશન હબ તરીકે સ્થાપિત કરવાના લાભો પ્રાપ્ત થશે.

# પીએનજી ગેસ તથા પેટ્રોલિયમ પ્રોડક્ટ્સની સ્થિતિ અંગે સમીક્ષા



એક જ સ્થાને એક જ સમયે સંબંધિત વિષયને લગતા લોકો મળીને નાગરિકોની સમસ્યાઓના નિવારણ માટે એકત્રિત થાય ત્યારે પડકારજનક પરિસ્થિતિમાંથી પાર ઊતરવાનો અસરકારક અને ત્વરિત માર્ગ મળી રહેતો હોય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે રાજ્યમાં પીએનજી ગેસ તથા પેટ્રોલિયમ પ્રોડક્ટ્સની સ્થિતિ અંગે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ બેઠકમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો કે, રાજ્યના જે વિસ્તારોમાં સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન માટેનું પાઈપલાઈન ગેસ વિતરણ નેટવર્ક ઉપલબ્ધ છે તેવા વિસ્તારોમાં રેસ્ટોરન્ટ, હોટેલ્સ, શૈક્ષણિક સંસ્થાઓ, સામાજિક-ધાર્મિક સંસ્થાઓ તેમની જરૂરિયાત મુજબ નવા પીએનજી કનેક્શનની માંગણી કરે તો ત્યાં તાત્કાલિક અસરથી કનેક્શન આપી દેવાશે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, ઊર્જામંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, અન્ન નાગરિક પુરવઠામંત્રી શ્રી રમણભાઈ સોલંકી આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યમાં પ્રાકૃતિક ગેસ પુરવઠાની વર્તમાન સ્થિતિ અંગેની સમીક્ષા કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં પ્રાકૃતિક ગેસ પુરવઠો (પીએનજી)ના ડૉમેસ્ટિક ઉપયોગ માટે ઘરે-ઘરે પાઈપલાઈન દ્વારા ગેસ પુરવઠો મેળવી રહેલા નાગરિકો માટે રાજ્યમાં પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. આ સમીક્ષા બેઠકમાં સંબંધિત વિભાગોના મંત્રીઓ સહિત વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વહીવટી સેવામાં ગુજરાતનો દબદબો: મુખ્યમંત્રીએ સફળ ઉમેદવારોને નવાજ્યા



ગુજરાતના યુવાનો હવે રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરની વહીવટી સેવાઓમાં પોતાની ક્ષમતા પુરવાર કરી રહ્યા છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સરદારધામ અને રાજ્ય સરકારની સંસ્થા 'સ્પિપા' (SPIPA) ખાતે તાલીમ મેળવીને UPSC અને GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઝળહળતી સફળતા મેળવનારા યુવાનોને બિરદાવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ આ યુવાનોને પ્રોત્સાહિત કરતા સ્પષ્ટ જણાવ્યું હતું કે, સરકારી સેવા એ માત્ર નોકરી નથી પરંતુ પુણ્ય કમાવવાની અને છેવાડાના માનવીની સેવા કરવાની એક ઉત્તમ તક છે.

સરદારધામ ખાતે આયોજિત ભવ્ય સન્માન સમારોહમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે UPSCમાં સફળ થયેલા 5 ઉમેદવારો અને ગુજરાત જાહેર વહીવટી સેવા (GPSC)ની પરીક્ષાઓમાં સફળ થયેલા 1337 વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે સફળ ઉમેદવારોને ચેક અને સ્મૃતિ ચિહ્ન એનાયત કરવામાં આવ્યા હતા. આ જ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ 'ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-2026'નું કર્ટેન રેઝર લોન્ચ કરવાની સાથે સમાજના દાતાશ્રીઓ અને પૂર્વ સનદી અધિકારીઓનું પણ બહુમાન કર્યું હતું. તેમણે ઉમેદવારોને શિખામણ આપતા કહ્યું કે, પરીક્ષા પાસ કરીને તમે બૌદ્ધિક ક્ષમતા તો સાબિત કરી દીધી છે, પરંતુ હવે આ બુદ્ધિશક્તિનો લોકહિત માટે સદુપયોગ કરવાનો ખરો સમય શરૂ થયો છે. વહીવટી નિર્ણયોમાં પારદર્શિતા અને સંવેદનશીલતા જ તમારી કારકિર્દીની સાચી ઓળખ બનશે.

બીજી તરફ, રાજ્ય સરકાર સંચાલિત સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (SPIPA) દ્વારા તાલીમ મેળવીને UPSC સિવિલ સર્વિસિઝ પરીક્ષા-2025માં સફળ થયેલા 35 યુવાઓએ પણ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. રાજ્યમાં 1992થી કાર્યરત સ્પિપાના સેન્ટર દ્વારા નિ:શુલ્ક તાલીમ મેળવીને આ યુવાનોએ રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. આ નવયુવાન અધિકારીઓ સાથે સહજ સંવાદ સાધતા મુખ્યમંત્રીશ્રીએ આહ્વાન કર્યું હતું કે, સરકાર અને પ્રજા વચ્ચે સૌહાર્દ જળવાય અને રાજ્ય સેવાથી રાષ્ટ્ર સેવાના દાયિત્વને તેઓ હંમેશા પ્રાથમિકતા આપે. વંચિત અને સામાન્ય માનવી માટે સંવેદનાત્મક અભિગમ અપનાવીને એક આદર્શ વહીવટકર્તા બનવા માટે તેમણે તમામ સફળ ઉમેદવારોને ઉજ્જવળ કારકિર્દીની શુભકામનાઓ પાઠવી હતી.

# તમામ વિધાસનભા વિસ્તારો માટે બસો જનસમર્પિત



મજબૂત પરિવહન માળખું રાજ્યના વિકાસની સાબિતી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તથા વાહન-વ્યવહાર રાજ્યમંત્રી શ્રી પ્રવીણભાઈ માળીના હસ્તે રાજ્યના તમામ ૧૮૨ વિધાનસભા વિસ્તાર માટે ૧૮૨ બસોને મુસાફરોની સેવા માટે લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ સમારોહમાં રાજ્યમંત્રીમંડળના મંત્રીશ્રીઓ, ધારાસભ્યો, પદાધિકારીઓ સહભાગી થયા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ નવીન બસોના ડ્રાઈવર્સને પ્રતીકરૂપે ચાવી અર્પણ કરી હતી. રાજય સરકાર દ્વારા દર



વર્ષે નવી એસ.ટી બસો ખરીદવા એસ.ટી નિગમને નાણાકીય સહાય અપાય છે, તે અંતર્ગત ૨૦૨૪-૨૫માં ૯૬૩ સુપર એક્સપ્રેસ, ૫૫૦ ગુર્જર નગરી, ૧૦૦ સ્લીપર બસ, ૩૫૦ બસ મળીને ૧૯૬૩ વાહનો પ્રજાજનોની સેવામાં મુકાયાં છે.

PPP ધોરણે અત્યાધુનિક ૨૦૦ નવીન વોલ્વો અને એ.સી. બસો સંચાલનમાં મૂકવા પણ આયોજન કરાયું છે. સમગ્રતયા ૧૯૬૩ નોન એ.સી તથા ૨૦૦ એ.સી. બસો વિવિધ તબક્કે પ્રજાની સેવામાં મુકાઈ છે.

# રાજ્યના ITIના યુવાનો અને શ્રમયોગીઓ માટે સેવાકીય લોકાર્પણ

ઈલેક્ટ્રિક વાહનોના વધતા જતા વ્યાપ અને તે ક્ષેત્રમાં સર્જાનારી રોજગારીની વિપુલ તકોને ધ્યાને રાખીને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં સરકારે ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને આધુનિક ટેક્નોલૉજીથી સજ્જ કરવા માટેની કામગીરી હાથ ધરી છે. ઑટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીઝમાં ઈલેક્ટ્રિક વાહન સેક્ટરમાં બૅટરી ટેક્નોલૉજી, ઈલેક્ટ્રિક પાવરટ્રેન અને એમ્બેડ સૉફ્ટવેરમાં નિષ્ણાતોની માંગ વધી રહી છે ત્યારે આ ઉદ્યોગોને સ્કિલ મેનપાવર મળી રહે તે માટે ઑટોમોબાઈલ સેક્ટરના વ્યવસાયોમાં સિલેબસ આધારિત ૪૦ ઈલેક્ટ્રિક કાર આઈ.ટી.આઈને ઉપલબ્ધ કરાવીને



તાલીમાર્થીઓને નવીનતમ ટેક્નોલૉજી સંબંધિત તાલીમ આપવાનું લક્ષ્ય રાજ્ય સરકારે રાખ્યું છે.

આ લક્ષ્યને સાર્થક કરતા રાજ્યની આઈ.ટી.આઈ.માં મોટર મિકેનિક ટ્રેડના ૮૦૦૦થી વધુ તાલીમાર્થીઓને ઈલેક્ટ્રિક વિહિકલ સંબંધિત નવીન ટેક્નોલૉજીની તાલીમ આપવાનાં આવશે. મુખ્યમંત્રીશ્રીએ ૪૦ ઈલેક્ટ્રિક કારની સાથે ૫૦ ધન્વંતરિ આરોગ્ય રથ અને ૬ મોબાઈલ મેડિકલ વાનનાં લોકાર્પણ કર્યાં હતાં. બાંધકામ શ્રમિકોને તેમના ઘરઆંગણે પ્રાથમિક તબીબી સારવાર મળી રહે તે હેતુથી ધન્વંતરિ આરોગ્ય રથમાં પ્રાથમિક ઈજાઓમાં સારવાર, પ્રારંભિક લૅબોરેટરી તપાસ, બાળકો તેમજ સગર્ભા મહિલાઓની પ્રાથમિક સારવાર આપવા સહિતનાં વિવિધ નિદાન સ્થળ પર જ કરીને વિનામૂલ્યે આરોગ્યની સારસંભાળ લેવામાં આવે છે. આ કાર્યક્રમમાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્ય સ્વાગતમાં ૧૦૦થી વધુ નાગરિકોની સમસ્યાનું સુખદ સમાધાન




સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણના માર્ચ-૨૦૨૬માં યોજાયેલા રાજ્ય સ્વાગતમાં ૧૦૦થી વધુ અરજદારને તેમની રજૂઆતોનું તાત્કાલિક નિવારણ પ્રાપ્ત થયું. રાજ્ય સ્વાગત ઉપરાંત જિલ્લા સ્વાગતમાં ૧૨૧૮ અને તાલુકા સ્વાગતમાં ૨૨૯૪ રજૂઆતો અંગે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્ય સ્વાગતમાં ઘરમાંથી કાઢી મૂકવા તથા શારીરિક અને માનસિક ત્રાસ આપવા બાબતે વૃદ્ધ માતાની ફરિયાદ અંગે સંવેદના દર્શાવીને તાત્કાલિક ધોરણે નાયબ કલેક્ટરના હુકમનો અમલ થાય તે સુનિશ્ચિત કરવા બાબતે જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ અધીક્ષકને સૂચનાઓ આપી હતી. તેમજ સરદાર કૃષિનગર યુનિવર્સિટી, દાંતીવાડામાં છેલ્લાં ૪૦ વર્ષથી ચાલતી પ્રાથમિક શાળામાં ભણતાં ૩૦૦ બાળકોના હિતને પ્રાધાન્ય આપીને યુનિવર્સિટી દ્વારા તાત્કાલિક ધોરણે શાળાના બાંધકામને મંજૂરી આપવા માટેની કાર્યવાહીનું સૂચન કર્યું હતું.

ઉપરાંત રાજ્યના વિવિધ વિસ્તારોના ખેડૂતોની સમસ્યાઓનો પણ પ્રાથમિકતાના ધોરણે નિકાલ કરવાના આદેશો આપ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ખેડૂતોના પ્રશ્નો અંગે સ્થાનિક વહીવટીતંત્રને તાકીદના ધોરણે નિવારણ કરવા માટે દિશાનિર્દેશો કર્યા હતા. રાજ્ય સ્વાગત અંતર્ગત રાજ્યના નાગરિકોના પ્રશ્નોનું સમયમર્યાદામાં, ન્યાયિક અને તટસ્થ રીતે નિરાકરણ કરીને રાજ્ય સરકાર પ્રત્યે નાગરિકોનો વિશ્વાસ વધુ મજબૂત થાય તેવી સંવેદનાપૂર્ણ કામગીરી માટે ગુજરાત સરકારનું વહીવટીતંત્ર નિષ્ઠા સાથે કાર્યરત છે.

# હવે કોઇ લાઇન નહીં પણ ઓનલાઇન : સુગમ ડિજિટલ ગુજરાત

ગુજરાત સરકાર નાગરિકોના ઇઝ ઑફ લિવિંગ માટે પ્રતિબદ્ધ છે. 'નાગરિક દેવો ભવ'ના ભાવ સાથે 'સુગમ ડિજિટલ ગુજરાત' એ રાજ્ય સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવેલી મહત્ત્વની ઓનલાઇન પહેલ છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ સરકારી સેવાઓને 'ફેસલેસ, કેશલેસ અને પેપરલેસ' બનાવી નાગરિકોને તે ઘરે બેઠાં ઉપલબ્ધ કરાવવાનો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે રાજ્યના વહીવટી તંત્રને નાગરિક-કેન્દ્રી બનાવવાના હેતુથી 'સુગમ ડિજિટલ ગુજરાત' પહેલનો વિધિવત્ પ્રારંભ કરાવ્યો હતો. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ GARCના પાંચમા અહેવાલની ભલામણોને આધારે ૫ વિભાગોની ૨૦ હાઇ-ટ્રાન્ઝેક્શન સેવાઓનું ઓનલાઇન સરળીકરણ જાહેર કર્યું જેથી આવક-જ્ઞાતિના દાખલા, રૅશનકાર્ડ અને સોગંદનામા જેવી સેવાઓ લોકોને સરળતાથી મળી રહેશે.



મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્યમાં 'સ્વાગત ઓનલાઇન' વડે ટૅક્નોલૉજીના ઉપયોગને પ્રાથમિકતા આપી ખૂબ સારું પરિણામ પ્રાપ્ત થયું છે. તમામ લોકોને ઘરે બેઠાં સેવાઓ પૂરી પાડવા ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે. આ ડિજિટલ પ્રક્રિયામાં જો નાગરિકોને ક્યાંય પણ મુશ્કેલી જણાય તો તેના નિવારણને સૌથી વધુ મહત્ત્વ આપવામાં આવે છે. આ પહેલની વ્યવસ્થામાં ડેટા ડિજિટલ હોવાને કારણે નાગરિકે દરેક નવી સેવા માટે ફરી-ફરીને એના એ જ પેપરો આપવા નહીં પડે.

# જલ જીવન મિશન 2.0 અંતર્ગત કેન્દ્ર સરકાર સાથે MOU



રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છ અને પૂરતું પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવાની દિશામાં વધુ એક મહત્ત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલની ઉપસ્થિતિમાં રાજ્ય સરકાર અને કેન્દ્રના પેયજળ અને સ્વચ્છતા વિભાગ વચ્ચે જલ જીવન મિશન 2.0 અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં પાણીની સુવિધા વધુ સુલભ બનાવવા MoU સંપન્ન થયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર કેન્દ્રની દરેક યોજનાનું અગ્રતાના ધોરણે સફળ અમલીકરણ કરે છે. જલ જીવન મિશન 2.0 અંતર્ગત થયેલા આ એમ.ઓ.યુ. રાજ્યના ગ્રામીણ વિકાસમાં એક માઈલસ્ટોન સાબિત થશે.જલ જીવન મિશન 2.0 અંતર્ગત ૨૦૨૮સુધી પાણી પુરવઠા વ્યવસ્થાનું વધુ મજબૂતીકરણ, નિયમિતતા અને સસ્ટેનેબિલિટી સુનિશ્ચિત કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો છે. આ એમ.ઓ.યુ. મુજબ રાજ્યના તમામ ગ્રામીણ વિસ્તારોમાં સતત અને ગુણવત્તાયુક્ત પાણી પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવશે તેમજ “Har Ghar Jal” પ્રમાણપત્ર પ્રાપ્ત કરવા માટે પ્રયત્નો વધુ વેગવાન બનશે. MoU અંતર્ગત પાણી પુરવઠા યોજનાઓ સમયસર અને ગુણવત્તાપૂર્વક પૂર્ણ કરી ગ્રામ-પંચાયતોને સોંપવી, ઑપરેશન અને મેન્ટેનન્સ (O&M) સુનિશ્ચિત કરવું, ગામ સ્તરે વિલેજ વૉટર એન્ડ સૅનિટેશન કમિટિ (VWSC) દ્વારા પાણી વ્યવસ્થાનું સંચાલન, પાણી સ્રોતોની લાંબા ગાળાની સુરક્ષા અને સસ્ટેનેબિલિટી પર ભાર મૂકવો વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

આ MoU હેઠળ કેન્દ્ર સરકાર માર્ગદર્શન, ફંડિંગ અને મૉનિટરિંગ કરશે, જ્યારે રાજ્ય સરકાર અમલીકરણ, નીતિ સુધારા અને ટૅક્નિકલ સપોર્ટની જવાબદારી નિભાવશે. આ વેળાએ કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ અને પાણી પુરવઠા રાજ્ય મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા.

# સરદાર સરોવરમાં ૭૪ ટકાથી વધુ પાણીનો સંગ્રહ

ઉનાળાની સિઝનમાં રાજ્યના પ્રત્યેક નાગરિકને પીવાનું અને ખેડૂતોને સિંચાઈ માટેનું પૂરતું પાણી ઉપલબ્ધ થઈ શકે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યનાં જળાશયોમાં ઉપલબ્ધ પાણીના જથ્થાની માહિતી મેળવી હતી.

ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલી કૅબિનેટ બેઠકમાં ચર્ચાયેલા વિષયો અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ચોમાસામાં સારા વરસાદના પરિણામે રાજ્યનાં મુખ્ય જળાશયોમાં હાલની સ્થિતિએ કુલ ૬.૪૬ લાખ MCFT (મિલિયન ક્યુબિક ફીટ) એટલે કે ૭૨ ટકાથી વધુ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે પાણીનો જથ્થો ૪.૧૫ ટકા વધારે એટલે કે પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં ૭૪ ટકાથી વધુ એટલે કે ૨.૪૭ લાખ MCFT પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે. રાજ્યમાં સૌથી વધુ દક્ષિણ ગુજરાતમાં ૨.૩૪ લાખથી વધુ MCFT પાણીનો જથ્થો જળાશયોમાં ઉપલબ્ધ છે. મધ્ય ગુજરાતમાં ૬૫,૧૭૯ MCFT, ઉત્તર ગુજરાતમાં ૪૧,૮૪૨ MCFT, સૌરાષ્ટ્રમાં ૫૩,૬૨૧ અને કચ્છ વિસ્તારમાં ૪,૩૯૨ MCFT પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે.






**જળ સંવર્ધન :** કેન્દ્ર સરકારના જળ શક્તિ મંત્રાલય દ્વારા નવી દિલ્હી ખાતે આયોજિત 'જલ મહોત્સવ - ૨૦૨૬'માં ડાંગ જિલ્લાએ રાષ્ટ્રીય ફલક પર સિદ્ધિ હાંસલ કરી છે. ડાંગના વઘઈ તાલુકાના ઘોડવહળ ગામના પાણી સમિતિનાં સભ્ય શ્રીમતી સંગીતાબહેનને ગ્રામીણ વિસ્તારોમાં 'જલ જીવન મિશન' હેઠળ શુદ્ધ પાણી પૂરું પાડવાના અભિયાનમાં "FTK આધારિત પાણીની ગુણવત્તાની દેખરેખ"માં ઉત્કૃષ્ટ કાર્ય કરવા બદલ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના હસ્તે પ્રશંસાપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે રાષ્ટ્રપતિએ જળ સંરક્ષણમાં સેલ્ફ-હેલ્પ ગ્રૂપ્સ અને મહિલાઓની ભૂમિકાને બિરદાવતાં 'જલ મહોત્સવ'ને એક જન આંદોલન ગણાવ્યું હતું.




**વિમોચન :** ઇન્ડિયન કૉસ્ટગાર્ડ દ્વારા રાષ્ટ્રની દરિયાઈ સીમા સુરક્ષાનાં અનેક ઉત્કૃષ્ટ ઉદાહરણો પ્રસ્થાપિત થયાં છે. તાજેતરમાં જ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરમાં તટરક્ષક દળનાં ૫૦ વર્ષ પૂર્ણ થવાના ઉજવણીના અવસરે 'ઇન્ડિયન કૉસ્ટ ગાર્ડ-ધ રીયલ હીરોઝ ઑફ ઇન્ડિયા' વીડિયો બુક અને ડોક્યુમેન્ટરીનું વિમોચન કર્યું હતું. આ પુસ્તકમાં પાછલા ૨૩ વર્ષોથી દર વર્ષે સરહદ પર જઈને ભારતીય સેના અને જવાનોનું મનોબળ વધારતી રોમાંચક ગાથાઓ લખવામાં આવી છે. પત્રકાર ડૉ. વિવેક ભટ્ટ દ્વારા પાંચ દાયકાની સેવા અને સાહસને ડિજિટલ સ્વરૂપે રજૂ કરવાનો આ પ્રશંસનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો.



**ચેટીચાંદ :** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ચેટીચાંદ મહોત્સવ સમિતિ દ્વારા અમદાવાદના નરોડા પાટિયા ખાતે આયોજિત કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહભાગી થયા હતા. આ અવસરે સિંધી સમાજને ચેટીચંડના પવિત્ર પર્વની શુભેચ્છાઓ પાઠવી અને ભગવાન ઝૂલેલાલની શોભાયાત્રાને પ્રસ્થાન કરાવ્યું. સિંધી સમાજે વેપાર-વાણિજ્ય સહિત અનેક ક્ષેત્રોમાં પોતાની પ્રતિભાનો પરચમ લહેરાવ્યો છે. ગુજરાતને પોતાની માતૃભૂમિ અને કર્મભૂમિ બનાવીને સિંધી સમાજે રાજ્યના વિકાસમાં સક્રિય યોગદાન આપ્યું છે.

**અવસર :** અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના જેતલપુર સ્વામિનારાયણ મંદિરની સ્થાપનાને ૨૦૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે દ્વિશતાબ્દી મહામહોત્સવ 'અવસર'ની ઉજવણી કરવામાં આવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જેતલપુર સ્વામિનારાયણ મંદિરની આ ઉજવણીમાં ભક્તિભાવ સાથે જોડાયા હતા. આ અવસરે શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગુજરાતની જનતા ખૂબ સુખી થાય એવા આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ-સંતો અને હરિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



**દીક્ષાંત સમારોહ :** ઓસ્ટ્રેલિયન ડિકીન યુનિવર્સિટીના ગિફ્ટ સિટિ કેમ્પસની પ્રથમ ગ્રેજ્યુએટ બેચના દીક્ષાંત સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશના એજ્યુકેશન સેક્ટરનું ગ્લોબલ નીડ બેઝ્ડ ટ્રાન્સફોર્મેશન થયું છે. ભારતમાં આંતરરાષ્ટ્રીય શાખા કેમ્પસ ડિકીન યુનિવર્સિટીની ગ્રેજ્યુએટ થયેલી પ્રથમ બેચનો દીક્ષાંત સમારોહ માત્ર ડિગ્રી એનાયત કરવાનો અવસર નહીં પણ, ભારતનું ગ્લોબલ નોલેજ સેન્ટર તરીકે પરિવર્તન થયું તેને વિશ્વ સમક્ષ ઉજાગર કરવાનો પ્રસંગ છે. તે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વધતી ભાગીદારીનું પ્રતિબિંબ છે.



**સ્ટડી ટુર :** નવી દિલ્હી સ્થિત નૅશનલ ડિફૅન્સ કૉલેજ (NDC)ના નૅશનલ સિક્યૉરિટી એન્ડ સ્ટ્રેટેજિક સ્ટડિઝ અંતર્ગત ઇકોનોમિક સિક્યૉરિટી અભ્યાસ કાર્યક્રમમાં સહભાગી થઈ રહેલા ભારતીય સેનાની ત્રણેય પાંખો ઉપરાંત ઇન્ડિયન રેવન્યૂ સર્વિસિસ, કૉમ્યુનિકેશન સર્વિસિસ તેમજ પાર્ટનર કન્ટ્રીઝના લશ્કરી અધિકારીઓ સહિત ૧૭ અધિકારીઓની ટીમ રિઅર એડમિરલ શ્રી સંદીપ સિંઘ સંધુના નેતૃત્વમાં ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૌજન્ય મુલાકાતે આવી હતી. મુખ્યમંત્રીશ્રી સાથેની મુલાકાત દરમિયાન સ્ટડી ટૂરના આયોજનના ભાગરૂપે ગુજરાત પ્રવાસે આવેલ આ ટીમે ગુજરાતની સર્વગ્રાહી આર્થિક વિકાસની ગાથા જાણવામાં ઉત્સુકતા દર્શાવી હતી.



**ઉદ્ઘાટન :** ગિફ્ટ સિટી-ગાંધીનગરમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં “IFSCA ટેલેન્ટ વિસ્ટા સમિટ-૨૦૨૬”નું ઉદ્ઘાટન સત્ર યોજાયું હતું. નાયબ મુખ્યમંત્રીશ્રીએ દેશભરમાંથી પધારેલા પ્રતિભાશાળી યુવાનોને સંબોધતાં ગિફ્ટ સિટીના વિકાસ અને ભવિષ્યના વિઝનની વિસ્તૃત ભૂમિકા આપી હતી. આ અવસરે વડાપ્રધાનશ્રીના અગ્ર સચિવ શ્રી પી. કે. મિશ્રા, ગિફ્ટ સિટીના નવનિયુક્ત અધ્યક્ષ શ્રી ઉદય કોટક સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગિફ્ટ સિટીમાં વિપ્રો લિ.ની નવી ઓફિસનું ઉદ્ઘાટન કરીને ઓફિસની મુલાકાત પણ લીધી હતી.



**ઇ-લોકાર્પણ :** કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વધુ સુદૃઢ બનાવવાના અભિગમ સાથે સુરત જિલ્લાના માંડવી પોલીસ સ્ટેશનથી નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે કુલ રૂ. ૬૬ કરોડના ખર્ચે સાકારિત સુરત ગ્રામ્ય, વલસાડ, તાપી જિલ્લા તેમજ રેલવે પોલીસના વિવિધ પ્રકલ્પોનું ઇ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ તકે નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉત્કૃષ્ટ કામગીરી કરનાર પોલીસકર્મીઓનું સન્માન કર્યું હતું. ઉપરાંત સુરત ગ્રામ્ય પોલીસ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા ૧,૦૦૮ વિદ્યાર્થીઓને પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.



**મુલાકાત :** વડોદરા મુલાકાત દરમિયાન નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ શહેર પોલીસ કક્ષાના કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરનું લોકાર્પણ કર્યું હતું. નાયબ મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવોએ ગુજરાત પોલીસના સ્માર્ટ પોલીસિંગ અંતર્ગત નેત્રમ પ્રોજેક્ટ હેઠળ પોલીસ ભવનના સાતમા માળે બનાવવા આવેલ આ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરની મુલાકાત લઈ તેનું નિરીક્ષણ પણ કર્યું હતું. પોલીસ કમિશનરશ્રીએ વડોદરા શહેર પોલીસ દ્વારા આધુનિક ટૅક્નોલૉજીના વિનિમયથી ક્રાઇમ ડિટેક્શન મહત્ત્વના તહેવારોમાં બંદોબસ્ત, સંસાધનો અંગેની માહિતી પ્રસ્તુત કરી હતી.



# સુરતના ઉમરા ગામના ઉંબરે વિકાસકામો



સાક્ષરતાથી શિક્ષણ અને શિક્ષણથી જ્ઞાનની યાત્રા સતત શીખતાં રહેવાની જીવનશૈલી બને છે. સુરત મહાનગરપાલિકા દ્વારા શિક્ષણના સ્તરને વધુ ઊંચું લાવવાના પ્રયાસને સતત હાથ ધરાઈ રહ્યાં છે. તાજેતરમાં સુરત જિલ્લાના પીપલોદના ઉમરા ગામે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ સમગ્ર શિક્ષા વિભાગ દ્વારા રૂ. ૩.૪૦ કરોડના ખર્ચે બનેલા નગર પ્રાથમિક શાળાના નવનિર્મિત ભવનનું લોકાર્પણ કર્યું હતું. રાજ્ય સરકારે ૨૫૦ કરોડથી વધુના ખર્ચે મનપાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ભવનો મંજૂર કર્યાં છે. સમિતિની ૩૬૨ શાળાઓમાં બે લાખથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ શાળાનાં બાળકોને સાઈકલ વિતરણ કર્યું હતું. શાળાભવનની આસપાસનાં ૧૫૦૦થી વધુ બાળકો શિક્ષણ સુવિધાથી લાભાન્વિત થશે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સંપૂર્ણ સુવિધાયુક્ત ભવનમાં બાળકોને ઘરઆંગણે ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહેશે. મધ્યમવર્ગીય પરિવારનાં બાળકો ભણે તે સરકારી શાળા એવી માન્યતાને રાજ્ય સરકાર અને મહાનગરપાલિકાની પ્રાથમિક શિક્ષણ સમિતિએ બદલીને ક્રાંતિ સર્જી છે. સમગ્ર દેશમાં સુરત એકમાત્ર એવું શહેર છે, જ્યાં મનપાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા દેશની છ ભાષાઓમાં વિદ્યાર્થીઓને શિક્ષણ પૂરું પાડવામાં આવે છે. સમગ્ર દેશમાં એકમાત્ર સુરત શહેર છે જે બાળકોને સ્પૉર્ટ્સમાં પારંગત બનાવવા માટે સ્પૉર્ટ્સ ડ્રેસ અને સ્પૉર્ટ્સ શૂઝ પણ આપે છે.

# વડોદરામાં વિકાસની લહેર



વિશ્વામિત્રી નદીના કાંઠે આવેલા વડોદરાને તાજેતરમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ રૂ. ૫૩૮ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી. વડોદરાની સુરક્ષા, સુવિધા અને નાગરિકોની સુખાકારી માટે આ ૫૫ જેટલા પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત મહત્ત્વપૂર્ણ સાબિત થશે તેમજ રાજ્યના સર્વાંગી વિકાસ માટે સરકારની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.

આ અવસરે નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડોદરાના વિકાસ માટે પણ વિવિધ પ્રકલ્પો હાથ ધરવામાં આવ્યા છે, જેમાં માર્ગ-મકાન, શિક્ષણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત કામોનો સમાવેશ થાય છે. ખાસ કરીને નર્મદા નદી પરનો મહત્ત્વપૂર્ણ બ્રિજ અને ગ્રામીણ વિસ્તારોમાં માર્ગ સુધારણા જેવા પ્રકલ્પો લોકો માટે લાભદાયી સાબિત થશે. તેમણે નાગરિકોને આ સુવિધાઓનું સંરક્ષણ કરવા અને શહેરને વધુ સ્વચ્છ, સુરક્ષિત અને વિકાસશીલ બનાવવા સહભાગી થવા અનુરોધ કર્યો હતો તેમજ પોલીસના જવાનોના અવિરત સેવાભાવની પ્રશંસા કરી હતી.

આ ઉપરાંત વડોદરામાં નાયબ મુખ્યમંત્રીએ પબ્લિક ટ્રસ્ટ રજિસ્ટ્રેશન ઑફિસ તથા જોઈન્ટ ચૅરિટી કમિશનરની કચેરી માટે આધુનિક સુવિધાઓથી સજ્જ નવી ઈમારતનું પણ લોકાર્પણ કર્યું હતું. રૂ. ૪.૧૨ કરોડના ખર્ચે બનેલી આ કચેરીનું તેમણે નિરીક્ષણ કરી પટાંગણમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું. આ અવસરે મહિલા અને બાળકલ્યાણ રાજ્યમંત્રી ડૉ. મનિષાબહેન વકીલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

## ગુજરાત ભારતના શહેરી વિકાસનું ‘ગ્રોથ એન્જિન’



વિધાનસભા ગૃહમાં શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પર ચર્ચા કરતાં શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ગુજરાત આજે ભારતના શહેરી વિકાસનું ‘ગ્રોથ એન્જિન’ બન્યું છે. રાજ્યની ૪૮ ટકા વસ્તી શહેરોમાં વસે છે, જેને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ.૩૩,૫૦૪ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ બજેટ માત્ર ખર્ચ નથી, પરંતુ ગુજરાતના શહેરી ભવિષ્યમાં કરાયેલું રોકાણ છે.

મંત્રી શ્રી દેસાઈએ કહ્યું કે મોટાં શહેરોમાં મેટ્રોની કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવવા માટે અમદાવાદ મેટ્રો ફેઝ-૩ હેઠળ થલતેજથી ગોધાવી અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી ઍરપોર્ટ સુધી ૫૮.૫૩ કિમીનું વિસ્તરણ કરવામાં આવશે. આ મેટ્રો પ્રોજેક્ટ્સ માટે કુલ રૂ.૨૨૧૭.૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વિધાનસભા ગૃહમાં શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગની રૂ.૩૩,૫૦૪ કરોડની અંદાજપત્રીય માંગણીઓ પસાર કરવામાં આવી .

## નાણાકીય શિસ્તમાં ગુજરાત અવ્વલ

ગુજરાત વિધાનસભા ખાતે નાણા વિભાગની અંદાજપત્રીય માંગણીઓની ચર્ચામાં સહભાગી થતા નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્યનો નાણાવિભાગ નિયત માપદંડો અને સુશાસનની પરંપરાઓ મુજબ નાણાકીય વ્યવસ્થાપન કરી નાણાકીય શિસ્તનું કડક પાલન કરી રહ્યો છે.

રાજ્ય સરકારના અસરકારક નાણાકીય સંચાલન અને કુશળ નાણાકીય વ્યવસ્થાપનને કારણે છેલ્લાં ૨૨ નાણાકીય વર્ષથી ગુજરાતે એક પણ ઓવરડ્રાફ્ટ લીધો નથી અને છેલ્લાં ૨૧ નાણાકીય વર્ષથી એક પણ સાધનોપાય પેશગી પણ લીધી નથી. વિધાનસભા ગૃહમાં વિસ્તૃત ચર્ચાના અંતે નાણાવિભાગની આ અંદાજપત્રીય માંગણીઓ પસાર કરવામાં આવી હતી.

## મજબૂત રાજદ્વારી સંબંધોને કારણે ‘શિવાલિક’ મુંદ્રા બંદરે પહોંચ્યું

વૈશ્વિક સ્તરે પ્રવર્તી રહેલી અશાંતિ અને યુદ્ધ જેવી સ્થિતિ વચ્ચે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ રાજદ્વારી પ્રયાસોને કારણે LPGનો જથ્થો લઈને ભારતનું ‘શિવાલિક’ જહાજ સુરક્ષિત રીતે



ગુજરાતના મુંદ્રા બંદરે પહોંચ્યું છે. આ મહત્ત્વપૂર્ણ સફળતા અંગે રાજ્યના પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ગુજરાત વિધાનસભા ગૃહમાં માહિતી આપી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારતનું LPG ગેસ ભરેલું શિવાલિક જહાજ સ્ટ્રેટ ઑફ હોર્મુઝમાંથી સુરક્ષિત પસાર થઈને ગુજરાતની ધરતી પર મુંદ્રા બંદરે આવી પહોંચ્યું છે. આ ઉપરાંત અન્ય એક ‘નંદાદેવી’ જહાજ પણ સ્ટ્રેટ ઑફ હોર્મુઝમાંથી સુરક્ષિત પસાર થઈ ગયું છે. મંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ વૈશ્વિક ફલક ઉપર ભારત આજે વિશ્વમાં એક અલગ ઊંચાઈ પર પહોંચ્યું છે. આ ડિપ્લોમેટિક સંબંધોના પરિણામે જ યુદ્ધ જેવી અશાંતિ વચ્ચે પણ ભારતના જહાજ સુરક્ષિત રીતે પસાર થઈ ચૂક્યાં છે. તેમણે વિધાનસભા ગૃહના માધ્યમથી ગુજરાતની જનતા વતી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કરીને ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.

## માર્ગ અને મકાન વિભાગમાં ૩૧૦૦ નવી જગ્યાઓ ભરાશે



ગુજરાત વિધાનસભા ખાતે માર્ગ અને મકાન વિભાગની અંદાજપત્રીય માંગણીઓની ચર્ચા દરમિયાન પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે રાજ્યના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસનો નવો રોડમેપ રજૂ કર્યો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોઈ પણ રાજ્યના વિકાસની સાચી ઓળખ એની રોડ કનેક્ટિવિટી અને મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં દેખાય છે. મંત્રીશ્રીએ આઉટપુટ એન્ડ પર્ફોર્મન્સ બેઝ્ડ રોડ કોન્ટ્રાક્ટ પદ્ધતિ અને સ્માર્ટ મેઈન્ટેનન્સ અંગે જણાવ્યું હતું કે, રાજ્યના બજેટમાં OPRC પદ્ધતિ માટે રૂ. ૨૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે, જેમાં રકમની ચૂકવણી કામના જથ્થાને બદલે રસ્તાના પર્ફોર્મન્સના આધારે થશે, જે રાજ્ય સરકારનો ખર્ચ ઘટાડશે અને રસ્તાનું આયુષ્ય વધારશે. માર્ગ અને મકાન વિભાગમાં વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં ૧૧૮૦ તથા વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં ૧૯૩૦ મળીને વિવિધ સંવર્ગની કુલ ૩૧૧૦ નવી જગ્યાઓ મંજૂર કરાઈ છે, જે ટૂંક સમયમાં ભરવામાં આવશે. ચર્ચાના અંતે માર્ગ અને મકાન વિભાગની અંદાજપત્રીય માંગણીઓ વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવી હતી.

## ગુજરાત લોજિસ્ટિક્સ ક્ષમતામાં દેશમાં મોખરે

વિધાનસભા ગૃહમાં રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે ગુજરાતના આર્થિક વિકાસની કરોડરજ્જુ સમાન બંદર પ્રભાગનું રૂ. ૩૨૨.૯૯ કરોડનું બજેટ રજૂ કરવામાં આવ્યું છે તેમ જણાવતાં ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે ઉમેર્યું હતું કે, ગુજરાત માત્ર એક રાજ્ય નથી, પણ તે ભારતનો 'મેરિટાઈમ ગેટ-વે' છે. રાજ્યના લાખો યુવાનોને રોજગારી, હજારો ઉદ્યોગોની સપ્લાઇ ચેઈન અને ભારતના વૈશ્વિક વેપારના પાયાને મજબૂત કરવામાં ગુજરાતનો બંદર પ્રભાગ મહત્ત્વનો ફાળો આપી રહ્યું છે. ગુજરાતનાં બંદરો પરથી વર્ષ ૨૦૨૪-૨૫માં અંદાજે રૂ. ૨૫ લાખ કરોડની કિંમતના માલસામાનની દુનિયાના ખૂણે ખૂણેથી આયાત - નિકાસ થઈ છે. આ આંકડો એ સાબિત કરે છે કે લોથલના વારસાથી શરૂ થયેલી આપણી વહાણવટાની સફર આજે વિશ્વનાં બજારો પર રાજ કરી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૪૮૮ MMT કાર્ગો હૅન્ડલ કરીને ગુજરાતે ઐતિહાસિક વિક્રમ સ્થાપ્યો છે, જે ૧૯૯૫ની સરખામણીએ ૩૧ ગણો વધારો દર્શાવે છે. આજે ભારતનો ૪૦ ટકા કાર્ગો ટ્રાફિક અને ૮૦ ટકાથી વધુ LNG-LPG હૅન્ડલિંગ એકલું ગુજરાત સંભાળે છે. અલંગ શિપ રિસાઈક્લિંગ યાર્ડ વિશ્વમાં ૩૨ ટકા અને દેશમાં ૯૮ ટકા હિસ્સા સાથે ગ્રીન શિપ રિસાઈક્લિંગનું હબ બન્યું છે. કેન્દ્ર સરકારે બજેટમાં રૂ. ૨૫ હજાર કરોડના 'મેરિટાઈમ ડેવલપમેન્ટ ફંડ'-MDFની જે ઐતિહાસિક જોગવાઈ કરી છે, તે ગુજરાતનાં બંદરો માટે વિકાસનું નવું ઈંધણ સાબિત થશે. આજે વિધાનસભા ગૃહમાં વર્ષ ૨૦૨૬-૨૭ માટે બંદર પ્રભાગની અંદાજપત્રીય માંગણીઓ પસાર કરવામાં આવી.

## બે વર્ષમાં ત્રણ જિલ્લાનાં ૧૩૮ ફીડરનું વિભાજન

છેલ્લાં બે વર્ષમાં ગાંધીનગર, ભરૂચ અને વડોદરા જિલ્લાનાં કુલ ૧૩૮ ફીડરનું વિભાજન કરાયું છે. રાજ્યના વીજગ્રાહકોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટે રાજ્યનો ઊર્જા વિભાગ કટિબદ્ધ હોવાનું વિધાનસભા ગૃહમાં ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, બે વર્ષમાં તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગાંધીનગરનાં ૩૯ ફીડર, વડોદરામાં ૭૨ ફીડર, ભરૂચમાં ૨૭ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું છે. ફીડર વિભાજન થકી મેન્ટેનન્સ ખર્ચમાં ઘટાડો, લૉ વૉલ્ટેજની સમસ્યાનું નિરાકરણ, વીજ લોસમાં ઘટાડો અને વીજગ્રાહકોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજપુરવઠો મળી રહે છે.

## ખાણ- ખનીજ માટેની અંદાજપત્રીય માંગણીઓ વિધાનસભામાં પસાર

'વિકસિત ગુજરાત@૨૦૪૭'ના લક્ષ્ય સાથે ખાણ ખનીજ વિભાગની રૂ. ૩૬૬.૮૯ કરોડની માંગણીઓને વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવી હતી. વિધાનસભા ગૃહમાં ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળના ખાણ અને ખનીજ પ્રભાગની અંદાજપત્રીય માંગણીઓ પર ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ક્રિટિકલ મિનરલ્સ અને REE સંશોધન માટે ક્લીન એનર્જી અને હાઈ-ટેક સેક્ટર માટે અનિવાર્ય એવા રેર અર્થ એલિમેન્ટ્સ (REE) માટે છોટાઉદેપુરના અંબાડુંગર, દાહોદ અને પંચમહાલમાં ઘનિષ્ઠ સંશોધન શરૂ કરાયું છે. વલસાડ અને નવસારી જિલ્લામાં વૅનેડિયમ અને ટાઈટેનિયમ માટે નવાં ખનીજોના સંશોધનનું કાર્ય પ્રગતિમાં છે. REEના પૃથક્કરણ માટે એક ખાસ ડેડિકેટેડ લૅબોરેટરી સ્થાપવાની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે. ગીર સોમનાથ, દ્વારકા, જામનગર અને કચ્છમાં બોક્સાઈટ, લાઈમસ્ટોન અને લિથિયમ સંશોધન માટે રૂ. ૨૨.૫૩ કરોડ મંજૂર કરાયા છે.

## શ્રમ વિભાગની રૂ. ૨,૯૦૨ કરોડની અંદાજપત્રીય માંગણીઓ વિધાનસભામાં પસાર



વિધાનસભા ગૃહમાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા દ્વારા રજૂ કરવામાં આવેલી વર્ષ ૨૦૨૬-૨૭ના વર્ષ માટેની અંદાજપત્રીય માગણીઓ પસાર કરવામાં આવી હતી. મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું કે, રાજ્યના વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે કુલ રૂ. ૨,૯૦૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ભારત સરકારના પિરિયોડિક લેબર ફોર્સ સર્વે (PLFS) મુજબ, દેશના સરેરાશ ૩.૨ ટકા બેરોજગારી દરની સામે ગુજરાતમાં આ દર માત્ર ૧.૧ ટકા જેટલો નીચો છે. મહિલા શ્રમિકોની ભાગીદારીમાં ગુજરાત દેશમાં બીજા ક્રમે અને પુરુષ શ્રમિકોની ભાગીદારીમાં પ્રથમ ક્રમે છે. રાજ્યમાં ૨૯ શ્રમ કાયદાઓને એકીકૃત કરી ૪ નવી શ્રમ સંહિતાઓ (Labor Codes) તા. ૨૧/૧૧/૨૦૨૫ થી અમલી બનાવવામાં આવી છે. આ સુધારાઓથી શ્રમિકોના અધિકારોનું રક્ષણ થશે અને ઉદ્યોગો માટે 'Ease of Doing Business'માં વધારો થશે.

## પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)માં લાભાર્થીને રૂ. ૫૦ હજારની સહાય

વિધાનસભા ગૃહ ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળના લાભાર્થીઓને આર્થિક મદદ માટેની 'સ્ટેટ ટોપ-અપ યોજના'ની વિગતો આપતાં ગ્રામવિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, રાજ્યના દરેક નાગરિકનું 'ઘરના ઘરનું'

સ્વપ્ન પૂર્ણ કરવાના ઉમદા ઉદ્દેશ સાથે ૧૦૦ ટકા રાજ્ય ફાળાની યોજના અમલમાં મૂકવામાં આવી છે. વર્ષ ૨૦૨૫-૨૬થી શરૂ કરાયેલી આ યોજનામાં જેમના આવાસનાં કામો આર્થિક કારણોસર અધૂરાં રહી ગયાં હોય, તેઓ માટે સહાયની રકમમાં રૂ. ૫૦ હજારની વધારાની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત, વર્ષ ૨૦૧૬-૧૭થી ૨૦૨૩-૨૪ દરમિયાન કોઈ પણ કારણોસર અધૂરા રહેલા આશરે ૧૮,૦૦૦ જેટલા આવાસો પૂર્ણ કરવા માટે રૂ. ૯૦ કરોડની રકમની જોગવાઈ કરી છે. જ્યારે રાજ્યમાં વસતાં કાથોડી, કોટવાળિયા, પઢાર, સિદ્દી અને કોલઘા જેવા આદિમજૂથોના નાગરિકોને આવાસ માટેની PM-JANMAN યોજના હેઠળ રૂ. બે લાખની સહાય ચૂકવવામાં આવે છે.

## વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે રૂ. ૨,૬૩૩ કરોડની જોગવાઈ



વિધાનસભા ગૃહમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ટૅકનોલૉજીના વૈશ્વિક નકશા પર અગ્રેસર બનવા ગુજરાત આગેકૂચ કરી રહ્યું છે. આ માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે રૂ. ૨,૬૩૩.૭૨ કરોડ ફાળવીને એક મહત્ત્વાકાંક્ષી પગલું ભર્યું છે. તેમણે કહ્યું કે, સૅમિકન્ડક્ટર ઉદ્યોગોને પ્રોત્સાહન માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧,૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત, સૅમિકન્ડક્ટર નીતિ ૨૦૨૨-૨૭ અંતર્ગત રાજ્યમાં રૂ. ૧,૨૪,૯૩૩ કરોડના રોકાણ સાથે માઇક્રોન, ટાટા ઇલેક્ટ્રોનિક્સ, સી.જી. સેમિનું OSAT અને કેયન્સ સૅમિકોન જેવી કંપનીઓ પ્લાન્ટ સ્થાપી રહી છે. ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ નીતિ ૨૦૨૨-૨૮ અંતર્ગત સહાય મેળવવા માટે અત્યાર સુધીમાં કુલ ૩૭ ઇલેક્ટ્રોનિક્સ એકમોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે, જે દ્વારા રાજ્યમાં કુલ અંદાજિત રૂ. ૫૩,૬૭૧ કરોડનું રોકાણ થવાની સંભાવના છે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે વિધાનસભામાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પસાર કરાઈ હતી.

## પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પાદનમાં ગુજરાત દેશમાં પ્રથમ

ક્લાઈમેટ ચેન્જ ક્ષેત્રે ગુજરાતે હરણફાળ ભરી છે. આ માટે વર્ષ ૨૦૨૬-૨૭માં રૂ. ૪૨૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે તેમ ક્લાઈમેટ ચેન્જ વિભાગની અંદાજપત્રીય માંગણીઓ રજૂ કરતાં ક્લાઈમેન્ટચેન્જ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, ગુજરાતે પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિ મેળવી છે. રાજ્યમાં હાલમાં પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતા ૧૫,૧૯૭ મેગાવૉટ અને સૌર ઊર્જાની ક્ષમતા ૨૭,૪૮૬ મેગાવૉટ પર પહોંચી છે. આમ, કુલ ૪૪,૯૧૬ મેગાવૉટની પુનઃપ્રાપ્ય ઊર્જાક્ષમતા સાથે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. ક્લાઈમેટ ચેન્જ વિભાગની વર્ષ ૨૦૨૬-૨૭ માટેની અંદાજપત્રીય માંગણીઓ વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવી હતી.

## વનવિસ્તાર બહાર વૃક્ષોની સંખ્યામાં ૪૭ ટકાનો વધારો

વિધાનસભા ગૃહમાં વન અને પર્યાવરણ વિભાગના વર્ષ ૨૦૨૬-૨૭ માટેની અંદાજપત્રીય માગણીઓ વિશે અને આગામી આયોજન વિશે વાત કરતાં વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું કે, ગુજરાતમાં વન વિસ્તાર બહાર વૃક્ષોની સંખ્યામાં વર્ષ ૨૦૧૩ની સરખામણીએ વર્ષ ૨૦૨૫ સુધીમાં ૪૭.૧૮ ટકાનો વધારો થયો છે. વર્ષ ૨૦૨૩-૨૪થી અત્યાર સુધી કુલ ૭૦૦ હેક્ટર વિસ્તારમાં કુલ ૪૮૯ વનકવચનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં ઉત્તરોત્તર વધારો કરીને વર્ષ ૨૦૨૬-૨૭માં ૪૩૦ હેક્ટરમાં વનકવચનું નિર્માણ કરવાનું આયોજન છે. પોરબંદરના મોકર સાગર અને કચ્છના ફ્લેમિંગો સિટીને આંતરરાષ્ટ્રીય મહત્ત્વની રામસર સાઇટ તરીકે જાહેર કરવા કેન્દ્ર સરકારને દરખાસ્ત રજૂ કરાઈ છે. કેન્દ્ર સરકારની મિષ્ટી યોજના અંતર્ગત ત્રણ વર્ષમાં મેન્ગ્રૂવના ૪૧૯૯૮ હેક્ટર વાવેતર સાથે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે. વન અને પર્યાવરણ વિભાગની વર્ષ ૨૦૨૬-૨૭ની કુલ રૂ.૨૮૨૩.૨૧ કરોડની અંદાજપત્રીય માગણીઓ વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવી હતી.

## યુવા વર્ગનું માનીતું 'ગુજરાત' પાક્ષિક

વિધાનસભા ગૃહ ખાતે માહિતી અને પ્રસારણ વિભાગની વર્ષ ૨૦૨૬-૨૭ની અંદાજપત્રીય માંગણીઓ પરની ચર્ચામાં સહભાગી થતા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વિભાગની કામગીરીને બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર, માધ્યમો અને જનતા વચ્ચે વિશ્વાસનો સેતુ બનીને માહિતી વિભાગ સરકારની ઇમેજ બિલ્ડિંગનું વિશેષ કાર્ય કરી રહ્યો છે. માહિતી વિભાગ દ્વારા પ્રસિદ્ધ થતું ગુજરાત સરકારનું મુખપત્ર 'ગુજરાત પાક્ષિક' સરકારના નિર્ણયો અને સાફલ્ય ગાથાઓને જન-જન સુધી પહોંચાડે છે. આ પ્રકાશન પ્રજા અને શાસન વચ્ચેના અંતરને

ઘટાડવાનું ભગીરથ કાર્ય કરી રહ્યું છે. ગુજરાત પાક્ષિકનો વાચક વર્ગ સતત વધી રહ્યો છે. ખાસ કરીને યુવા વર્ગમાં પાક્ષિક ખૂબ જ પ્રચલિત બન્યું છે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે માહિતી અને પ્રસારણ વિભાગ માટે રજૂ કરવામાં આવેલી રૂ. ૩૨૫ કરોડથી વધુની અંદાજપત્રીય માંગણીઓ આગામી સમયમાં ડિજિટલ અને પરંપરાગત માધ્યમોના સમન્વય દ્વારા રાજ્યના વિકાસને નવી ઊંચાઈઓ પર લઈ જશે. ચર્ચાના અંતે માહિતી અને પ્રસારણ વિભાગની અંદાજપત્રીય માંગણીઓ ગુજરાત વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવી હતી.

## જળસંગ્રહ એ જ જનકલ્યાણ : ધારાસભ્ય ગ્રાન્ટમાં હવે જળસંચયનાં કામો ફરજિયાત




વિધાનસભા ગૃહમાં સામાન્ય વહીવટ વિભાગની અંદાજપત્રીય માગણીઓ પર ચર્ચા કરતાં જળસંપત્તિ રાજ્ય મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પર્યાવરણ જાળવણી માટે સૂચવેલા 'કેચ ધ રેઈન' અભિયાન હેઠળ જળસંચયનાં કામો માટે લઘુતમ રૂ. ૫૦ લાખનો ખર્ચ ધારાસભ્ય ફંડમાંથી ફરજિયાત કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, જિલ્લાપંચાયત પ્રમુખોને સ્થાનિક વિકાસ માટે રૂ. ૧ કરોડની ફાળવણી અને નગરપાલિકા સ્તરે વિવેકાધીન ગ્રાંટમાં પણ નોંધપાત્ર વધારો કરાયો છે. રાજ્ય સરકારે રોજગારીના ક્ષેત્રે પારદર્શિતા લાવવા માટે ૧૦ વર્ષીય ભરતી કૅલેન્ડર (૨૦૨૪-૨૦૩૩) અમલમાં મૂક્યું છે. સામાન્ય વહીવટ વિભાગની કુલ રૂ. ૨૦૫૧.૨૭ કરોડની અંદાજપત્રીય માગણીઓ વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવી હતી.

## જળસંચય ક્ષેત્રે ગુજરાત દેશમાં દ્વિતીય સ્થાને

નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ માટેની અંદાજપત્રીય માગણીઓ પર વિધાનસભા ગૃહમાં ચર્ચા કરતાં જળસંપત્તિ રાજ્ય મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના દરેક ખૂણે સિંચાઈ અને પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવાના ઉમદા આશયથી રાજ્ય સરકાર સતત કામ કરી રહી છે. નર્મદા યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૬-૨૭ માટે કુલ રૂ.૩૧૧૭.૩૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. કચ્છ જિલ્લાની દુધઈ સબ-બ્રાન્ચ કૅનાલ માટે રૂ.૨૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

તેમણે ગર્વભેર કહ્યું કે, જળસંચય ક્ષેત્રે ગુજરાતે દેશમાં દ્વિતીય સ્થાન મેળવી રાષ્ટ્રીય સ્તરે ગૌરવ વધાર્યું છે. વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં જળસંપત્તિ પ્રભાગ માટે કુલ રૂ. ૧૩,૯૪૪.૪૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં રૂ. ૩૧૮૨ કરોડના ખર્ચે ૧૧ મોટી ઉદવહન સિંચાઈ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી છે, જેનાથી દાહોદ, પંચમહાલ અને મહીસાગર જેવા જિલ્લાઓના ૯૨ હજાર હેક્ટર વિસ્તારને લાભ મળ્યો છે. આમ, વિધાનસભા ગૃહમાં નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગની માંગણી ક્રમાંક ૬૫, ૬૬, ૬૭ હેઠળની કુલ રૂ. ૨૧,૭૨૧.૩૧ કરોડની અંદાજપત્રીય માગણીઓ પસાર કરવામાં આવી હતી.

## અમદાવાદ અને સુરત ખાતે 'મેડિસિટી' સ્થાપવાનું આયોજન



વિધાનસભા ગૃહમાં વર્ષ ૨૦૨૬-૨૭ની આરોગ્ય અને પરિવાર કલ્યાણની કુલ રૂ. ૨૫,૪૦૩.૨૩ કરોડની અંદાજપત્રીય માગણીઓ પસાર કરવામાં આવી હતી. વિધાનસભા ગૃહમાં વર્ષ ૨૦૨૬-૨૭ માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની અંદાજપત્રીય માગણીઓ રજૂ કરતાં આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયાએ જણાવ્યું કે, આરોગ્યના બજેટમાં નોંધપાત્ર ૮.૬૩ ટકાનો વધારો કરાયો છે. અમદાવાદ-વસઈ અને સુરત-કામરેજ ખાતે રૂ. ૨૫૦૦ કરોડના ખર્ચે 'મેડિસિટી' સ્થાપવાનું આયોજન છે. જેમાં ૧૫૦૦ બેડની બ્રોડ સ્પેશિયાલિટી હૉસ્પિટલ સહિત કાર્ડિયાક, કિડની અને કૅન્સરની અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ પ્રોજેક્ટથી ઓલિમ્પિક જેવી આંતરરાષ્ટ્રીય રમતો માટે વિશ્વકક્ષાની સુવિધા મળશે અને મેડિકલ ટૂરિઝમને વેગ મળશે. અમદાવાદ ઉપરાંત સુરત, ભાવનગર અને જામનગરમાં સરકારી સહયોગથી IVF સેવાઓ અને લૅબ શરૂ કરાશે.

## દિવ્યાંગ લગ્ન સહાયમાં વધારો



વિધાનસભા ગૃહમાં દિવ્યાંગ લગ્ન સહાય અંગે પુછાયેલા પ્રશ્નના જવાબમાં સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્યમંત્રી ડૉ. મનીષાબહેન વકીલે જણાવ્યું હતું કે, છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લાના વિવિધ તાલુકાઓમાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કુલ ૭૯ અરજીઓ મંજૂર કરીને રૂ. ૪૧.૭૫ લાખની

આર્થિક સહાય સીધી લાભાર્થીઓના બૅંક ખાતામાં DBT મારફતે જમા કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દિવ્યાંગોના હિતમાં રાજ્ય સરકાર દ્વારા યોજનામાં મહત્ત્વના વહીવટી અને આર્થિક સુધારા કરવામાં આવ્યા છે. જેમાં જૂન ૨૦૨૫થી સહાયની રકમ રૂ. ૫૦ હજારથી વધારીને રૂ. ૭૫ હજાર કરવામાં આવી છે.

## 'ગ્રિન વૉલ ઑફ અરવલ્લી' યોજના હેઠળ ૨.30 લાખ વૃક્ષોનું વાવેતર

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'ગ્રિન વૉલ ઑફ અરવલ્લી' યોજના- પ્રોજેક્ટની શરૂઆત ગત તા. ૫ જૂન ૨૦૨૫ના રોજ દિલ્હી ખાતેથી કરવામાં આવી હતી.'ગ્રિન વૉલ ઑફ અરવલ્લી' ગિરિમાળા ગુજરાતથી દિલ્હી સુધી વિસ્તરેલી છે.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં આ યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ૨.૩૦ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે તેમ, વિધાનસભા ગૃહમાં ધારાસભ્યશ્રી દ્વારા પુછાયેલા પ્રશ્નના જવાબમાં વન અને પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું.

કેમ્પા યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કુલ ૧૫૦૮ હેક્ટરમાં ૧૪ લાખ રોપાઓનું વાવેતર કરાયું છે, જેમાં ખેડબ્રહ્મામાં ૪૫૪ હેક્ટરમાં ૪.૫૫ લાખ રોપાઓ વાવવામાં આવ્યા છે.

# ધી ગુજરાત ક્લિનિકલ ઍસ્ટાબ્લિશમેન્ટ (સુધારા) વિધેયક-૨૦૨૬ પસાર



રાજયમાં ચિકિત્સા સંસ્થાઓના રજિસ્ટ્રેશન અને નિયમન પ્રક્રિયાને વધુ સરળ અને કાર્યક્ષમ બનાવવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા 'ધી ગુજરાત ક્લિનિકલ ઍસ્ટાબ્લિશમેન્ટ (રજિસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) (સુધારા) વિધેયક-૨૦૨૬' વિધાનસભા ગૃહમાં વિના વિરોધે પસાર કરવામાં આવ્યું હતું.

આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયાએ જણાવ્યું કે, રાજ્યમાં યોગ્ય તબીબી લાયકાત ધરાવતા ડૉક્ટરોને કાયદાકીય પીઠબળ પૂરું પાડવા અને લાયકાત વગરના લેભાગુ તત્ત્વો દ્વારા થતાં નિદાન અને પ્રૅક્ટિસ પર નિયંત્રણ લાવવા માટે વર્ષ ૨૦૨૧માં આ કાયદો ઘડવામાં આવ્યો હતો, જેનો અમલ ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૨થી થઈ રહ્યો છે.

આ કાયદા હેઠળ નાના ક્લિનિકથી લઈ મલ્ટિ-સ્પેશિયાલિટી હૉસ્પિટલો અને લૅબોરેટરીઓનું રજિસ્ટ્રેશન ફરજિયાત છે. જે મુજબ, તા. ૨૦/૩/૨૦૨૬ સુધીમાં રાજ્યમાં લગભગ ૪૧ હજાર જેટલાં કામચલાઉ અને ૨ હજાર જેટલાં કાયમી રજિસ્ટ્રેશન થઈ ચૂક્યાં છે, ત્યારે રજિસ્ટ્રેશનની પ્રક્રિયામાં વહીવટી સરળતા માટે નીચે મુજબના સુધારા સૂચવવામાં આવ્યા છે:

રજિસ્ટ્રેશન માટેની સમયમર્યાદામાં સુધારો (કલમ ૯): અગાઉ રજિસ્ટ્રેશન માટે ૩૦ એપ્રિલ ૨૦૨૬ સુધીની મર્યાદા હતી. હવે નવા સુધારા મુજબ, રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામા દ્વારા જે મુદત નક્કી કરે તેટલી સમયમર્યાદામાં સંસ્થાઓએ રજિસ્ટ્રેશન માટે અરજી કરવાની રહેશે. આનાથી વારંવાર કાયદામાં સુધારો કરવાની જરૂરિયાત રહેશે નહીં.

**કામચલાઉ (પ્રોવિઝનલ) રજિસ્ટ્રેશન બાબતે સુધારો (કલમ ૧૮):** અગાઉની જોગવાઈ મુજબ ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ પછી કોઈ પ્રોવિઝનલ રજિસ્ટ્રેશન આપી શકાતું નહોતું. નવા સુધારા અનુસાર રાજ્ય સરકાર જાહેરનામા દ્વારા નિર્દિષ્ટ કરે તે મુદત પછી જ કામચલાઉ રજિસ્ટ્રેશન બંધ કરવામાં આવશે.

આ સુધારાથી વહીવટી સરળતાની સાથે કોઈ કાયદાકીય ગૂંચ કે પ્રશ્નો ઊભા નહીં થાય. એટલું જ નહીં, જો કોઈ ચિકિત્સા સંસ્થા દ્વારા તેનું પાલન કરવાની બાબતોમાં ચૂક થશે, તો તેની સામે આ કાયદામાં રૂ. ૧૦ હજારથી રૂ. ૫ લાખ સુધીના દંડની તેમજ રજિસ્ટ્રેશન કેન્સલ કરવા સહિતનાં પગલાં લેવાની જોગવાઈ કરવામાં આવી છે. જે તબીબી સંસ્થાઓએ નિયત સમય-મર્યાદામાં રજિસ્ટ્રેશન નહીં કરાવ્યું હોય તેવી સંસ્થાઓ સામે દંડાત્મક કાર્યવાહીની પણ જોગવાઈ છે. રાજ્ય સરકારના આ અભિગમથી આરોગ્ય સેવાઓની ગુણવત્તા જળવાઈ રહેશે અને નાગરિકો છેતરપિંડીનો ભોગ બનતા અટકશે તેવો વિશ્વાસ આરોગ્ય મંત્રીએ વ્યક્ત કર્યો હતો.

# ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક-૨૦૨૬' વિધાનસભા ગૃહમાં પસાર



રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ સુદૃઢ બનાવવા અને કેન્દ્ર સરકારના નવા ફોજદારી કાયદાઓ સાથે તાલમેળા માટે 'ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક-૨૦૨૬' વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવ્યું હતું.

આ અંગે ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ કાયદાની પૃષ્ઠભૂમિ અને તેમાં સુધારાની જરૂરિયાત દર્શાવતા વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા વર્ષ-૨૦૧૫માં મૂળ અધિનિયમ (GUJCTOC) લાવવામાં આવ્યો હતો. જેમાં આતંકવાદ અને સંગઠિત ગુના બંને સામે જોગવાઈઓ હતી.

જોકે, હવે ભારતીય ન્યાય સંહિતા (BNS-2023)માં આતંકવાદ વિરોધી કડક જોગવાઈઓ સમાવિષ્ટ થઈ હોવાથી, તપાસ બેવડાય નહીં (duplication of investigation) તે હેતુથી રાજ્ય સરકારે ગુજરાતના કાયદામાંથી 'આતંકવાદી કૃત્યો' સંબંધિત જોગવાઈઓ દૂર કરવાની અને તેને ફક્ત 'સંગઠિત ગુના' પર કેન્દ્રિત કરવાનો સુધારો કરવામાં આવ્યો છે. આમ, ગુજરાત સરકારના વર્ષ-૨૦૧૫ના મૂળ કાયદામાં કોઈ ફેરફાર કરાયો નથી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં દેશમાં આંતકવાદ સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ નક્કી કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૧૮૬૦ના જૂના ભારતીય ફોજદારી અધિનિયમ (IPC)ને રદ કરીને તેના સ્થાને 'ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩' (BNS) અમલમાં મૂકવામાં આવી છે. આ નવા કેન્દ્રીય કાયદામાં 'આતંકવાદી કૃત્યો' (ધારા ૧૧૩) ને રાષ્ટ્રીય દંડ સંહિતાના સીધા ભાગ તરીકે સમાવી લેવામાં આવ્યા છે, જે અગાઉ IPCમાં અલગથી ઉપલબ્ધ નહોતા.

આ સુધારા વિધેયક દ્વારા જૂના કાયદાકીય સંદર્ભો (જેમકે Code of Criminal Procedure)ના સ્થાને નવી 'ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩'નો અમલ સુનિશ્ચિત કરવામાં આવશે.

# ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યૂનલ (સુધારા) વિધેયક-૨૦૨૬ પસાર

શૈક્ષણિક સંસ્થાઓમાં કામ કરતાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના પ્રશ્નોના ઝડપી અને બિન ખર્ચાળ નિરાકરણ માટે ગુજરાતમાં ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યૂનલ ઍક્ટ-૨૦૦૬ અમલી છે. વર્ષ-૨૦૨૩માં, રાજ્ય સરકાર દ્વારા યુનિવર્સિટીઓને લગતાં જુદા-જુદા કાયદાઓને એકીકૃત કરી 'Gujarat Public Universities Act, 2023' અમલમાં મૂકતાં, યુનિવર્સિટીને લગતાં અલગ-અલગ ઍક્ટ રદ કરવામાં આવ્યા હતા.



શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજાએ જણાવ્યું હતું કે, આ ઍક્ટ રદ થતાં તે તમામ યુનિવર્સિટી ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યૂનલ અધિનિયમ, ૨૦૦૬ના અધિકાર ક્ષેત્રમાંથી દૂર થયા હતા. જેથી તે તમામ યુનિવર્સિટીને ફરીથી ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યૂનલ ઍક્ટના અધિકાર ક્ષેત્રમાં લાવવા માટે અને ઉચ્ચ શિક્ષણ પ્રણાલીમાં ન્યાય, જવાબદારી અને કાર્યક્ષમતા વધારવા ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યૂનલ (સુધારા) વિધેયક-૨૦૨૬ને વિધાનસભા ગૃહમાં વિના વિરોધે પસાર કરવામાં આવ્યું છે.

આ વિધેયકની બીજી જોગવાઈઓ અંગે કહ્યું હતું કે, કોઈ અન્ય યુનિવર્સિટીઓને ઉમેરવાની જરૂરિયાત હોય તો તે નૉટિફિકેશન મારફત સરકાર તેમની સત્તાની રૂએ ઉમેરી શકે છે તે મુજબ જોગવાઈ કરવામાં આવી હતી, પરંતુ કોઇ યુનિવર્સિટીને રદ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થાય, તો તે સત્તા સરકાર પાસે ન હોઈ તે બાબતે પણ જોગવાઈ કરવામાં આવી છે. હવે રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી, અનુસૂચિ-૧માં નિર્દિષ્ટ કરેલા રાજ્ય વિધાનમંડળના કોઈ અધિનિયમને બાકાત કરી શકશે. આ વિધેયકમાં યુનિવર્સિટીઓની સ્વાયત્તતાને પણ ધ્યાનમાં રાખવામાં આવી છે.

વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં શૈક્ષણિક ટ્રિબ્યૂનલ દ્વારા કુલ ૩,૬૫૦ જેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે અને જે અરજદારને લાભ મળવાપાત્ર હોય તેવા કિસ્સાઓમાં તેઓને લાભો ચૂકવી આપવાના હુકમો કરવામાં આવ્યા છે તેમજ જે કિસ્સામાં લાભ મળવાપાત્ર ન હોય તેવા કિસ્સામાં તેઓની અરજી રદ પણ કરવામાં આવી છે.



**લોકાર્પણ :** નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ વલસાડને વિવિધ વિકાસ- કામોની ભેટ આપી હતી. મંત્રીશ્રીએ વલસાડના પારડી નગરપાલિકાનાં રૂ. ૧૯ કરોડનાં વિકાસકાર્યોનાં ખાતમુહૂર્ત – લોકાર્પણ કર્યાં હતાં. જેમાં પારડીનાં વિકાસકાર્યો, બોય્ઝ હૉસ્ટેલ, પોલીસસ્ટેશનો તેમજ આરોગ્ય કેન્દ્રોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેમણે સ્માર્ટ હેલ્થ સિક્યોરિટી પહેલ અંતર્ગત CCTVનું લોકાર્પણ કરી આરોગ્ય સુવિધાઓનું નિરીક્ષણ પણ કર્યું હતું.



**મિલેટ મહોત્સવ :** અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તેમજ ધારાસભ્યશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ રાજ્યકક્ષાના 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૬'નો પ્રારંભ કરાવ્યો હતો. કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વીડિયો સંદેશ દ્વારા રાજ્યના સૌ નાગરિકોને 'શ્રી અન્ન'નો ઉપયોગ વધારીને તંદુરસ્ત ગુજરાતના નિર્માણમાં સહભાગી થવા આહ્વાન કર્યું હતું. આ પ્રસંગે કૃષિ રાજ્યમંત્રી રમેશભાઈ કટારા પણ ઉપસ્થિત રહ્યા હતા.



**સુવિધા :** જૂનાગઢમાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઇ વાજાએ માળીયા હાટીના તાલુકાની મામલતદાર કચેરીનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસગે ઊર્જા રાજ્ય મંત્રીશ્રી કૌશિકભાઇ વેકરીયા પણ ઉપસ્થિતિ રહ્યા હતા. રૂ.૫.૮૯ કરોડના ખર્ચે નવનિર્મિત આ કચેરી જનસેવા કેન્દ્ર, કોન્ફરન્સ તથા વેઇટિંગ રૂમ, રેઇન વોટર હાર્વેસ્ટિંગ, દિવ્યાંગો માટે સુગમ્ય વ્યવસ્થા સહિતની સુવિધાઓથી સજ્જ છે જેનો લાભ લોકોને મળશે.




**ખાતમુહૂર્ત :** સુરતમાં આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયાએ કામરેજ તાલુકામાં વિકાસકામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. રૂ.૧૦.૮૧ કરોડનાં આ કામોમાં કરજણ તળાવના નવીનીકરણ અને વલથાણ કેનાલ પાસે પ્રોટેક્શન વૉલ બનાવવાના મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પો સહિતનાં કામોનો સમાવેશ થાય છે. આ વિવિધ કામો નિયત સમય મર્યાદામાં પૂર્ણ થતાં લોકાર્પિત કરાશે જેનો સીધો લાભ સ્થાનિક નાગરિકોને મળશે.



**વિકાસકામો :** મહેસાણાના કડીમાં શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા અને વન અને પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી પ્રવીણભાઇ માળીએ કડી નગરપાલિકાના વિવિધ વિકાસકામોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યાં હતાં. તેઓએ રૂ. ૧૭ કરોડનાં વિકાસકામોનું લોકાર્પણ અને રૂ. ૫ કરોડનાં વિકાસકામોનું ખાતમુહૂર્ત કરી લોકોની જનસુખાકારીમાં વધારો કર્યો હતો. આ તકે પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.



**જળ સંમેલન :** અમરેલીના કુંકાવાવના જંગર મુકામે ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાની ઉપસ્થિતિમાં ૧૦૦% સોલાર વિલેજ, ગ્રામ તળાવ લોકાર્પણ તથા 'જળ સંમેલન' યોજાયું હતું. મંત્રીશ્રીએ ગીરગંગા પરિવાર ટ્રસ્ટ અને પી.જી.વી.સી.એલના અંદાજિત કુલ રૂ. ૬.૫ કરોડથી વધુના સી.એસ.આર ફંડના સહયોગથી ૪૫ ગામનાં તળાવો ઊંડાં કરવાની કામગીરીનું સંયુક્ત ખાતમુહૂર્ત તેમજ કુલ ૪૫ હિટાચી મશીનની ફાળવણી કરી હતી.



**આવાસ :** કચ્છ જિલ્લાના નારાયણ સરોવર ખાતે નાણા રાજ્યમંત્રી શ્રી કમલેશભાઈ પટેલે ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા રૂ. ૫૫૩.૭૫ લાખના ખર્ચે નિર્મિત થનાર મરીન ટાસ્ક ફોર્સના આવાસોનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ સુવિધાસભર આવાસ બનતા પોલીસ અને તેના પરિવારની સુખાકારીમાં વધારો થશે. મંત્રીશ્રીએ નારાયણ સરોવર સ્થિત મંદિરમાં દર્શન કરી જનસુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

**મેળો :** નડિયાદમાં મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહિડાએ મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટના પ્રદર્શન સહ વેચાણ મેળાને ખુલ્લો મૂક્યો હતો. આ મેળામાં મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ મિલેટ તેમજ મિલેટ પ્રોસેસ્ડફૂડના કુલ ૨૭ સ્ટોલની મુલાકાત લઈ વિવિધ મિલેટ વાનગીઓ વિશે માહિતી મેળવી હતી. આ મેળામાં મિલેટ ઉત્પાદનોનું નોંધપાત્ર વેચાણ થયું હતું.





**સમીક્ષા :** મહીસાગરમાં લુણાવાડા કલેક્ટર કચેરી ખાતે આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી શ્રી પૂનમચંદ બરંડાના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મહીસાગર જિલ્લાના કુલ રૂ. ૧૮૨૧.૫૭ લાખનાં ૧૭૭૮ વિકાસનાં કામોને મંજૂર કરવામાં આવ્યાં હતાં તેમજ જિલ્લામાં ચાલી રહેલાં વિકાસનાં કામો સમયસર અને ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ થાય તે બાબતે સમીક્ષા કરવામાં આવી હતી.



**એક્સ્પો :** અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે કુટીર અને ગ્રામોદ્યોગ રાજ્યમંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોરે ભારત સરકારના વસ્ત્ર મંત્રાલય દ્વારા આયોજિત 'હેન્ડલૂમ એક્સપો ૨૦૨૬' નું ઉદ્ઘાટન કર્યું હતું. મંત્રીશ્રીએ આ એક્સપોમાં ૪૪ પ્રદર્શન સ્ટોલની મુલાકાત લઈ કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવેલ પરંપરાગત વણાટકામ અને હસ્તકલાની વિવિધ બનાવટોને નિહાળી તેમની કલાની પ્રશંસા કરી હતી.

# ડાંગમાં હનુમાનમંદિર નિર્માણના દાતાઓનો 'અભિવાદન' સમારોહ



સુરતમાં પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે ડાંગમાં હનુમાનમંદિર નિર્માણના દાતાશ્રીઓનો 'શ્રીહનુમાનમંદિર નિર્માણ યજ્ઞ સન્માન સહ અભિવાદન સમારોહ' યોજાયો હતો. પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે ડાંગના આહવા તાલુકામાં આવેલાં કુલ ૬ મંદિરનું લોકાર્પણ કર્યું હતું.

શ્રી રામકૃષ્ણ નૉલેજ ફાઉન્ડેશન (SRKKF)ના નેજા હેઠળ ડાંગનાં ૩૧૧ ગામોમાં હનુમાનજીમંદિર અને હનુમાન ભવન (કૉમ્યુનિટી હૉલ) નિર્માણ કરવાનો પવિત્ર સંકલ્પ કરનાર રાજ્યસભા સાંસદ અને અગ્રણી ઉદ્યોગપતિ ગોવિંદભાઈ ધોળકિયાનું મહાનુભાવો દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. એટલું જ નહીં, આ તકે ગોવિંદભાઈએ ડાંગથી આગળ વધી રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં વધુ ૧૧૧૧ હનુમાનજી મંદિર નિર્માણની જાહેરાત કરી હતી, જેને પૂર્વ રાષ્ટ્રપતિશ્રી, રાજ્યપાલશ્રી સહિત તમામ મહાનુભાવોએ હર્ષનાદ સાથે વધાવી હતી.

આ પ્રસંગે પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે જણાવ્યું હતું કે, ડાંગ જેવા આદિવાસી વિસ્તારમાં ૩૧૧ મંદિરોનું નિર્માણ સામાજિક એકતાનું પ્રતીક છે. ડાંગના અંતરિયાળ વિસ્તારોમાં સનાતન ધર્મ અને ભારતીય સંસ્કૃતિના પુનર્જાગરણ માટે હનુમાનજી મંદિર નિર્માણના પુણ્ય કાર્ય દ્વારા સમાજને જાગૃત કરવાનું ભગીરથ કાર્ય સાચા અર્થમાં વંદનીય છે એમ જણાવી તેમણે તમામ દાતાઓ અને ભૂમિદાતાઓને અભિનંદન આપ્યાં હતાં.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે કહ્યું હતું કે, "ધર્મો રક્ષતિ રક્ષિતઃ" ના સૂત્રને ચરિતાર્થ કરતા આ કાર્યથી આવનારી પેઢીને સંસ્કાર અને માર્ગદર્શન મળશે. સુરતના અન્ય શ્રેષ્ઠીઓનો હૂંફાળો પ્રતિસાદ મળતાં, આ યજ્ઞકાર્યને બમણી ગતિ મળી છે.

સાંસદ શ્રી ગોવિંદભાઈ ધોળકિયાએ જણાવ્યું હતું કે, સહયોગી દાતાઓની ટીમમાં ૨૦૦ સેવાભાવી શ્રેષ્ઠી પરિવારો મંદિર નિર્માણના યજ્ઞમાં જોડાયા છે. ડાંગમાં ૩૧૧ મંદિરો પૈકી ૨૦૦ મંદિરોનું નિર્માણ પૂર્ણ થઈ ચૂક્યું છે, જેમાં ૧૭૫ મંદિરોની પ્રાણપ્રતિષ્ઠા સંપન્ન થઈ છે.

આ વેળાએ શ્રી રામનાથ કોવિંદના હસ્તે શ્રીમદ્ ભગવદ્ ગીતાના આદર્શ જીવનસંદેશને જન જન સુધી લઈ જવા માટે શ્રી ગીતા જ્ઞાન રથને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા, પદ્મશ્રી મથુરભાઈ સવાણી ઉપરાંત અનેક મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતને MRO સ્ટેટ ઑફ ધ યર ઍવૉર્ડ

ગુજરાતે ઉડ્ડયન ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. નવી દિલ્હીમાં યોજાયેલ MRO Xpo India ૨૦૨૬માં ગુજરાતને "MRO સ્ટેટ ઑફ ધ યર @ઍવૉર્ડ"થી સન્માનિત કરવામાં આવ્યું. ગુજરાત સરકાર વતી ગુજરાત રાજ્ય એવિએશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ GUJSAIL દ્વારા સ્વીકારાયેલ આ ઍવૉર્ડ વિમાનની જાળવણી, સમારકામ અને ઓવરહોલ (MRO) ઇકો સિસ્ટિમને મજબૂત બનાવવા અને શ્રેષ્ઠ ઉડ્ડયન માળખું ઊભું કરવા બદલ રાજ્યના સક્રિય પ્રયાસોને વૈશ્વિક ઓળખ આપે છે. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર MRO હેંગરનો વિકાસ એ GUJSAILનું મહત્ત્વનું યોગદાન છે, જે ઍરલાઇન્સ અને MRO સંસ્થાઓને વિશ્વસ્તરીય સુવિધા પૂરી પાડે છે. આ ઍવૉર્ડ ઉડ્ડયન અને ઍરોસ્પેસ ક્ષેત્રોમાં નવીનતા અને ઉદ્યોગ સહયોગ વધારવા માટેની સરકારની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.



# જૂનાગઢ જિલ્લામાં વિકાસની હેલી



ગિરનારની તળેટીમાં વસેલા જૂનાગઢને અનેક વિકાસકામોની ભેટ અવિરત મળતી રહે છે. તાજેતરમાં શ્રમ અને રોજગાર કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાએ તેમના જૂનાગઢના પ્રવાસ દરમિયાન બાંટવા નગરપાલિકાનું નવું બિલ્ડિંગ ખુલ્લું મૂક્યું તેમજ કેશોદ-માણાવદર વિસ્તારમાં આશરે રૂ. ૮.૪૩ કરોડનાં ૧૩૯ વિકાસકામોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યાં હતાં.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વિકાસકામોથી લોકોની સુખાકારી અને સુવિધા વધી છે અને ગામેગામ રસ્તા, પાણી, વીજળી જેવી સુવિધાઓ ઉપલબ્ધ બની છે. સૌરાષ્ટ્રના ૧૦૩ ડેમમાં નર્મદાનાં નીર પહોંચ્યાં છે, અશક્ય લાગતા આ કામને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શક્ય બનાવ્યું છે, આજે નર્મદાના નીરથી ખેતી પણ સમૃદ્ધ થઈ રહી છે.

કેન્દ્રીય મંત્રીશ્રીના હસ્તે બાંટવા ઉપરાંત માણાવદર અને કેશોદ વિસ્તારમાં અનેક વિકાસકામોનાં ઈ-ખાતમુહૂર્ત અને ઈ-લોકાર્પણ કરવામાં આવ્યાં. સાથે જ સાસંદશ્રી, ૧૧-પોરબંદર લોકસભા મતવિસ્તારની વર્ષ ૨૦૨૫-૨૬ની ગ્રાન્ટમાંથી ઍમ્બુલન્સ અને મોક્ષવાહિની પણ અર્પણ કરવામાં આવી.

આ ઉપરાંત તેઓએ ઘેડ પંથકમાં ફેઝ-૧ કામગીરીનું નિરીક્ષણ કરી પાણી ભરાવાની સમસ્યા ઉકેલવા અધિકારીઓને સતત મૉનિટરિંગ માટે સૂચના આપી હતી તથા ગ્રામજનો સાથે સંવાદ કર્યો હતો. કેશોદમાં સમીક્ષા બેઠકમાં ફેઝ-૧ની સમીક્ષા સાથે ફેઝ-૨ના આયોજન બાબતે ચર્ચા કરી અને વિકાસકામોની ગુણવત્તા જળવાય તે બાબતે તાકીદ કરી હતી ઉપરાંત સિંચાઈ, પંચાયત અને નૅશનલ હાઈ-વે જેવા મુદ્દાઓની પણ સમીક્ષા કરી હતી.

# સુરતને મળી વિવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ



સુરત મહાનગરપાલિકા શહેરીજનોની સુવિધા અને સર્વાંગી વિકાસની દિશામાં સતત કાર્યરત છે. તાજેતરમાં જ સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના દક્ષિણ વિસ્તારના સર્વાંગી વિકાસને વેગ આપવા સાઉથ ઝોન-બી(કનકપુર) ખાતે કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલે રૂ.૪૪.૫૨ કરોડનાં વિકાસકામોનાં લોકાર્પણ અને રૂ.૮૦ કરોડનાં કામોનાં ખાતમુહૂર્ત મળી, કુલ અંદાજિત રૂ.૧૨૪.૪૨ કરોડના જનહિતલક્ષી વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી.

સુરતના નાગરિકોને કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રીએ આપેલા વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોની ભેટ જનસુખાકારીમાં વધારો કરશે જેમકે, સુરતથી સચિન થઈ નવસારી જતાં ૯૦ મીટરના સ્ટેટ હાઈવે પરના હયાત સાતવલ્લા ઓવરબ્રિજને અંદાજિત રૂ.૩૫.૪૦ કરોડના ખર્ચે પહોળો કરાયો છે. આ રેલવે ઓવરબ્રિજ પહોળો થવાથી સચિન GIDC, હોજીવાલા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ અને નવસારી-બીલીમોરા તરફ રોજિંદી અવરજવર કરતા હજારો વાહનચાલકો માટે આ બ્રિજ સરળ અને સુગમ આવાગમનનો સેતુ બનશે.

*રાજ્ય સરકાર દ્વારા લેવાતા જનહિતકારી નિર્ણયો દ્વારા લોકોની સુખાકારીમાં વધારો થાય છે. ગહન મંથન અને ચર્ચા વિચારણા બાદ લોકોના સર્વાંગણી વિકાસ માટે તાજેતરમાં પ્રાકૃતિક કૃષિ, માછીમારી, આંતરમાળખાકિય સુવિધા, ભૂમિ સીમાંકન, સિંચાઈનું પાણી અને ગૌમાતા પોષણ અન્વયે લેવાયેલા નિર્ણયો ઉપરાંત અન્ય નિર્ણયો અત્રે પ્રસ્તુત છે.*

# ગુજરાતનાં ૫૦૦ ગામોને 'પ્રાકૃતિક કૃષિ ગ્રામ' તરીકે વિકસાવાશે

**જાહેરાત :** ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવાની દિશામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા એક મહત્ત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. રાજ્ય સરકાર હવે 'ક્લસ્ટર બેઝ્ડ' અભિગમ અપનાવીને પ્રાકૃતિક ખેતીને નવી ઊંચાઈઓ પર લઈ જશે. રાજ્યમાં જ્યાં પ્રાકૃતિક ખેતીની મહત્તમ શક્યતાઓ છે, તેવાં ૫૦૦ ગામોની વિશેષ પસંદગી કરવામાં આવશે. આ ગામોના મોટાભાગના વિસ્તારને તબક્કાવાર પ્રાકૃતિક ખેતી હેઠળ આવરી લેવામાં આવશે. પસંદ કરાયેલાં ગામોના ખેડૂતોને માત્ર સલાહ જ નહીં, પરંતુ પાયાના સ્તરે તાલીમ, માર્ગદર્શન અને ટૅક્નિકલ સહાય પૂરી પાડવામાં આવશે.



**ખેડૂતોને લાભ :** આ નિર્ણય અંતર્ગત ખેડૂતો દ્વારા ઉત્પાદિત પ્રાકૃતિક પાકને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મળે તે માટે જરૂરી સર્ટિફિકેશનની પ્રક્રિયા સરકાર દ્વારા સરળ અને સુલભ બનાવવામાં આવશે. આ ઉપરાંત ખેડૂતોને તેમનાં રસાયણમુક્ત ઉત્પાદનોના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે આ ક્લસ્ટરોને સીધાં જ બજાર વ્યવસ્થા સાથે સાંકળવામાં આવશે. રાજ્યના ખેડૂતો વ્યક્તિગત રીતે ખેતી કરવાને બદલે 'ક્લસ્ટર'માં પ્રાકૃતિક ખેતી અપનાવશે, ત્યારે પરિવહન, પૅકેજિંગ અને વેચાણના ખર્ચમાં ઘટાડો થશે અને સામૂહિક શક્તિના કારણે બજારમાં વધુ સારો નફો મેળવી શકશે. આ નિર્ણયથી ગુજરાતના કૃષિ ક્ષેત્રે ટકાઉ ખેતીનો નવો અધ્યાય શરૂ થશે અને પર્યાવરણની જાળવણી સાથે જનતાને શુદ્ધ આહાર ઉપલબ્ધ થશે.

# માછીમારોના હિતમાં સરકારનો મહત્ત્વપૂર્ણ નિર્ણય

**નિર્ણય :** ગુજરાતના દરિયાકાંઠે વસતા માછીમાર ભાઈઓના આર્થિક હિતોના રક્ષણ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે ભારત સરકારમાં અસરકારક રજૂઆત કરીને માછીમારી બોટના ડીઝલના ભાવ વધારા અંગે મહત્ત્વનો ઉકેલ લાવ્યા છે. કેન્દ્ર સરકારે ભારત પેટ્રોલિયમને માછીમારોની બોટમાં વપરાતા ડીઝલના ભાવમાં કરાયેલો રૂ. ૨૨.૪૩નો વધારો પાછો ખેંચવા સ્પષ્ટ સૂચના આપી છે. જેથી રાજ્યના માછીમારોને અગાઉ નક્કી થયેલા રાહત દરે જ ડીઝલ પ્રાપ્ત થશે.

**પ્રક્રિયા :** ગુજરાત સરકારના મત્સ્ય સંઘ (GFCCA) દ્વારા માછીમારોને ડિસ્કાઉન્ટ ભાવે ડીઝલ મળી રહે તે માટે ભારત પેટ્રોલિયમ (BPCL) સાથે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી. તાજેતરમાં ભારત પેટ્રોલિયમ દ્વારા માછીમારો માટેના ડીઝલના ભાવમાં લિટર દીઠ રૂ. ૨૨.૪૩નો વધારો કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આ બાબતને તાત્કાલિક ગંભીરતાથી ધ્યાને લઈ મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સ્થાનિક આગેવાનો અને વિવિધ માછીમારી સંસ્થાઓ દ્વારા રાજ્યના મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીને રજૂઆતો કરવામાં આવી હતી. મત્સ્યોદ્યોગ ક્ષેત્રને પણ 'સ્પેશિયલ એક્સેપ્શન' ગણીને રાહત આપવી જોઈએ. માછીમારોને 'કન્ઝ્યુમર સેગમેન્ટ'ને બદલે રિટેલ ગ્રાહકોની સમકક્ષ ગણવા મંત્રીશ્રીએ આગ્રહ કર્યો હતો. જેના આધારે મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીએ મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર સરકારને આ અંગે હસ્તક્ષેપ કરવા રજૂઆત કરી હતી.



# રાજ્ય સરકારના ભૂમિ સીમાંકનના દિશાનિર્દેશ

**નિર્ણય :** રાજ્યમાં પ્રમોલગેશન થયેલાં ગામોમાં માપણી અંતર્ગત રહી ગયેલી ક્ષતિઓની સુધારણાની અરજીઓનો એકસમાન પદ્ધતિ અને આયોજનબદ્ધ ધોરણે નિકાલ હાથ ધરવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભૂમિ સીમાંકન માટેના સ્પષ્ટ દિશાનિર્દેશો મહેસૂલ વિભાગની ઉચ્ચસ્તરીય બેઠકમાં આપ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ભૂમિ સીમાંકન અંતર્ગતના માપણી ક્ષતિ સુધારણાના જટિલ પ્રશ્નોનું ત્વરિત નિવારણ થાય એટલું જ નહિ, રજૂઆતકર્તાએ કચેરી સુધી જવું જ ન પડે તે માટે તાલુકા વિકાસ અધિકારી, મામલતદારોને વધુ સત્તાધિકારો આપીને મોબાઈલ મેજિસ્ટ્રેટ કોર્ટ સમિતિ દ્વારા ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમની કલમ ૧૧૯, ૧૨૦ તેમજ જમીન મહેસૂલ નિયમ, ૧૯૭૨ના નિયમો ૨૧(૧), ૨૧(૨) અને ૨૧(૩) મુજબ કાર્યવાહી કરીને નિવારણ લાવવા પણ સૂચનાઓ આપી છે.

**અભિગમ :** ખેતીની જમીનોની માપણીમાં પ્રમોલગેશન પછી ખેડૂતોની વાંધા અરજીઓનો નિકાલ પારદર્શક અને ચોકસાઈપૂર્વક રીતે કરીને ઇઝ ઓફ ડુંઈંગ બિઝનેસને વેગ આપવા સાથે ગ્રામીણ ખેડૂતોનાં હિતોની રક્ષા કરવાનો ખેડૂત કલ્યાણલક્ષી અભિગમ રાજ્ય સરકારે આ નિર્ણયથી અપનાવ્યો છે.

**ભૂમિ સીમાંકન સમિતિ :** મુખ્યમંત્રીશ્રીએ ભૂમિ સીમાંકન અંતર્ગત રાજ્યના જિલ્લાઓમાં કલેકટરની અધ્યક્ષતામાં ભૂમિ સીમાંકન સમિતિ કાર્યરત કરવા અને જિલ્લાની ભૂમિ સીમાંકન કામગીરીની સમીક્ષા કરવાની સૂચનાઓ આપી હતી. આવી જિલ્લાસ્તરીય સમિતિમાં કલેક્ટર ઉપરાંત નિવાસી અધિક કલેક્ટર, SLR/નાયબ નિયામક જમીન દફતર, પ્રાંત અધિકારી, DILR, મામલતદાર, TDO, જમીન સંપાદન અધિકારી, સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી કે અન્ય સંપાદક સંસ્થાના પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવશે. ભૂમિ સીમાંકન અંતર્ગત પ્રમોલગેશન બાદ માપણીની ક્ષતિ સુધારણા માટે આવેલી અરજીઓના આયોજનબદ્ધ અને સુચારુ નિવારણ માટે મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશોને પગલે મહેસૂલ વિભાગ દ્વારા સાત જેટલી અલગ-અલગ કેટેગરી નિયત કરવામાં આવી છે.

**લાભ :** મુખ્યમંત્રીશ્રીના નિર્ણયથી ગુડ ગવર્નન્સ દ્વારા ઇઝ ઑફ ડુઈંગ બિઝનેસને વેગ મળશે. ભૂમિ સીમાંકન અંતર્ગતના માપણી ક્ષતિ સુધારણાના જટિલ પ્રશ્નોનું ત્વરાએ નિવારણ થશે. રજૂઆતકર્તાઓને કચેરીના ધક્કા ખાવામાંથી મુક્તિ મળશે.

# 'આઈ-ખેડૂત' પોર્ટલ ઑનલાઇન અરજીઓ માટે ખુલ્લું મુકાશે

**નિર્ણય :** રાજ્યના ખેડૂત અને પશુપાલક મિત્રો વિવિધ કૃષિ અને પશુપાલનલક્ષી સહાય યોજનાઓનો લાભ લઈ શકે તે માટે આગામી તા.૨૭ માર્ચથી એક મહિના સુધી એટલે કે, તા. ૨૬ એપ્રિલ, ૨૦૨૬ સુધી 'આઇ-ખેડૂત' પોર્ટલ ઑનલાઇન અરજીઓ માટે ખુલ્લું મુકવામાં આવશે.

**લાભ :** રાજ્ય સરકારનું વર્ષ ૨૦૨૬-૨૭નું અંદાજપત્ર વિધાનસભા ગૃહમાં રજૂ થયાના ગણતરીના દિવસોમાં જ નવા વર્ષ માટે પોર્ટલ ખુલ્લું મૂકવાવાળો કૃષિ વિભાગ સંભવતઃ રાજ્યનો પ્રથમ વિભાગ બનશે. અરજી પ્રક્રિયા પૂર્ણ થયાની કે છેલ્લી તારીખની રાહ જોયા વિના, જેમ જેમ અરજીઓ આવશે અને તેની ચકાસણી પૂર્ણ થશે, તેમ પાત્રતા ધરાવનાર ખેડૂતોને તુરંત સબસિડી અને સહાય મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે, જેથી ખેડૂતોને ઝડપથી યોજનાકીય લાભો મળી શકે. ખેડૂતો આધાર ઑથેન્ટિકેશન દ્વારા પોતે અથવા ગ્રામપંચાયત સ્તરેથી નોંધણી કરાવી શકશે.

કૃષિ અને પશુપાલન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આધુનિક ખેતીને પ્રોત્સાહન આપતા ટ્રેક્ટર, કમ્બાઈન હાર્વેસ્ટર, રોટાવેટર, લેસર લેન્ડ લેવલર, પાવર ટીલર, ઓઈલ એન્જિન અને સ્માર્ટફોન ખરીદી પર સહાય માટે ખેડૂતો અરજી કરી શકે છે. ખેતપેદાશોના રક્ષણ માટે કાંટાળા તારની વાડ અને પાક સંગ્રહ સ્ટ્રક્ચર, સોલાર પાવર યુનિટ, પમ્પ સેટ્સ માટે સહાય મેળવવા પણ અરજી કરી શકાશે. આ ઉપરાંત બાગાયત ખાતાની ૨૦ PTO હોર્સપાવર સુધીનાં મીની ટ્રેક્ટર, નેટ હાઉસ, પોલીહાઉસ, કોલ્ડ સ્ટોરેજ, ફળ, ફૂલ અને શાકભાજીના વાવેતર તેમજ વિશેષ કરીને કમલમ્ (ડ્રેગન ફ્રૂટ) અને ઓઈલપામના વાવેતર માટે પ્રોત્સાહન આપતી યોજનાઓ હેઠળ સહાય મેળવવા ખેડૂતો અરજી કરી શકશે. પશુપાલન ખાતાની કેટલ શેડ બાંધકામ, દુધાળાં પશુના ડેરી ફાર્મ, મરઘાંપાલન તાલીમ સ્ટાઈપેન્ડ, પાડી-વાછરડી ઉછેર અને બકરાં એકમ જેવા ઘટકો હેઠળ સહાય મેળવવા માટે પશુપાલકો અરજી કરી શકશે.

# દક્ષિણ ગુજરાતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને ગતિ : રૂ.૧,૧૮૫ કરોડ મંજૂર

**મંજૂરી :** રાજ્ય સરકારે દક્ષિણ ગુજરાતમાં આવેલા માર્ગોને પહોળા કરવા અને સુધારવા માટે રૂ. ૧,૧૮૫ કરોડનાં કામોને મંજૂરી આપી છે.

**ઉદ્દેશ :** આ કામોને મંજૂરી આપવાનો ઉદ્દેશ સુરત ઈકોનોમિક રિજિયન (SER) ને દુબઈ અને ચીનના ગુઆંગઝૂ જેવા વૈશ્વિક ટ્રેડિંગ હબની તર્જ પર વિકસાવવાનો છે અને સુરતને વૈશ્વિક સપ્લાય ચેઈનમાં જોડવાનો છે તેમજ લોજિસ્ટિક્સ કનેક્ટિવિટી સુધારવા અને દક્ષિણ ગુજરાતને વૈશ્વિક સપ્લાય ચેઈનમાં મહત્ત્વપૂર્ણ કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાનો છે. આ પ્રોજેક્ટ્સમાં સુરત, તાપી, વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાઓમાં કુલ ૩૮૩ કિમીને આવરી લેતાં ૨૪ કામોનો સમાવેશ થાય છે.

ભારત સરકાર દ્વારા સુરત ઈકોનોમિક રિજિયન (SER)ને વિશ્વના નકશા પર મૂકવા માટે એક આર્થિક માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો અને બરાબર ૭ મહિના પહેલાં આ માસ્ટર પ્લાન મુખ્યમંત્રીશ્રીના હસ્તે સુરતમાં લોન્ચ કરવામાં આવ્યો હતો.

**ફાયદાઓ :** જિલ્લાવાર ફાળવણીમાં સુરતને રૂ. ૬૩૧ કરોડ ફાળવવામાં આવ્યા છે. વલસાડ જિલ્લાને રૂ. ૨૬૪ કરોડની મંજૂરી આપી છે, જ્યારે બાકીની રકમ નવસારી, તાપી અને ડાંગ જિલ્લાઓમાં કામો માટે ફાળવવામાં આવી છે. આ રોકાણો દક્ષિણ ગુજરાતમાં ઔદ્યોગિક ક્લસ્ટરો, બંદરો અને લોજિસ્ટિક્સ હબ વચ્ચેનું જોડાણ મજબૂત કરવા માટે છે. મજબૂત ઔદ્યોગિક આધાર અને વ્યૂહાત્મક સ્થાનને કારણે સુરતને દેશમાં આર્થિક માસ્ટર પ્લાન તૈયાર કરવા માટે પસંદ કરાયેલા ચાર પાઈલટ શહેર પ્રદેશોમાં સ્થાન મળ્યું છે.

નીતિ આયોગના અહેવાલ મુજબ, સુરતમાં અનેક એવા ઉદ્યોગો કાર્યરત છે જે અર્થતંત્રમાં મહત્ત્વપૂર્ણ ફાળો આપે છે. સુરત વિશ્વભરમાં કાપડ ઉત્પાદન અને હીરા પૉલિશિંગ ઉદ્યોગ માટે ઓળખાય છે. ઉપરાંત અહીં કેમિકલ ઉદ્યોગો, લઘુ અને મધ્યમ કદનાં ક્લસ્ટરો અને લોજિસ્ટિક્સ સેવાઓ પણ મજબૂત છે. ભરૂચ જિલ્લામાં કેમિકલ, ફાર્માસ્યુટિકલ અને પેટ્રોકેમિકલ ઉદ્યોગોનો મજબૂત આધાર છે, જ્યારે નવસારી કૃષિ, ફૂડ પ્રોસેસિંગ અને નાના પાયાના ઉત્પાદન માટે જાણીતું છે.

તાપીમાં એગ્રો-પ્રોસેસિંગ ઉદ્યોગો, કાગળ ઉત્પાદન અને ડેરી પ્રવૃત્તિઓ મહત્ત્વપૂર્ણ છે. વલસાડમાં કેમિકલ ઉદ્યોગો, વેપાર તથા પ્રવાસન સંબંધિત પ્રવૃત્તિઓનું સંયોજન જોવા મળે છે. જ્યારે ડાંગ જિલ્લો મોટાભાગે જંગલ અને આદિવાસી વિસ્તાર ધરાવતો હોવાથી તેની આર્થિક પ્રવૃત્તિઓ કૃષિ, વન ઉત્પાદન અને મૂળભૂત સેવાઓ પર આધારિત છે.

સુરત આર્થિક પ્રદેશના વિકાસ માટેની બ્લૂપ્રિન્ટ તૈયાર થયા પછી હવે રાજ્ય સરકારનું લક્ષ ઉત્પાદન કેન્દ્રો અને આંતરરાષ્ટ્રીય બજારો વચ્ચેનું અંતર ઘટાડીને વૈશ્વિક ટ્રેડિંગ હબ ઊભું કરવાનું છે, જે વૈશ્વિક સપ્લાય ચેઈન માટે મહત્ત્વપૂર્ણ પ્રવેશદ્વાર બની શકે. હાલમાં દક્ષિણ ગુજરાતનું પ્રતિ વ્યક્તિ જીડીપી અંદાજે ૪,૬૦૦ ડોલર છે, જેને ૨૦૪૭ સુધી વધારીને ૪૫,૦૦૦ ડૉલરથી વધુ કરવાનું મહત્ત્વાકાંક્ષી લક્ષ નક્કી કરવામાં આવ્યું છે.





"સુરત ઈકોનોમિક રિજિયન માટેનો આ આર્થિક માસ્ટર પ્લાન માત્ર એક બ્લૂપ્રિન્ટ નથી, પરંતુ રાષ્ટ્ર નિર્માણમાં ભાગીદાર તરીકે દૃષ્ટિવંત, ગતિશીલ અને સર્વસમાવેશી વિકાસ માટેની અમારી પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે." વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે શહેરી વિકાસને મહત્ત્વનું ગણ્યું છે અને ભાર મૂક્યો છે કે, આયોજનબદ્ધ શહેરો આપણા દેશનું ભવિષ્ય નક્કી કરશે. સુરત ઈકોનોમિક રિજિયનનો ઈકોનોમિક માસ્ટર પ્લાન વડાપ્રધાનશ્રીની દીર્ઘદૃષ્ટિનું જ પરિણામ છે."

**- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

# ઘેડને પૂરના પાણીથી ઉગારવા રૂ.૧,૪૨૩ કરોડની ફેઝ-૨ યોજના મંજૂર

**મંજૂરી :** ખેડૂતો અને ગ્રામજનોના હિતમાં સૌરાષ્ટ્રમાં સોરઠી ઘેડ અને બરડા ઘેડ વિસ્તારમાં ભરાતા વરસાદી પાણીના કાયમી ઉકેલ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ફેઝ-૨ના કુલ રૂ. ૧,૪૨૩.૪ કરોડની યોજનાને મંજૂરી આપવામાં આવી છે.

**સમસ્યા :** જૂનાગઢ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી વહેતી ભાદર, ઓઝત, મધુવંતી, મીણસાર, વર્તુ, સાની અને સોરઠી વગેરે નદીના મુખત્રિકોણ પ્રદેશથી સોરઠી ઘેડ અને બરડા ઘેડ વિસ્તાર બનેલો છે. આ નદીઓના મુખ પાસે બધી નદીઓ સપાટ, છીછરી અને કાંઠા વગરની હોવાથી પૂરનાં પાણી કાંઠા બહાર ફેલાઈ સમગ્ર ઘેડ વિસ્તારમાં ફરી વળે છે. ખાસ કરીને ચોમાસાની શરૂઆતથી લગભગ ચાર-પાંચ મહિના સુધી આખા વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ રહે છે તેથી આ વિસ્તારના ખેડૂતો ચોમાસા દરમિયાન ખેતી કરવામાં મુશ્કેલી અનુભવે છે તથા ચોમાસાના સમય સિવાય સિંચાઈનાં પાણીની મુશ્કેલી ઊભી થાય છે.

**આયોજન :** ઘેડ વિસ્તારની સમસ્યાના નિવારણ માટે ત્રણ તબક્કામાં એટલે કે ફેઝ ૧, ૨ અને ૩ માં કામોનું આયોજન કરવામાં આવ્યું છે. સોરઠી અને બરડા ઘેડ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટેના આયોજન પૈકી ફેઝ-૧નાં કામો માટે રાજ્ય સરકાર દ્વારા એપ્રિલ-૨૦૨૫ના રોજ કુલ અંદાજિત રકમ રૂ. ૧૩૯.૪૨ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી હતી. હાલની સ્થિતિએ ફેઝ-૧નાં ૧૭ કામો પ્રગતિ હેઠળ છે, જે આગામી ચોમાસા-૨૦૨૬ પહેલાં પૂર્ણ કરવાનું આયોજન છે. ફેઝ-૨નાં કામો માટે રાજ્ય સરકાર દ્વારા સોરઠી ઘેડ માટે રૂ. ૧૧૧૮.૫૪ કરોડ અને બરડા ઘેડ માટે રૂ. ૩૦૪.૮૬ કરોડ એમ કુલ અંદાજિત રૂ.૧૪૨૩.૪ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

**પરિણામ :** આ પ્રોજેક્ટ અંતર્ગત ઘેડ વિસ્તારના ૬ તાલુકાના ખેડૂતોને આ યોજનાનો લાભ મળશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે. જેનો સૌથી વધુ ફાયદો આ વિસ્તારનાં ખેડૂતો અને ગામોને થશે. પૂરની સમસ્યામાંથી છુટકારો મળવા સાથે ખેડૂતો વધુ કૃષિપાક લઈ શકશે અને ખેતપેદાશમાં વૃદ્ધિ થતાં, આર્થિક રીતે સમૃદ્ધ થશે.



# ગણોતિયાઓને ખરીદ કિંમત ભરપાઈ કરવાની મુદત વધારાઈ

**નિર્ણય :** ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમની કલમ-૩૨ અંતર્ગત ગણોતિયાઓને ખરીદ કિંમત ભરપાઈ કરવાની મુદત વધારવાનો સંવેદનાસ્પર્શી નિર્ણય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કર્યો છે.

**મુશ્કેલીમાંથી છૂટકારો :** ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮ મુજબ કલમ ૩૨-જી અંતર્ગત ખેડૂતો/ગણોતિયાઓ માટે મામલતદાર અને કૃષિ પંચ દ્વારા ખરીદ કિંમત નક્કી કરવામાં આવે છે અને આ કિંમત કાયદા મુજબની સમયમર્યાદામાં ભરપાઈ કરવાની હોય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ ખેડૂતોએ કરેલી રજૂઆતો અને ૩૧ ડિસેમ્બર-૨૦૨૫ના અંતે કેસોની બાકી રહેલી સંખ્યા ધ્યાનમાં લઈને તેમણે ખેડૂતોની તરફેણમાં વધુ નરમ વલણ દર્શાવીને ગણોતિયાઓને ખરીદ કિંમત ભરપાઈ કરવાની આ મુદત તા. ૩૧ ડિસેમ્બર-૨૦૨૬ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે.

**લાભ :** ગણોતિયાઓ દ્વારા ખરીદ કિંમત ન ભરવાથી તેમને કાયદેસરના માલિક ગણી શકાતા નથી. જેના પરિણામે ખેડૂતોને ખેતીની જમીન વેચાણ, બિન ખેતીના પ્રસંગોએ જે મુશ્કેલીઓ પડે છે, તે નિવારવા રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં સમયમર્યાદા લંબાવી છે. આ નિર્ણયના પરિણામે ખેડૂતો/ગણોતિયાઓ ખરીદ કિંમત ભરપાઈ કરીને કાયદેસર માલિક બની શકશે.

## એપ્રિલ સુધી સિંચાઈ માટે પાણી ચાલુ રાખવામાં આવશે

**નિર્ણય :** રાજ્યના ખેડૂતોના હિતમાં રવી સિઝનમાં સિંચાઈ માટે આગામી તા.૩૦ એપ્રિલ ૨૦૨૬ સુધી જળસંપત્તિ હેઠળ આવતી કૅનાલમાંથી પાણી ચાલુ રાખવામાં આવશે.

**માંગણી :** આ બાબતે જળસંપત્તિ મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં ગત ચોમાસું સમય કરતાં વહેલું શરૂ થવાની સાથે મોડું પૂર્ણ થયું હતું. ઉપરાંત પાછોતરા કમોસમી વરસાદના કારણે ખેડૂતોનો ખરીફ પાક મોટા પ્રમાણમાં નિષ્ફળ ગયો હતો. વળી ચોમાસું લંબાવાના કારણે રવી સિઝનની વાવણી મોડી થઈ શકી હતી, જેથી આ વર્ષે રવી સિઝનની પાકની લણણીમાં પણ વાર થવાની શક્યતાઓ છે. સામાન્યત: રવી સિઝન માટે જે તે વર્ષના ફેબ્રુઆરી માસના અંત સુધીમાં જળસંપત્તિ હેઠળની કૅનાલમાં સિંચાઈ માટે પાણી આપવામાં આવે છે. આ પરિસ્થિતિઓ ધ્યાને લઈ ખેડૂત આગેવાનો દ્વારા રવી સિઝનનું પાણી માર્ચ અને એપ્રિલમાં પણ ચાલુ રાખવાની માંગણી કરવામાં આવી હતી. આ બાબતે ઉચ્ચ કક્ષાની બેઠકમાં ચર્ચા થઈ હતી, તેમાં નક્કી થયા મુજબ ચાલુ વર્ષે રવી સિઝન પાછળ લંબાઈ હોવાથી પીવાના પાણી અને અન્ય આરક્ષણને ધ્યાને લઈ ખેડૂતોના હિતમાં રવી સિઝન માટે આગામી તા.૩૦ એપ્રિલ ૨૦૨૬ સુધી સિંચાઈ માટે જળસંપત્તિ હેઠળ આવતી કૅનાલમાંથી પાણી ચાલુ રખાશે.


## મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનામાં મહત્ત્વપૂર્ણ ફેરફાર

**નિર્ણય :** "મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના" હેઠળ સહાય મેળવવાની પાત્રતાના નિયમોમાં મહત્ત્વપૂર્ણ સુધારો કરીને રાજ્યની વધુમાં વધુ પાંજરાપોળ-ગૌશાળાને આ યોજના હેઠળ આવરી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

**સહાય :** ગુજરાતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે અંબાજી ખાતેથી વર્ષ ૨૦૨૨-૨૩માં "મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના"ની જાહેરાત કરવામાં આવી હતી, જે અંતર્ગત રાજ્યની પાંજરાપોળ - ગૌશાળાને પશુ નિભાવ માટે એક પશુ દીઠ દૈનિક રૂ. ૩૦ની આર્થિક સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩થી સપ્ટેમ્બર-૨૦૨૫ સુધીમાં રાજ્યની ૧૬૦૦થી વધુ સંસ્થાઓનાં ૪.૫૦ લાખથી વધુ પશુઓ માટે અત્યાર સુધીમાં કુલ રૂ. ૧,૩૬૪ કરોડ જેટલી માતબર રકમની સહાય ચૂકવવામાં આવી છે.

**નોંધણી સમયમર્યાદામાં વધારો :** આ યોજનાના નિયમ મુજબ, જે સંસ્થાઓની નોંધણી પબ્લિક ટ્રસ્ટ ઍક્ટ હેઠળ તા. ૩૧-૦૩-૨૦૨૨ પહેલાં થઈ હોય તેમને જ આ સહાય મળવાપાત્ર હતી. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ પછી નોંધાયેલી ગૌશાળા-પાંજરાપોળને આ સહાય ન મળતી હોવાથી રાજ્યની વિવિધ સંસ્થાઓ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. આ સંસ્થાઓની રજૂઆતોનો હકારાત્મક પ્રતિભાવ આપતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉદાર અભિગમ દાખવી ટ્રસ્ટ નોંધણીની મર્યાદા વધારવાનો નિર્ણય કર્યો છે. આગામી નાણાકીય વર્ષ એટલે કે, તા. ૦૧-૦૪-૨૦૨૬થી, જે સંસ્થાઓની પબ્લિક ટ્રસ્ટ ઍક્ટ હેઠળ તા. ૩૧-૧૨-૨૦૨૫ સુધીમાં નોંધણી થયેલી હશે, તેવી તમામ ગૌશાળા-પાંજરાપોળો આ સહાય મેળવવા માટે પાત્ર ગણાશે. નોંધણીની સમયમર્યાદા વધારવાના કારણે રાજ્યની અનેક ગૌસેવા સંસ્થાઓ આ યોજનાનો લાભ લઈ શકશે.

ગૌશાળા અને પાંજરાપોળ દ્વારા પશુઓની જાળવણીની જે સેવાભાવી પ્રવૃત્તિ થાય છે, તેને આર્થિક બળ પૂરું પાડવાનો રાજ્ય સરકારનો ઉદ્દેશ આ નિર્ણયથી સાચા અર્થમાં ચરિતાર્થ થયો છે.



# પરંપરા અને રોજગારીનું જીવંત પ્રતીક, સુરતની GI ટૅગ ધરાવતી ‘જરી’

**બેલા મહેતા**

Geographical Indication - GI ટૅગ એ વિશિષ્ટ ભૌગોલિક વિસ્તારોમાં જ થતાં ઉત્પાદનોની ગુણવત્તા, પ્રતિષ્ઠા અને વિશિષ્ટતાને ઓળખ આપે છે. તે પરંપરાગત જ્ઞાનનું રક્ષણ કરવામાં, સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવામાં અને ગ્રાહકો સુધી ચોક્કસ પ્રદેશનાં જ ઉત્પાદનોની વિશ્વસનીયતા પહોંચાડવામાં ઉપયોગી નીવડે છે. સુરતના ‘જરીકામ’ને પ્રાપ્ત GI ટૅગ જરી ઉદ્યોગની પરંપરા અને ગુણવત્તાને જાળવી રાખે છે. તે જરીના ઉત્પાદન સાથે સંકળાયેલા લોકો અને કારીગરીને સાંસ્કૃતિક વારસા સાથે જોડી રાખી તેમને બહુમાન અર્પે છે.

'જરી'એ એક પ્રકારના સોના કે ચાંદીના નાજુક તારથી તૈયાર કરવામાં આવતો દોરો (યાર્ન) છે, જેનો ઉપયોગ પરંપરાગત ભારતીય પહેરવેશમાં થાય છે. આ દોરાને મુખ્યત્વે રેશમી કાપડમાં વણીને કલાત્મક અને આકર્ષક ડિઝાઇન્સ બનાવવામાં આવે છે. ગુજરાતમાં, સુરતનો જરી ઉદ્યોગ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સુરત શહેર ભારતના પશ્ચિમ કિનારાનું એક અગત્યનું બંદર હોવાથી અને જરી એક સુશોભન-શણગારની વસ્તુ હોવાને કારણે મુઘલ શાસન દરમિયાન સુરતથી ઇટાલી, જર્મની, તુર્કી, ઇજિપ્ત, ફ્રાન્સ અને અફઘાનિસ્તાન સુધી તેની નિકાસ કરવામાં આવતી હતી. જરી વસ્તુઓમાં તારા, સ્પૅંગલ્સ, ચલક, સલમા, બોર્ડર, લેસ વગેરે નામના સોના અને ચાંદીના દોરાનો સમાવેશ થાય છે, જેનો ઉપયોગ ‘ઝરદોઝી’ના કામમાં અને સોના અને ચાંદીના બ્રોકેડ વણાટમાં વ્યાપકપણે થાય છે. જરી બનાવવા માટે સોનું, ચાંદી, રેશમ, કપાસ જેવા મૂલ્યવાન કાચા માલનો ઉપયોગ થતો હોવાથી તેનાં ઉત્પાદનો કુદરતી રીતે જ મોંઘાં હોય છે.

ધ સુરત જરી મેન્યુફેક્ચરર્સ ઍસોસિએશન, ધ સુરત જરી ગુડ્સ પ્રો. કૉઓપરેટિવ સોસાયટી લિ., સધર્ન ગુજરાત ચૅમ્બર ઑફ કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, સુરત-વારાણસી જરી વેપારી મંડળ અને સુરત - આંધ્ર કર્ણાટક જરી ઍસોસિએશન દ્વારા વર્ષ તા. ૨૧.૦૫.૨૦૦૯ના રોજ ભારત સરકાર પાસે GI ટૅગ મેળવવા અરજી કરવામાં આવી હતી જેને તા.૦૬.૧૦.૨૦૧૦ના રોજ GI ટૅગની માન્યતા મળી. જરીનો ઉપયોગ કાપડ, હૅન્ડલૂમ અને પાવરલૂમ, રેશમ અને સુતરાઉ સાડીઓ, બાંધણી, દુપટ્ટા, ફેન્સી ડ્રેસ મટીરિયલ્સ, ધોતી, રૂમાલ વગેરેમાં થાય છે. કપાસ આધારિત વાસ્તવિક જરીનો ઉપયોગ ભરતકામ અને હસ્તકલામાં પણ થાય છે.

**GI ટૅગના ફાયદા :** પરંપરાગત વણાટ અને ભરતકામની તકનીકોની ઉપયોગિતા જળવાતા સંલગ્ન જે-તે પ્રદેશના સાંસ્કૃતિક મહત્ત્વને સમૃદ્ધ બનાવે છે. આ ટૅગથી જરી ગ્રાહકોને પ્રામાણિક અને શ્રેષ્ઠ ગુણવત્તાનાં ઉચ્ચતમ ઉત્પાદન મળી રહે છે. GI ટૅગથી જરીનું બજાર મૂલ્ય વધ્યું છે, જે ગ્રાહકોને આકર્ષે છે. સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપીને, રોજગારીનું સર્જન કરીને અને રોકાણને પ્રોત્સાહન આપીને આર્થિક વિકાસમાં ફાળો આપે છે. કલાની નકલ અને તેના દુરુપયોગ સામે રક્ષણની ખાતરી મળી રહે છે.



# મિલેટ્સ મહોત્સવ : પ્રાકૃતિક ખાદ્ય વસ્તુઓનો લોકપ્રિય ઉત્સવ

**રાજકુમાર**

પ્રાકૃતિક કૃષિ, સાંપ્રત સમયની જીવનશૈલી આધારિત ઘણી સમસ્યાઓનો રામબાણ ઈલાજ છે. રાજ્યની મહાનગરપાલિકાઓમાં મિલેટ્સ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ શુદ્ધ અને રસાયણમુક્ત વિવિધ ખેતઉત્પાદનો મેળવવા માટેનું સ્થાન છે. આ કેન્દ્ર રસાયણમુક્ત શુદ્ધ અને પૌષ્ટિક શાકભાજી તથા ફળો ઉગાડતા ખેડૂતો અને ગ્રાહકો વચ્ચે સેતુ બનવાનું કાર્ય કરે છે, જેથી બંને પક્ષને સીધો લાભ મળી રહે. જમીનની ફળદ્રુપતાની જાળવણી, સ્થાનિક ખેડૂતો પાસેથી સીધાં ઉત્પાદનો દ્વારા ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવે છે. રાજ્ય સરકારની પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવાની નેમને કારણે રાજ્યમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ ફેલાઈ છે.

રાજ્ય સરકાર દ્વારા વિવિધ મહાનગરપાલિકાઓમાં મિલેટ્સ મહોત્સવ અંતર્ગત પ્રાકૃતિક ફાર્મર માર્કેટમાં ખેડૂતો દ્વારા પ્રાકૃતિક રીતે તૈયાર કરાયેલાં ઉત્પાદનોની માંગ વધી રહી છે. લોકો આરોગ્યપ્રદ જીવનશૈલી તરફ આગળ વધે તે માટે ચિંતા કરતી રાજ્ય સરકારે સમગ્ર રાજ્યમાં મિલેટ્સ મહોત્સવનું આયોજન કર્યું હતું, જેમાં ધાન્ય પાકોનું મહત્ત્વ સમજાવી લોકો તેને અપનાવે તે માટે ખાસ પ્રયત્ન કરવામાં આવ્યા હતા. આ મહોત્સવમાં આવેલા વિવિધ પ્રાકૃતિક કૃષિકારોની અનુભૂતિ સ્વયં તેમના જ શબ્દોમાં જાણીએ.









હું વર્ષ ૨૦૧૭થી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરું છું. લોકોના આરોગ્ય વિશે ચિંતા થતી હોવાથી ઝેરમુક્ત ધાન્યોનું રસાયણમુક્ત પ્રાકૃતિક ઉત્પાદન કરી જાતે જ વેચાણ કરું છું. ખાસ કરીને મરચાં સહિતના મસાલામાં પેસ્ટિસાઇડ્થી હેવી મેટલનું પ્રમાણ વધે છે, જે આરોગ્ય માટે હાનિકારક છે. તેથી પ્રાકૃતિક રીતે તૈયાર કરાયેલા મસાલા, ધાન્ય પાકો જ આપણે સહુએ આહારમાં લેવા જોઈએ.

**- શ્રી નીલેશભાઈ, પ્રાકૃતિક કૃષિકાર**

મિલેટ્સના ખાખરા સહિત ઓટ્સ, રાગી, જુવાર, બાજરી, રાજગરો, અળસી સહિતના મિલેટ્સમાંથી અવનવા સ્વાદમાં ખાખરાની ખૂબ ડિમાન્ડ છે. પ્રોટીનયુક્ત આ ખાખરા ઓઈલ ફ્રી હોવાથી ડાયટિંગ માટે ખૂબ ઉપયોગી છે.

**- શ્રી મીતભાઈ, પ્રાકૃતિક કૃષિકાર**

લાકડાની ઘાણીમાં તેલ તૈયાર કરવાથી તે ગરમ થતું નથી અને તેનાં મૂળ તત્ત્વો જળવાઈ રહે છે. તેલને શુદ્ધ કરવામાં કોઈ કેમિકલનો વપરાશ પણ કરવામાં આવતો નથી પરિણામે બી.પી. અને હૃદયરોગનું જોખમ રહેતું નથી. તેલ વારંવાર ગરમ થવાથી તેમાં ટ્રાઇગ્લિસરાઇડ્સનું પ્રમાણ વધવાથી હૃદયરોગનો હુમલો થવાની શક્યતાઓ વધી જતી હોય છે.

**- શ્રી અલ્પેશભાઈ મોઢા, પ્રાકૃતિક કૃષિકાર**

મિલેટ્સ મેળામાં ગુલાબનું નેચરલ ફાર્મિંગ કરતા પડધરીના દીપભાઈ પીપળિયા ગુલકંદના વેચાણ માટે આવ્યા હતા. પ્રાકૃતિક ખેતી દ્વારા તૈયાર કરાયેલા ગુલાબમાંથી તેઓ ગુલાબની પાંદડી, ખડી સાકર, વરિયાળી, મધ અને ઇલાયચીમાંથી આશરે ૧૫૦૦થી ૨૦૦૦ કિલો ગુલકંદનું ઉત્પાદન કરે છે. ઉનાળામાં ખાસ કરીને ઍસિડિટી, ગેસ સહિતના રોગોમાં ગુલકંદનુ સેવન પેટને ઠંડક બક્ષે છે.

**- શ્રી દીપભાઈ પીપળિયા, પ્રાકૃતિક કૃષિકાર**

# શબ્દરમત

અરૂણા ડાવરા

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ષ | ક | ણ | બા | યૂ | મેં | બ | મૃ | લી |
| હે | દ્ર | માં | આ | સ | ડ | રિ | ર | જિ |
| મુ | મૂ | મિ | મૌ | લિ | ક | મો | ર | માં |
| દં | ડ | ષ | ખિ | ખુ | મ | ર | હ | ડ |
| મા | મ | હે | ક | દુ | હિ | સો | મૃ | લું |
| પિ | મૌ | દ્ર | મૃ | મિ | મૂ | દ | ઈ | ફો |
| યું | મુ | ડ | તું | મૃ | દં | ગ | દુ | જિ |
| મો | રા | સી | ફૂ | ગૂ | ફ | ઈ | ગ | ના |
| સો | રિ | લું | ળ | મેં | વ | પિ | દં | લું |

નોંધ : ('મ' વર્ણમાલાનો ઓષ્ઠ્ય ઘોષ અલ્પ પ્રાણ અનુનાસિક વ્યંજન છે. એ જ્યારે શબ્દોમાં કોઈ સ્વર પછી હોય છે ત્યારે તેની પૂર્વેનો સ્વર નાકમાંથી ઉચ્ચરિત થાય છે; શબ્દારંભે હોય છે ત્યારે 'મ' અનુનાસિક નથી. શબ્દ રમત અંતર્ગત 'મ'થી શરૂ થતા કેટલાક શબ્દોના સમાનાર્થી શબ્દો વિશે જાણીએ.)

૧. માપવાનું વાસણ કે સાધન એટલે ......

૨. ફોરમ, સુગંધનો સમાનાર્થી શબ્દ :........

૩. મુખને લગતું : ........... મૂળ મુખ્ય : ..............

૪. સૂર્યનો સમાનાર્થી શબ્દ :........

૫. શ્રીકૃષ્ણ : ...... વાંસળી :......

૬. કોમળ, સુંવાળું તેમજ મધુર માટે વપરાતો અન્ય શબ્દ...

૭. છાપનાર : .................., છાપકામ કે તેની કળા (છાપખાનું) :.................

૮. ખેડાણમાં ઢાળપડતી ટેકરી :.................

૯. ટોળું, જૂથ કે સમૂહ માટે ................. શબ્દ પણ ઉપયોગ કરી શકાય.

૧૦. પ્રતિપક્ષી, શત્રુના સ્થાને તેના જેવા જ અર્થવાળો ................. શબ્દ વાપરી શકાય.

૧૧. ઉદર : ................., દેડકો : .................

૧૨. બંને બાજુ વગાડાય તેવું તબલા જેવું એક વાદ્ય

૧. માપિયું, ૨. મહેક, ૩. મૌખિક, મૌલિક, ૪. મિહિર, ૫. મુરારિ, મોરલી, ૬. મૃદુ, ૭. મુદ્રક, મુદ્રણ, ૮. મોરસો, ૯. માંડલું, ૧૦. મૂદઈ ૧૧. મૂષક, મેંડક, ૧૨. મૃદંગ



# યોગ્ય આહારથી સ્વસ્થ રહો

ડૉ. શીતલ ભાગીયા

રોજીંદા જીવનમાં વિરુદ્ધ આહાર વિશે ઉદાહરણો દ્વારા સમજીએ.

**પરિહાર વિરુદ્ધ :** પરહેજ પાળ્યા વગર આહારનું સેવન ન કરવું. તેમજ હૃદય વિરુદ્ધ એટલે કે મનને વિરુદ્ધ આહારનું સેવન ન કરવું. પોતાને પ્રિય ન હોય તેવો અથવા ન ભાવતા આહારનું સેવન ન કરવું. આ ઉપરાંત સંપદ વિરુદ્ધ અર્થાત્ અશુદ્ધ અથવા બગડેલા આહારનું સેવન ન કરવું. વધારે પડતાં પાકી ગયેલાં ફળોનું સેવન ન કરવું તથા આયુર્વેદિક ભોજનવિધિનો ભંગ કરીને આહારનું સેવન ન કરવું.

**સાત્મ્ય વિરુદ્ધ :** શરીરથી સહન ન થાય એવા આહારનું સેવન ન કરવું. જે વ્યક્તિને દૂધ નથી સદતું તેણે દૂધ લેવું અને ગરમ પદાર્થથી તકલીફ થવા છતાં ગરમ દ્રવ્યોનું સેવન કરવું સાત્મ્ય વિરુદ્ધ આહાર છે. એટલું જ નહિં વૃદ્ધાવસ્થા કે રોગાવસ્થામાં અયોગ્ય આહારનું સેવન કરવું. બાળકને ખૂબ તીખો, ભારે, અપાચ્ય આહાર ન આપવો તથા વૃદ્ધોને ભારે અને વાતવર્ધક આહાર આપવો એ અવસ્થા વિરુદ્ધ આહાર છે.

**કોષ્ઠ વિરુદ્ધ :** આયુર્વેદમાં વર્ણન કર્યા પ્રમાણે કોષ્ઠ પ્રમાણે આહાર લેવાથી સારું પાચન થઈ જાય છે. મૃદુ કોષ્ઠવાળી વ્યક્તિએ દૂધ અથવા તો ગરમ પાણીનું વધુ સેવન કરવું.

**દૂધ સાથેના વિરુદ્ધ આહાર:** દૂધ સાથે ગોળ, લસણ, ડુંગળી, મીઠું, મૂળા, ગાજર, તુલસી, આદુ, દહીં, છાશ, કઢી, માંસ, માછલી કે ઈંડાં ન લેવાં જોઈએ. ઉદાહરણ : દૂધમાં ખીર બનાવીને લસણની ચટણી સાથે ખાવું અથવા દૂધ પીને માછલીનો આહાર વિરુદ્ધ આહાર છે.

**દહીં અને ગોળ સાથે ન લેવા :** દહીં સાથે ગોળ, દૂધ, મૂળા કે કેળાં ન લેવા; જ્યારે ગોળ સાથે મૂળા, તેલ, લસણ, અડદ, દૂધ કે દહીં વિરુદ્ધ છે. ઉદાહરણ : દહીંમાં કેળાં મિક્સ કરીને ખાવું અથવા ગોળ અને ઘી બરાબર માત્રામાં લેવું હાનિકારક છે – ઘી કે મધ બમણી માત્રામાં જ લેવું.

**અન્ય સામાન્ય ઉદાહરણો :** ફળ અને દૂધનું મિશ્રણ (જેમકે દૂધમાં ફળ, સ્મૂધી, ફ્રૂટસલાડ), દહીં અને ગરમ વાનગીઓ, મધ અને ઘીની સમાન માત્રા, દહીં + રાત્રે ભોજનમાં દહીં, ગરમ ખોરાક સાથે કોલ્ડ ડ્રિંક.



# ડ્રાઇવરલેસ કાર

## સ્ટિયરિંગ વગરની સફર અને તેની પાછળનું ગણિત

જિગર ખુંટ

કલ્પના કરો કે તમે કારમાં આરામથી બેસીને અખબાર વાંચી રહ્યા છો કે કૉફીની ચૂસકી લઈ રહ્યા છો અને કાર આપમેળે ટ્રાફિકમાંથી રસ્તો કાઢીને તમને ઑફિસ પહોંચાડે છે. કોઈ ડ્રાઈવર નહીં, સ્ટિયરિંગ પર કોઈ હાથ નહીં ! સાયન્સ-ફિક્શન ફિલ્મોમાં જ જોવા મળતી વાત આજે 'ઑટોનોમસ વિહિકલ' અથવા ડ્રાઈવરલેસ કારના રૂપમાં રસ્તાઓ પર આવી રહી છે. સવાલ એ થાય કે, લોખંડના આ મશીનને કેવી રીતે ખબર પડે કે ક્યારે બ્રેક મારવી - ક્યારે વળાંક લેવો? ચાલો 'ઝૂમ ઇન' કરીએ ડ્રાઈવરલેસ કારની આ ટૅક્નોલૉજી વિશે...

**ડ્રાઈવરલેસ કારનું 'મગજ' :** એક વ્યક્તિ જ્યારે ગાડી ચલાવે છે, ત્યારે તેની આંખો રસ્તો જુએ, મગજ નિર્ણય લે અને હાથ-પગ સ્ટિયરિંગ કે બ્રેકની પ્રતિક્રિયા આપે છે. ડ્રાઈવરલૅસ કારમાં આ કામ ત્રણ ટૅક્નોલૉજીના સમન્વયથી થાય છે:

**સેન્સર્સ અને કૅમેરા :** કારની ચારેય તરફ અત્યંત શક્તિશાળી કૅમેરા, રડાર અને 'લિડાર' સેન્સર્સ લાગેલાં હોય છે. લિડાર ટેક્નોલૉજી લેસર કિરણો છોડીને આસપાસની વસ્તુઓનું અંતર માપે છે અને કારની આસપાસની દુનિયાનો 3-D નકશો તૈયાર કરે છે.

**આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ :** કૅમેરા અને સેન્સર્સ પાસેથી મળતા ડૅટાને કારમાં રહેલું સુપર-કમ્પ્યૂટર પ્રૉસેસ કરી, 'મશીન લર્નિંગ'ના ગણિત સાથે તે સામેની વસ્તુ શું છે તે નક્કી કરે છે.

**કંટ્રોલ સિસ્ટિમ :** એકવાર AI નક્કી કરી લે કે આગળ શું કરવું ત્યારબાદ તે કારના ઍક્સિલરેટર, બ્રેક અને સ્ટિયરિંગને ઈલેક્ટ્રૉનિક સિગ્નલ મોકલે છે.

ડ્રાઈવરલેસ કાર ગણિતના કોયડા સતત ઉકેલે છે. તેની પાછળ મુખ્યત્ત્વે બે પ્રકારનાં ગણિત કામ કરે છે:

**પ્રૉબેબિલિટી :** જો રસ્તા પર કોઈ દડો ઊછળીને આવે છે, તો કારનું ગણિત ગણતરી કરશે કે તેની પાછળ કોઈ બાળક દોડીને આવવાની સંભાવના કેટલી છે? આ સંભાવનાના આધારે કાર અગાઉથી જ ધીમી પડી જાય છે.

**પાથ પ્લાનિંગ :** બિંદુ Aથી B સુધી પહોંચવા માટે કયો રસ્તો ટૂંકો અને સુરક્ષિત છે? કાર સેકન્ડના સોમાં ભાગમાં ભૂમિતિ અને કૅલ્ક્યુલસનો ઉપયોગ કરીને સૌથી સલામત વળાંક અને ઝડપ નક્કી કરે છે.

**ટૅક્નોલૉજીના ફાયદા :** દુનિયાના ૯૦%થી વધુ અકસ્માત માનવીય ભૂલ (થાક, નશો કે ધ્યાન ભટકવા)ને કારણે થાય છે. કમ્પ્યૂટર ક્યારેય થાકતું નથી કે તેનું ધ્યાન ભટકતું નથી. બધી જ કાર એકબીજા સાથે વાઇ-ફાઇથી જોડાયેલી હશે, જેથી ટ્રાફિક જામની સમસ્યા લગભગ ખતમ થઈ જશે. જે લોકો દૃષ્ટિહીન છે કે શારીરિક રીતે અક્ષમ છે, તેઓ પણ કોઈની મદદ વગર મુસાફરી કરી શકશે.



# રેલવે મુસાફરીમાં ઉપયોગી 'રેલવન' સુપર ઍપ

હર્ષદ રુપાપરા

ભારતીય રેલવે દેશવાસીઓની લાઈફ-લાઇન છે. દરરોજ મુસાફરી કરતાં લાખો પ્રવાસીઓ અને યાત્રિકોની સુવિધા માટે ભારતીય રેલવે દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઇન્ડિયા અભિયાનને અનુરૂપ રેલવન (RallOne) સુપર એપ કાર્યરત છે. 1, જુલાઈ 2025ના રોજ લોન્ચ કરાયેલી આ ઓલ-ઇન-વન એપ લગભગ ૮ મહિનામાં ૧ કરોડથી વધુ ડાઉનલોડ થઈ ચૂકી છે.

Centre for Railway Information Systems (CRIS) દ્વારા વિકસિત ઍપમાં રેલવેની તમામ મુસાફરી સંબંધિત સેવાઓને એક જ પ્લૅટફૉર્મ પર આપવામાં આવી છે. પહેલાં મુસાફરોએ અલગ-અલગ ઍપ્સ જેમકે IRCTC Rail Connect, UTS Mobile, NTES, Rail Madad અને e-catering વગેરેનો ઉપયોગ કરવો પડતો જ્યારે હવે 'રેલવન'માં આ બધી જ ઍપની સુવિધા ઉપલબ્ધ છે.

૧ માર્ચ ૨૦૨૬થી UTS Mobile ઍપને બંધ કરી તેની તમામ સેવાઓ 'રેલવન'માં ટ્રાન્સફર કરવામાં આવી છે. R-Walletના બૅલેન્સને પણ આ ઍપમાં સરળતાથી માઇગ્રેટ કરી શકાય છે.

### ઍપની વિશેષતાઓ અને ફાયદા

- રિઝર્વ્ડ, અનરિઝર્વ્ડ અને પ્લૅટફૉર્મ ટિકિટ બુકિંગ
- લાઈવ ટ્રેન સ્ટેટસ, PNR સ્ટેટસ, કોચ પોઝિશન અને રિયલ-ટાઇમ ટ્રેકિંગ
- ટ્રેનમાં ફૂડ ઑર્ડર (e-catering)ની સુવિધા
- રેલ મદદ (Rail Madad) દ્વારા ફરિયાદ નોંધણી, રિફંડ ફાઇલિંગ અને ટ્રાવેલ ફીડબૅક
- જર્ની પ્લાનર, ટ્રેન સર્ચ અને અન્ય ઓફરિંગ્સ જેમકે WAVES OTT સેવા

ઍપમાં સિંગલ સાઇન-ઓન (SSO) સુવિધા છે, જેનાથી mPIN અથવા બાયોમેટ્રિકથી ઝડપથી લોગ-ઇન કરી શકાય છે. ગેસ્ટ મોડમાં ઘણી માહિતી અને સુવિધાઓનો ઉપયોગ કરી શકાય છે. યૂઝર ઇન્ટરફેસ સ્વચ્છ, યૂઝર-ફ્રેન્ડલી અને મલ્ટી-લિંગ્વલ છે, જેમાં "Do You Know?" સેક્શનમાં રેલવે વિશે વિવિધ માહિતી મેળવી શકાય છે.

### ઉપયોગ કેવી રીતે કરશો?

**ડાઉનલોડ અને ઇન્સ્ટોલ** – Google Play Store (Android) અથવા Apple App Store (iOS) પર "RailOne" સર્ચ કરીને ફ્રીમાં ડાઉનલોડ કરો. (Developer: Centre for Railway Information Systems)

**રજિસ્ટ્રેશન** – IRCTC અથવા UTS યૂઝર આઇડી-પાસવર્ડથી લોગઇન કરો. નવા યૂઝર્સ માટે પણ રજિસ્ટ્રેશનની સુવિધા છે. mPIN અથવા ફિંગરપ્રિન્ટ/ફેસ આઇડીથી ફાસ્ટ લોગ-ઇન કરી શકાય છે.

**ટિકિટ બુકિંગ** – હોમ સ્ક્રીન પર "Journey Planner" અથવા "Reserved/Unreserved" વિકલ્પ પસંદ કરો. સોર્સ-ડેસ્ટિનેશન, તારીખ, પૅસેન્જર વિગતો ભરીને ટિકિટ બુક કરો અને ડિજિટલ પેમેન્ટ કરો.

**ટ્રેન ટ્રેકિંગ** – "Track Your Train" અથવા "PNR Status"માં PNR નંબર દાખલ કરીને રિયલ-ટાઇમ સ્ટેટસ, કોચ પોઝિશન અને લાઇવ લોકેશન જુઓ.

**અન્ય સુવિધાઓ** – "Order Food"થી ફૂડ ઓર્ડર, "Rail Madad"થી ફરિયાદ/રિફંડ અને "File Refund"થી રિફંડ પ્રોસેસ કરો.

હવેની રેલવે મુસાફરીમાં 'રેલવન' ઍપ ડાઉનલોડ કરો અને સ્માર્ટ, સરળ તથા સુરક્ષિત રેલ યાત્રાનો આનંદ માણી શકો છો.




એન્ડ્રોઇડમાં ડાઉનલોડ માટે

આઇફોનમાં ડાઉનલોડ માટે



# સાહસથી સિદ્ધિને વરેલા રામસિંગ

**નીરવ રાવલ**

સિદ્ધિ સાહસિકને જ વરે છે. સાહસ વિના સિદ્ધિ પ્રાપ્ત થઈ શકતી નથી. ધૈર્ય, હિંમત અને યોગ્ય દિશામાં આગળ વધવા માટે મક્કમ મનોબળ પણ એટલું જ આવશ્યક છે. આ બધા જ ગુણ ગાંધીનગર ખાતે માહિતી ખાતાના પ્રકાશન શાખામાં ફરજ બજાવતા સહાયક માહિતી નિયામક શ્રી રામસિંગભાઈ પઢિયારમાં જોવા મળે છે.

તાજેતરમાં તેમણે નવી દિલ્હીમાં આયોજિત વર્લ્ડ પેરા ઍથ્લેટિક્સ ચૅમ્પિયનશિપ ૨૦૨૬માં ભારતનું પ્રતિનિધિત્વ કરી હાઈજમ્પ અને લોંગજમ્પમાં સિલ્વર મૅડલ તેમજ ઓરિસ્સાના ભુવનેશ્વરમાં આયોજિત ૨૪મી નૅશનલ પેરા ઍથ્લેટિક્સ ચૅમ્પિયનશિપ ૨૦૨૬માં લોંગજમ્પ કૅટેગરીમાં કાંસ્યચંદ્રક મેળવી દેશની સાથે રાજ્યનું નામ ઉજાળ્યું છે.

પ્રતિભાના જોરે હાંસલ કરેલી આ સિદ્ધિ નાનીસૂની નથી. તેમની અથાક મહેનત તેમના મૅડલ્સની હારમાળાથી સાબિત થાય છે. આ આંતરરાષ્ટ્રીય ખેલાડીને અત્યાર સુધીમાં વિવિધ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લેવાનો અવસર મળ્યો અને તેમાં વિજયી બનવા સાથે તમણે ૧૨ ગોલ્ડ, ૭ સિલ્વર અને ૪ બ્રોન્ઝ મૅડલ હાંસલ કર્યા છે, જેમાં એશિયન ગેઈમ્સ ૨૦૨૩ના કાંસ્ય પદકનો પણ સમાવેશ થાય છે.

તેમણે વર્ષ ૨૦૧૬ના પેરાલિમ્પિક રમતોથી પ્રેરાઈને ખેલમહાકુંભ જેવી સ્પર્ધાઓમાં ભાગ લીધો. આ પ્રથમ પગથિયાથી તેમને તેમની ક્ષમતા અને પ્રતિભાનો પરિચય થયો. તેમનું માનવું છે કે સિદ્ધિ માટે સપનાઓ પણ મોટાં જોવા પડે. તેમણે ઑલમ્પિક્સમાં રમવાના પોતાના સપનાને સાકાર કરવા માટે સતત મહેનત કરવાનો સંકલ્પ કર્યો.



વર્ષ ૨૦૧૮માં ગાંધીનગર આવી સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ઇન્ડિયા (SAI) ના ટ્રેનિંગ સેન્ટરમાં વ્યાવસાયિક તાલીમ લીધી. ત્યારબાદ પહેલી પૅરા-નૅશનલ ચૅમ્પિયનશિપમાં ભાગ લીધો અને કઠિન પરિશ્રમના પરિણામરૂપ પહેલો નૅશનલ ચૅમ્પિયનશિપ મૅડલ જીત્યો. આમ સફળતાપૂર્વકની શરૂઆતે તેમને વધુ મહેનત કરવા પ્રેરિત કર્યા. આ સફળતા બાદ તેમને ભારત દેશનું પ્રતિનિધિત્વ કરવાની તક મળી અને વર્ષ ૨૦૧૯માં ચીનના બેઇજિંગમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લીધો. તેમાં પણ અપેક્ષા મુજબ તેમણે રમતગમત કારકિર્દીનો સર્વપ્રથમ ઇન્ટરનેશનલ ગોલ્ડ મૅડલ જીતી દેશ અને રાજ્યનું ગૌરવ વધાર્યું.

ત્યારબાદ રામસિંગભાઈએ વિવિધ ઈવેન્ટમાં મૅડલની વણજાર લગાવી દીધી. વર્લ્ડ ચૅમ્પિયનશિપમાં ભાગ લઈ તેમણે દેશ માટે પૅરાલિમ્પિક રમતોનો ક્વોટા મેળવ્યો. આ સિદ્ધિ પછી એશિયન ગેઈમ્સ ૨૦૨૩માં વધુ ગૌરવશાળી ક્ષણ ત્યારે આવી જ્યારે તેમણે દેશ માટે કાંસ્ય પદક જીત્યો.

રામસિંગભાઈ ભાવી આયોજન અંગે કહે છે કે, "હાલમાં હું જાપાનમાં યોજાનારી એશિયન પૅરા ગેઈમ્સ ૨૦૨૬ માટે સઘન તૈયારી કરી રહ્યો છું અને સાથે સાથે પૅરાલિમ્પિક ગેઈમ્સ ૨૦૨૮ માટે પણ અત્યારથી જ તૈયારી શરૂ કરી દીધી છે. ગુજરાત પેરા સ્પોર્ટ્સ એશોશિયનના ગૌરવ પરીખ સાહેબનો મારી સ્પોર્ટ્સ લાઇફમાં ઘણો સાથ સહકાર મળ્યો છે. મને વિશ્વાસ છે કે સતત મહેનત, સંકલ્પ અને દેશપ્રેમ સાથે હું ભવિષ્યમાં પણ ભારતનું નામ ગૌરવપૂર્ણ રીતે ઉજાગર કરીશ."





# શક્તિદૂત યોજના

## યોજનાનો ઉદ્દેશ / હેતુ

પ્રતિભાશાળી ખેલાડીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિઓ હાંસલ કરી રાજ્ય અને રાષ્ટ્રનું નામ રોશન કરે તે હેતુ

## પાત્રતાના ધોરણો

સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા માન્ય રમતો, કોમનવેલ્થ ગેઈમ્સ, એશિયન ગેઈમ્સ તથા આફ્રો એશિયન ગેઈમ્સ અને ઓલિમ્પિકમાં સમાવિષ્ટ રમતોને માન્ય ગણવામાં આવશે અને તેની સિદ્ધિની યોગ્યતાના ધોરણો અંગે સરકારીશ્રી દ્વારા નિયુક્ત થયેલ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવશે.

## અરજીની પ્રક્રિયા

આ યોજનાનો લાભ લેવા માટે ઉપરોક્ત યોગ્યતા ધરાવતા ખેલાડીઓએ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા દૈનિક વર્તમાન પત્રમાં જાહેર નિવિદા પ્રસિધ્ધ થયે અરજી કરી શકશે.

## યોજના અંતર્ગત મળતી સહાય

ઓલિમ્પિક વર્ષ ૨૦૨૪ના સંભવિત ખેલાડીઓને વાર્ષિક રૂ. ૨૫ લાખની મહત્તમ મર્યાદામાં તથા અન્ય પ્રતિભાશાળી ખેલાડીઓને વાર્ષિક રૂ. ૫ લાખ અને યંગ ટેલેન્ટેડ ખેલાડીઓને રૂ. ૨.૫૦ લાખની મહત્તમ મર્યાદામાં જરૂરિયાત સહાય આપવામાં આવે છે. જેમાં ખેલાડીને વિદેશમાં સ્પર્ધા, ટ્રેનિંગમાં મોકલવાની જોગવાઈ પણ છે. તદ્દઉપરાંત દરેક ખેલાડીઓને રૂ. ૫ લાખના મેડીક્લેમ અને રૂ. ૫ લાખના અકસ્માત મૃત્યુ વીમાથી સુરક્ષિત કરવામાં આવે છે.

## અમલીકરણ કરતી કચેરી/ સંપર્ક અધિકારી


રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર
સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર

## અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા

વિવિધ ખેલ સ્પર્ધાઓના પ્રમાણપત્રો

શક્તિદૂત યોજનાની વધુ માહિતી તથા અરજી માટે સ્કેન કરો

'મારી યોજના' પોર્ટલ એ રાજ્ય સરકારની પ્રજાલક્ષી વિવિધ યોજનાઓની પ્રાથમિક માહિતી એક જ મંચ પર ઉપલબ્ધ કરાવતું યુઝર ફ્રેન્ડલી ડિજિટલ પ્લેટફોર્મ છે, જે માત્ર એક ક્લિકથી પૂરી પાડશે તમામ યોજનાઓની માહિતી.




**Published on Date : 1-4-2026**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2024-26 Valid upto 31/12/2026, LPWP No. WPP PMG/NG/061/2024-26 Valid upto 31/12/2026
• Licensed to Post without Prepayment At Post : Ahmedabad Unaccountable L1 on every 3 to 15 and 22 to 30 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Commissoner of Information on behalf of Commissonerate of Information, Block No-19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Government Photo Litho Press, Ahmedabad
• If undeliverd pl. return to, Information Department, Sector no. 10, Gandhinagar Respectively.

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦